શ્રી ગણેશાય નમ:

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમ:

*आ नो भद्रा: क्रत्वो यन्तु विश्वत:*

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

જુલાઈ, ૨૦૨૪

## મા–માતૃભાષા વિશેષાંક

બા

माँ

MUMMA



अम्मी

AMMA

आई

For private circulation

‘નાગર મંજૂષા’ પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરી છે. એના ભાગરૂપે સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી વારિણી ત્રિવેદીનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર
# નાગર મંજૂષા
જુલાઈ, ૨૦૨૪ મા-માતૃભાષા વિશેષાંક

આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ
(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | નેહા યાજ્ઞિક | ૦૨ |
| ''ઓળખ અસ્તિત્વનીઃ મા, માતૃભાષા'' | કર્દમ યાજ્ઞિક | ૦૩ |
| સંસ્કૃતિ સાથે સંકળાયેલી માતૃભાષા | ચિરંતન પટ્ટણી | ૦૫ |
| મા,માતૃભાષા અને મોકળાશ | ઋતંભરા છાયા | ૦૭ |
| ''જીવનનાં મૂલ્યો'' | અમી યાજ્ઞિક | ૦૯ |
| અમૃતા- મા અને માતૃભાષા | -શીતલ દેસાઈ | ૧૦ |
| માતૃભાષા : વ્યક્તિના અસ્તિત્વની ઓળખ | ભાર્ગવી જોષીપુરા | ૧૩ |
| મા-બાળકના પ્રેમસંબંધોની અભિવ્યક્તિ એ માતૃભાષા | દિનેશ ધોળકિયા | ૧૪ |
| માતૃભાષાનું નામ ઉજાળવાની તાલીમ આપી મા એ | લીના વછરાજાની | ૧૬ |
| તમારી ભાષા તમારા અસ્તિત્વની ઓળખ છે | હેમાલી સ્વાદિયા ''હેમ'' | ૧૮ |
| ગોદ છે માની, શય્યા મારી, માતૃભાષા છે હાલરડું | ડો. મંજરી મંકોડી | ૧૯ |
| મનના હાશકારાની પરિભાષા....માતૃભાષા | પ્રણતિ આચાર્ય | ૨૩ |
| સંસ્કારની ભાગીરથી મા | ગ્રીષ્મા માંકડ | ૨૫ |
| ''મા'' તુજ ભાષા.. માતૃભાષા | પ્રણામિ બુચ દેસાઈ | ૨૬ |
| માતૃદેવો ભવ। માતૃભાષા દેવો ભવ।। | નયના બુચ | ૨૯ |
| માતૃજુબાન નથી જાણતો તેની જુબાન પર ભરોસો કરે કોણ? | દીપ્તિ વછરાજાની 'શિવા' | ૩૨ |
| 'આખો સાગર નાનો લાગે, જ્યારે 'મ'ને કાનો લાગે' | મુકેશ દેસાઈ | ૩૪ |
| મારી માતાનું અમૃત છે મારી માતૃભાષા | વિશાખા પોટા | ૩૬ |
| શબ્દોની સાંકળ | દીના વછરાજાની | ૩૮ |
| નાસ્તિ માતૃસમા છાયા, નાસ્તિ માતૃસમા ગતિઃ। | અલ્પા શુક્લ | ૪૨ |
| 'મા', માતૃભાષા | દેવાંશી હોરા | ૪૪ |
| મા તો ફક્ત બાળકના સુખની આશ | દીક્ષિતા પંડ્યા | ૪૭ |
| ચોખ્ખું ગુજરાતી બોલવું - એ નાગરની ઓળખ | જીવિકા બુચ | ૪૯ |
| બાળકની સંસ્કૃતિની પારાશીશી - માતૃભાષા | કૃતિકા ત્રિવેદી | ૫૦ |
| માતૃભાષા : આપણો વારસો અને ગૌરવ | નમ્રતા સ્વાદિયા | ૫૩ |
| તમારા વિચારો અને સપનાંની ભાષા - માતૃભાષા | નિમિષા મજમુંદાર | ૫૫ |
| ઈશ્વરીય અણમોલ સોગાત - મા અને માતૃભાષા | નિષ્ઠા વછરાજાની | ૫૮ |
| મા અને માતૃભાષા | પદ્મજા વસાવડા | ૬૪ |
| મા અને માતૃભાષા - એક આગવી ઓળખ | શિવાની કીકાણી | ૬૭ |
| ઓળખ અસ્તિત્વની - મા, માતૃભાષા | વંદના અવાશીઆ | ૬૯ |
| એક મા 'સો' શિક્ષકની ગરજ સારે છે | ઉર્વિ મહેતા | ૭૧ |

## તંત્રી સ્થાનેથી

(આમંત્રિત તંત્રી)

કેમ છો? આ વખતનો વિષય મા, માતૃભાષા એ એવો વિષય છે કે એ વિશે લખવું એટલે ગાગરમાં સાગર સમાવવા જેવી વાત છે અને અંગત અનુભૂતિનો વિષય છે. માતાના ગર્ભમાંથી બાળકનો મા અને માતૃભાષા જોડે સંબંધ બંધાય છે. મા એટલે નિઃસ્વાર્થ પ્રેમનું અવિરત ખળખળ વહેતું ઝરણું. મને ચોક્કસ ખાતરી છે કે ગુજરાતી કવિતા મીઠા મધુ ને મીઠા મેહુલા એ કવિ બોટાદકરની કવિતા દરેક ગુજરાતીને ખબર હશે જ. કંઈ કેટલાય અથવા તો લગભગ બધા જ કવિઓ અને લેખકોએ મા વિશે લખ્યું જ છે. આવો થોડીક પંક્તિઓ આપણે સાથે મળીને માણીએ.

મા તું વ્હાલી રે!
તારી સાથે દિવસ દશેરા રાત દિવાલી રે!
મબલક નીતરે ચાંદની, મા હું વીણું ચાંદરણાં,
તરસ નામનો દેશ ન જાણું,
મારે લખ લખ ઝરણાં,
તું છો તો - હું ભર્યોભાદર્યો
નહીંતર ખાલી રે, મા તું વ્હાલી રે!
**- સંદીપ ભાટિયા**

ચોર ખિસ્સામાં બધાંય આંસુઓ સંતાડી રાખે છે,
મા સતત પાંપણની પાછળ એક એવું પર્સ રાખે છે.
**- અનિલ ચાવડા**

મા જન્મ આપે છે અને માતૃભાષા ઓળખ. આજના સમયમાં ઘણાને પોતાની માતૃભાષા લખતાં, વાંચતાં કે બોલતાં આવડતી નથી. અથવા તો ભેળસેળિયું ગુજરાતી બોલે છે એનું કારણ છે માતાપિતાના વિચારો. કારણકે તેઓ એવું માને છે કે જો પોતાના સંતાનને કોઈ વિશ્વપ્રસિદ્ધિ અપાવી શકે છે તે એ છે અંગ્રેજી ભાષા. આ માન્યતાને લીધે આપણી યુવા પેઢી માતૃભાષા ગુજરાતીથી વિમુખ થતી જાય છે અને એની સામે જો કોઈ 'ગુજ્જુ' કહીને બોલાવે તો એનું લોહી પણ ઊકળતું નથી. આ વાત માતાપિતા સમજે તો સારું.

આપણી માતૃભાષા કેવી છે એ વિશે મિતા ગોર મેવાડા લખે છે:

નરસિંહ, કલાપી, મુનશી, મેઘાણી ને ત્રિપાઠી,
સૌએ કર્યું સંવર્ધન એ માતૃભાષા મારી.

આવો આપણે સહુ સાથે મળીને અસ્તિત્વની ઓળખ આપનાર મા અને માતૃભાષાનાં અછોવાનાં કરીએ. સમાપન કવિ શ્રી શોભિત દેસાઈની આ પંક્તિઓ દ્વારા-

ત્વચા કપાય તો લોહી અપાર નીકળે છે,
ને બુંદ બુંદથી માનું ઉધાર નીકળે છે;
ભલે ને સાત જનમની મૂડી લગાવી દઉં,
છતાંયે માવડી તો લેણદાર નીકળે છે.

તો ફરી આવા અનોખા વિષય સાથે મળીએ ત્યાં સુધી હસતાં રહો, લખતાં રહો, સૌને ગમતાં રહો.

**- નેહા યાજ્ઞિક**

# “ઓળખ અસ્તિત્વની: મા, માતૃભાષા”



કર્દમ યાજ્ઞિક

ટીમ નાગર મંજુષા તરફથી ઉપરનો વિષય એવું કહીને જ આપ્યો છે કે આ વિષય પર લેખ લખવો એ અઘરું કામ છે. વાત સાચી છે કારણકે “ઓળખ અસ્તિત્વની”, “મા” અને “માતૃભાષા” એ સ્વતંત્ર રીતે અલગ અલગ લખી શકાય તેવા વિષયો છે, પણ ત્રણેને સાથે એક લેખ તરીકે ન્યાય આપવો એ ખરેખર અઘરું કામ છે.

એમ કહેવાય છે કે ચોર્યાસી લાખ યોનિમાંથી પસાર થયા પછી આપણને આ મહામોલો દેહ મળે છે અને તેથી જ તેનું મહત્ત્વ વધી જાય છે. જોવાની ખૂબી એ છે આપણી ઇચ્છા પ્રમાણે કુળ મળતું નથી, પણ આપણાં પૂર્વજન્મનાં કર્મ પ્રમાણે જન્મ મળે છે. માના ગર્ભમાં બીજારોપણ થાય ત્યારથી આપણા અસ્તિત્વનો પ્રારંભ થાય છે. ઈશ્વરની ખૂબી જુઓ કે આપણું શરીર સંપૂર્ણ આકાર પામે ત્યાં સુધી એટલે કે નવ મહિના આપણું પાલનપોષણ માતાના ગર્ભમાં થાય છે. માતા આ અવસ્થા દરમિયાન જે કંઈ વ્યવહાર કરે તેની સીધી અસર બાળકના સંસ્કાર-સિંચન પર થાય છે. ગર્ભ અવસ્થા દરમિયાન માતા અને બાળકની એકસૂત્રતાનો આરંભ થાય છે. મા પ્રસવપીડા સહન કરીને આપણને આ જગતમાં લાવે છે. વાત અહીં પૂરી નથી થતી, પણ બાળક સમજણું થાય ત્યાં સુધી તેના ઉછેરની જવાબદારી પણ ઈશ્વરે માતાને સોંપી છે. બાળક ગમે એટલું મોટું થાય, પણ માતા અને બાળકની એકસૂત્રતા જળવાઈ રહે છે. જિંદગીની શરૂઆતમાં માતાનો બાળક સાથે માતાની ભાષામાં જે સંવાદ થાય તે જ માતૃભાષા. માતૃભાષાનું મહત્ત્વ ઘણું છે



કારણકે તેનાથી એકબીજા સાથે ખૂબ સુંદર રીતે સાચી સમજણ સાથે સંવાદ થઈ શકે.

પહેલાં માતા બાળકો અને ઘર સંભાળે અને પિતા કુટુંબના ભરણપોષણ માટે નોકરી-ધંધો સંભાળે, પણ આજે પરિસ્થિતિઓ જુદી છે. ફક્ત ભરણપોષણ જ નહીં, પણ આજની મુશ્કેલ પરિસ્થિતિઓને કારણે હવે માતાઓ પણ નોકરી કે વ્યવસાય કરે છે જેની અસર બાળકના વ્યવહાર અને સંસ્કાર પર પડે છે. ઉપરાંત હવે અંગ્રેજી શિક્ષણના પ્રભુત્વને કારણે માતૃભાષા પર સારી એવી અસર પડી છે. હવે બાળકો માતૃભાષા બોલી શકે, પણ લખતાં-વાંચતાં ના આવડે. ભવિષ્યની પેઢી કદાચ માતૃભાષા બોલી પણ નહીં શકે. આ એક મોટી વિટંબણા છે. આ માટે માતાપિતાએ તથા આજના શિક્ષણ માટે ખૂબ વિચારી પગલાં લેવાં પડશે. અંગ્રેજી ભાષા જરૂરી છે, પણ માતૃભાષાનું મહત્ત્વ ભુલાવું ના જોઈએ. મારા મતે શાળાના અભ્યાસ સુધી માતૃભાષા ફરજિયાત હોવી જોઈએ જેથી બાળક તે બોલી, વાંચી અને લખી શકે.

આશા રાખું છું કે દરેક માતાપિતા તથા શિક્ષણવિદો આ મુદ્દાને ગંભીરતાપૂર્વક વિચારી યોગ્ય પગલાં લે જેથી માતૃભાષાને યોગ્ય સ્તરે લઈ જવાય.

**– કર્દમ યાજ્ઞિક**

# સંસ્કૃતિ સાથે સંકળાયેલી માતૃભાષા



ચિરંતન પટ્ટણી

''મા'' શબ્દની વ્યાખ્યા કરવી સહેલી નથી કારણ ''મા'' શબ્દ માત્ર શબ્દ જ નહિ, પરંતુ સમગ્ર જગત અર્થાત્ બ્રહ્માંડને આવરી લે છે. આ વ્યાખ્યાનો વિસ્તાર કરતાં ''મા'' એટલે આધ્યાત્મિક શક્તિ સ્વરૂપ દેવી, આપણને જન્મ આપનાર જનેતા અને આપણો જન્મ થયો હોય એ પવિત્ર માતૃભૂમિ આ ત્રણેનો સમાવેશ કરી લે છે. ''મા''ના ગર્ભમાંથી જ શિશુની પાઠશાળા શરૂ થઈ જાય છે અને સૌ પ્રથમ એ શીખે છે માતૃભાષાના શબ્દોની ઓળખ કે પરખ. ''મા''ના ગર્ભમાં જ થતું બાળકનું ઘડતર એની માતૃભાષાના શબ્દોથી એવી રીતે વણાયેલું હોય છે જાણે દૂધમાં સાકર. મા, માતૃભાષા અને માતૃભૂમિ આ પૃથ્વીના વાતારવરણમાં પોતાની એક વિશિષ્ટ ઓળખ અને અસ્તિત્વ ધરાવે છે.

સૌ પ્રથમ તો આપણે આ સ્થૂળ જગતમાં ''મા'' એટલે શું એ વિચાર કરીએ. પક્ષી, પશુ, કીટક અને મનુષ્ય આ તમામ યોનીઓમાં ''મા'' એટલે શિશુને પોતાના ગર્ભમાં સ્થાન આપી, અકલ્પ્ય પીડા સહન કરનાર, પોષનાર, ઉત્તમ સંસ્કારોનું સિંચન કરનાર, અનેકો ભાવિ સ્વપ્નો જોનાર અને જન્મ દેનાર માતા. પોતાના જીવની દરકાર ન કરતી ''મા'' પોતાના આવનારા શિશુ માટે જે વેદનામાંથી પસાર થાય છે એ ખરેખર અવર્ણીય જ છે એ તો માત્ર અને માત્ર આ ''મા'' જ જાણી શકે અને અનુભવી શકે.

શિશુને જન્મ આપ્યા બાદ એનું પોષણ કરી, લાડ, નિઃસ્વાર્થ પ્રેમ અને હૂંફ આપી આ ''મા'' પોતાની ઓળખ અને અસ્તિત્વનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. ''મા'' એટલે જાણે એક પુણ્યતીર્થ છે. બાળકને એવી રીતે ઉછેરે છે કે જો બાળકને ઈજા થાય તો એની વેદના ''મા''ને થાય. બાળક હસે અને રમે ત્યારે તેણી મલકાય અને માંદું પડે ત્યારે દાક્તર આવવા પહેલા પોતાની કુદરતી અગમચેતીથી તમામ ઘરગથ્થુ ઉપાયો કરી લે એ માતા.

આપણે બધા જ જાણીએ છીએ કે ''મા'' અને ''માતૃભાષા'' એકમેકથી વણાયેલા છે. જન્મ પછી મા આમ તો બાળકની મૂક ભાષા એના વર્તણૂકથી જાણી જાય છે, કારણ નવ નવ મહિના જે બાળકરૂપી રત્નનું પોષણ અને જતન ગર્ભમાં કર્યું હોય છે એને પોતાના આચાર, વિચાર અને વ્યવહારનું આદાનપ્રદાન કરતાં સુષુપ્ત આંદોલનોથી મા અને બાળક બંને વચ્ચે એક મૂક ભાષાની આપલે થાય છે જે કદાચ અન્ય કોઈ પારખી જ ન શકે. ગર્ભમાંથી માતા દ્વારા બોલાતી માતૃભાષાના પડઘા સાંભળતું બાળક જન્મ પછી એ શબ્દોના અર્થને સહેલાઈથી સમજી શકે છે. મા બાળકની કાલી-ઘેલી ભાષા, વર્તણૂક અને ઈશારા તરત જ પામી જાય છે. આ એટલું સહજ

છે જેટલું માનું ધાવણ બાળકને એના જન્મ પછી કુદરતી રીતે ઊતરે છે. ઈશ્વરની સૃષ્ટિ અને કુદરતની કરણીનો આ એક અમૂલ્ય વારસો અને ભેટ માતાને મળ્યાં છે. વિશ્વની દરેક માતૃભાષા પોતાની સંસ્કૃતિ સાથે સંકળાયેલી હોય છે એટલે જ તો વિશ્વની માતૃભાષા માટે ૨૧ ફેબ્રુઆરી માતૃભાષા દિવસ તરીકે વિશ્વમાં ઊજવાય છે.

દુનિયાંની કોઈ પણ ભાષા કેમ ન હોય, પરંતુ છેવટે તો એ સંવાદનું જ માધ્યમ છે. એક માતા પોતાના મગજમાં ઉભરતા વિચારો, હૃદયની લાગણી અને ઊર્મિઓ તેમ જ ભાવનાની અભિવ્યક્તિ નીજ ભાષાના માધ્યમથી કરે છે એટલે જ એ પોતાની માતૃભાષામાં આ કાર્ય અતિ સ્પષ્ટ અને સરળતાથી કરી શકે છે.

માતૃભાષાનો મોટો કોશમાં અર્થ જુઓ તો એક દૂધભાષા એવો શાબ્દિક અર્થ પણ નીકળે છે એ જ દર્શાવે છે કે માતૃભાષા એટલે જાણે કે ''મા''ના ધાવણથી પ્રાપ્ત થયેલી ભાષા. એમ કહેવું કદાચ જરા પણ ખોટું નથી કે માતૃભાષા એટલે બાળકને માતા તરફથી મળેલી ભાષા.

શિશુના જન્મ પહેલા અને પછી કુટુંબમાં જે મુખ્ય કે પ્રમુખ ભાષા બોલાતી હોય એ જ એની માતૃભાષા. આનું કારણ અતિ સહજ છે કે શિશુ જે ભાષામાં હસે, રુદન કરે, શ્રવણ કરે એ આંદોલનો એના નાજુક મગજમાં સચવાઈ જાય છે. વળી જે ભાષાનો શબ્દ શિશુએ પહેલી જ વાર સાંભળ્યો હોય એ જ ભાષાનું એ અનુકરણ કરે છે. તમામ શિશુઓ એક રીતે જોવા જાઓ તો જાણે અરીસા સમાન છે. એ જે જુએ છે, સાંભળે છે, એવું જ અનુકરણ કરે છે અને કાલું-ઘેલું બોલવાનો પ્રયત્ન પણ કરે છે. સમય જતાં આ શિશુ એના મગજમાં એ જ માતૃભાષાના શબ્દસમૂહને એકત્રિત અથવા સમૃદ્ધ કરતાં કરતાં પોતાની માતૃભાષાને ઓળખી અને એના પર સ્વયંનું પ્રભુત્વ પકડી લે છે. સંક્ષિપ્તમાં આ શિશુ જે ભાષામાં પોતાની લાગણીને પ્રગટ કરે છે અને એ પ્રમાણે વિચારે છે તેમ જ અનુભવે છે એ ભાષા જ એની માતૃભાષા થાય છે . . . ખરું ને . ! .



મારી કૅનેડાસ્થિત પુત્રી
ખ્યાતિ નંદીશ વસાવડા
અને તેનો પુત્ર વિહાન

હવે વાત કરીએ આ જ શિશુ કે બાળક જેમાં એની ''મા'' સ્વયંના સંસ્કારોનું હળવે હળવે સિંચન કરતી જાય છે, એને કયા નામથી સંબોધે છે. દા. ત. પિતાને તેમ જ ઘરના વડીલો અને ભાઈ બહેનોને જે નામથી સંબોધે છે એ જ રીતે વાણી-વર્તનથી શિશુ કે બાળકને પ્રભાવિત કરે છે. એ જ સંસ્કારોનો આ શિશુ કે બાળક પોતાની ઓરામાં સમાવેશ કરી લે છે.

કોઈપણ બાળકનું મસ્તિષ્ક એની સ્મરણશક્તિ માટે સંપૂર્ણ સજ્જ  હોય છે એટલે માતાપિતા અને ઘરના તમામ સભ્યોની વાતચીત, ઈશારા અને વર્તણૂક એ ત્વરિત ગ્રહણ કરી લે છે. સામાન્ય રીતે બાળક એની ''મા'' પાસે વધુ સમય ફાળવે છે એટલે તેણીની ઓરાનાં સ્પંદનો એને સ્પર્શતાં જ હોય છે એટલે જ બાળક ભૂખ્યું થયું કે કેમ એ ''મા''ને જલદી ખબર પડી જાય છે અથવા તો બાળકની મુખાકૃતિ અને વર્તણૂકથી માતા એ જાણી જાય છે. માતાના મુખથી નીકળેલા માતૃભાષાના શબ્દે શબ્દનો અર્થ શરૂઆતમાં બાળક સમજે કે ન સમજે પણ એ શું કહેવા માગે છે કે માતાનો ઈશારો શું છે એ બાળક તરત જ જાણી અને એનું પાલન પણ કરે છે.

એટલે જ ''મા'' માત્ર શિશુ કે બાળકને જન્મ જ નથી દેતી, પરંતુ સાથે પોતાની માતૃભાષાની પણ ભેટ અર્પણ કરે છે જે એની ઓળખ અને અસ્તિત્વ ટકાવી રાખે છે.

**- ચિરંતન પટ્ટણી**

# મા,માતૃભાષા અને મોકળાશ



**ઋતંભરા છાયા**

એક બાળકને માતા નવ મહિના ગર્ભમાં સુરક્ષિત રાખી, પ્રસવપીડા વેઠીને જન્મ આપી બાળકને અસ્તિત્વ આપે છે. સમય જતાં મા જ શબ્દ દ્વારા ભાષાની સમજણ આપે છે. એ જ ભાષા બાળક માટે માતૃભાષા બને છે. માતૃભાષામાં તે જ્યારે બોલતાં અને સમજતાં શીખે ત્યારે તે એના અસ્તિત્વની ઓળખ બની જાય છે. આ સંદર્ભમાં એવું કહી શકાય કે મા અને માતૃભાષા બંને સાથે આપણે શારીરિક અને માનસિક રીતે લાગણીના સેતુથી સંકળાયેલાં છીએ. માતાએ જે સાંભળ્યું છે, જે જોયું છે, તે જ તેના ગર્ભમાં રહેલ બાળકમાં ઊતરે છે અને તેથી જ માતા અને માતૃભાષા બંને અસ્તિત્વની ઓળખ બની ગયાં છે. બાળકનાં સુખ, દુઃખ, આનંદ, મૂંઝવણ બધું જ એક મા, એક જ નજરમાં પારખી જાય છે. તો બાળક પણ સહજતાથી સમજો કે મોકળાશથી પોતાની માતૃભાષામાં સંવાદ કરી શકે છે.

માતૃભાષા અને મોકળાશ એકબીજાના પર્યાય બની ગયા છે. આપણે ગુજરાતી છીએ તો આપણી માતૃભાષા ગુજરાતી છે. દરેક પ્રાંતની માતૃભાષા અલગ છે અને તે બધા જ પોતાની માતૃભાષાને જ વળગી રહે છે. શબ્દો સાથેનો પ્રેમ અગત્યનો છે. આપણને ગુજરાતી સારું આવડે તેનું આપણે ગૌરવ લેવું જોઈએ. ગુજરાતી શબ્દોનો સ્વાદ ભુલાઈ ન જાય તેની તકેદારી આપણે રાખવાની છે. કોઈકે સાચું જ કહ્યું છે કે મા, માતૃભાષા અને માતૃભૂમિનો કોઈ જ વિકલ્પ નથી. આપણી માતૃભાષા, એ નિખાલસ, સહજ, બળૂકી, પારિવારિક ભાષા છે. એના વગર જીવન આથમે અને તેથી જ જનમથી મરણ સુધી આપણી સાથે એક માની જેમ જીવે છે આપણી માતૃભાષા.

કવિ નર્મદે સરસ કહ્યું – એ વિચારે ફૂલે ગજ ગજ મારી છાતી હું




અને મારી ભાષા બંને ગુજરાતી. આજના ટેક્નનૉલૉજીના યુગમાં, ઝડપી વિકાસના યુગમાં યુવા પેઢીના માતાપિતા પોતાનાં બાળકને, ગુજરાતી માતૃભાષાને બદલે અંગ્રેજીમાં ભણાવવાની જીદ રાખીને બેસે છે, પણ આપણે વિચારોના માધ્યમની મજા લેવાની છે. આપણી દૃષ્ટિ, આવડત, કલ્પનાશક્તિ જેટલાં માતૃભાષામાં મોકળાશથી ખીલે છે તે ગુજરાતી સિવાયની ભાષામાં ખીલી શકતાં નથી. કંઈક ખૂટે છે, ખટકે છે એવું લાગે છે. નગીનદાસ સંઘવીએ સરસ કહ્યું છે – બાળકને માતૃભાષા સિવાય બીજી ભાષામાં ભણાવવું એટલે મરતી માને ધાવવા બરાબર છે. બાળક અંગ્રેજી કે બીજી ભાષામાં ભણીને જીવનની પ્રસન્નતા ગુમાવી દેશે. એક નાના બાળકને એની મમ્મીથી છૂટું પાડવું તે અપરાધ છે તો માતૃભાષાથી એને વિખૂટો પાડવો એ તો કનિષ્ટતમ અપરાધ કહેવાય.

એક બીજા દૃષ્ટિકોણથી વિચારીએ તો આપણી ગુજરાતી ભાષા ખૂબ સમૃદ્ધ ભાષા છે. તે વિશાળહૃદયી ભાષા છે. તે બીજી ભાષાઓને સમાવી શકે છે. માતૃભાષાથી આપણે સંસ્કૃતિ સાથે જોડાયેલા રહીએ છીએ. એનાં મૂળિયાં ઉડાડવાથી વિકાસ રૂંધાઈ જાય છે, પરંતુ મૂળિયાં મજબૂત રાખીને આપણે આગળ વધવાનું છે, આપણે પહેલાં બા બોલતાં શીખ્યાં. મમ્મી અને પછી પપ્પા તો માધ્યમિક શાળામાં પહોંચ્યા પછી શીખ્યાં છીએ અને છતાં એ શબ્દો પણ સ્વીકાર્યા છે. માતૃભાષા મરી પરવારશે એવું વિચારવાની જરૂર નથી. આપણે સમય સાથે ચાલવું છે. માતૃભાષાને પ્રવાહી રાખવા બીજી બોલીને માતૃભાષામાં સમાવી લીધી છે. આપણી રોજની જિંદગીમાં અમુક અંગ્રેજી શબ્દો સરળતાથી વાપરીએ છીએ. જેવા કે. . સ્ટેશન, ટ્રાફિક સિગ્નલ, પિત્ઝા વગેરે. આપણી માતૃભાષા સમય સાથે ચાલે છે. આજથી પચાસ વર્ષ પહેલાંની ગુજરાતી અલગ હતી,અત્યારે બોલાય છે તે અલગ અને હવે પછીનાં વર્ષોમાં પણ અલગ રીતે પણ બોલાશે તો ગુજરાતી જ. કારણ એટલું જ, જ્યાં વસે છે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાતી ભાષા. હા.. હવે જમાના પ્રમાણે આપણી માતૃભાષા થોડું ગુજુ ઈંગ્લિશ બની ગઈ છે, પણ હાર્દ સચવાઈ રહ્યો છે. આપણાં બાળકો અંગ્રેજી માધ્યમમાં ભલે ભણે, પણ આપણી ફરજ બને છે કે આપણે એમને શુદ્ધ ગુજરાતી વાંચતાં અને લખતાં શીખવી માતૃભાષાનું મહત્ત્વ જાળવી રાખીએ. કોઈકે સરસ કહ્યું છે, – વદનથી ભલે ને વિદેશવાણી વદાય પણ. . હૃદયના ભાવ તો માતૃભાષામાં જ સોહાય.

અસ્તુ.

**– ઋત્તંભરા છાયા**

# "જીવનનાં મૂલ્યો"



અમી યાજ્ઞિક

ઉનાળાની રજાઓમાં અગાશીમાં જ્યારે સૂઈએ ત્યારે વડીલો અમારા બાળપણની વાતો કરતા. જ્યારે સમજણા થયા ત્યારે ખ્યાલ આવ્યો કે મા એ બાળકના જીવનનું કેન્દ્રબિંદુ હોય છે. બાળકની કાલીઘેલી વાતો ફક્ત એક મા જ સમજી શકે. તમે કોઈ દિવસ બાળકને મા સાથે વાત કરતાં જોયું છે? ખૂબ મઝા આવે. બાળક જ્યારે પહેલી વખત ચકલીને જોઈ અને તેનો ચીં ચીં અવાજ સાંભળી તે મા પાસે આવી તેને કાલીઘેલી ભાષામાં સમજાવે અને ચીં ચીં અવાજ કાઢી વર્ણન કરે તે ફક્ત મા જ સમજી શકે, જ્યારે આજુબાજુના માણસોને નવાઈ સાથે ખૂબ હસવું આવે. આ રીતે માતા સાથે સંવાદની શરૂઆત તે તેની માતૃભાષા.

ધીમે ધીમે બાળક શબ્દો બોલતાં શીખે છે અને પછી આડાઅવળા શબ્દો ગોઠવીને બોલતાં શીખી જાય છે. બસ આજ ઉંમર છે કે તે ખૂબ વહાલું લાગે છે અને પછી વ્યવસ્થિત બોલતાં શીખી જાય છે. પછી શાળામાં પ્રવેશ મેળવી ઘણુંબધું શીખે છે. હવે તો સમય પ્રમાણે અંગ્રેજી માધ્યમ જ શિખવાડે છે, પણ ખરી રીતે તો બાળકના માનસિક વિકાસ માટે તેને તેની માતૃભાષામાં જ શિખવાડવું જોઈએ. બાળકને ભણતર અને ગણતર શાળામાં જ થાય છે. ધીમે ધીમે તે પોતાની આગવી ઓળખ ઊભી કરતો થાય છે.

શિક્ષણ પૂરું થયા પછી તે નોકરી-ધંધે લાગે છે. ખરેખર તો ત્યારે એ બીજી વ્યક્તિઓને ઓળખતો થાય છે અને બીજાં એને ઓળખે છે. પોતાની આગવી લાક્ષણિકતાથી ઓળખ ઊભી કરે છે તેથી જ સમાજમાં ગમતો અથવા અણગમતો થાય છે. પોતપોતાના અનુભવથી તેની આગવી ઓળખ ઊભી થાય છે.

આ રીતે વ્યક્તિ, માતૃભાષા અને પોતાની ઓળખ સાથે સંકળાયેલો રહે છે. આ ત્રણે ગુણો જીવનમાં મહત્ત્વના બની રહે છે. આ જ તેના જીવનનું ઘડતર કરે છે.

**– અમી યાજ્ઞિક**



# અમૃતા- મા અને માતૃભાષા



-શીતલ દેસાઈ

બાળ સૂર્યનાં રાતુંડા કિરણો ધીમેથી અવનિ પર ફેલાઈને વાતાવરણને રક્તિમ ઉજાસ આપી રહ્યાં છે. ત્યાં એક ગૃહના ઉંબરે મધ્યવયી, ભાલે કોરા કંકુના ચાંદલાથી શોભતી ગરિમાપૂર્ણ મહિલા કંકુ-ચોખા ચડાવી સાથિયો કરીને ઉંબરપૂજા કરે છે. ત્યાર પછી સૂર્યપૂજા અને ઉંબર પર બેસીને મીઠી હલક સાથે આદિત્યનું સ્તોત્ર ગાય છેઃ

'નમું આજ આદિત્યને હાથ જોડી, પ્રભુ કર્મનાં બંધનો નાંખ તોડી.'

જીવંત દેવ સૂર્યની સ્તુતિ સાથે જેની સવાર પડતી હોય એ પરિવારનાં સંતાનો તેજસ્વી ન થાય તો જ નવાઈ.

માતા પાસેથી કેટલાય સ્તોત્ર, ગીતો અને આખ્યાનો સાંભળ્યાં અને જાણે-અજાણે માતૃભાષાની ખૂબી સમજાતી ગઈ. નરસિંહનાં ભજનો જેમાં 'જે ગમે જગત ગુરુ દેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો' કે 'ધ્યાન ધર હરિ તણું અલ્પ મતિ આળસુ, જે થકી જન્મનાં દુખ જાયે.' એ મારા માતા-પિતાની સવારની પ્રાર્થનાનો હિસ્સો. નરસિંહ એટલે જ હંમેશ પોતીકો લાગ્યો છે. મા માત્ર જ્ઞાનનાં જ ભજન ગાય એમ નહીં, તેમણે ગાયેલ દાદીનું પ્રિય 'હું તો વારી રે ગિરધારીલાલ, તમારા લટકાએ' અને 'મહિડા મથવાને ઊઠ્યા જશોદા રાણી, વિસામો દેવાને ઊઠ્યા સારંગપાણિ' સાંભળીને એક અજબ ભાવ-વિશ્વની સૃષ્ટિ ખડી થતી.

પિતાજીને સાંભળી સાંભળીને બોલતાં શીખી તે ઉંમરે તરત સંસ્કૃતમાં શિવ મહિમ્નનો પાઠ આવડી ગયો, પણ તે ઉંમરે પણ અર્થ ન સમજાય તેમ ન બનતું કારણ મા તો ગુજરાતીમાં કડકડાટ મહિમ્ન ગાતા ને!

મને તેમની સાયં પ્રાર્થનાનાં બે ભજનો બરાબર યાદ છે.

બાળ કૃષ્ણનો જન્મ થતાં શિવજી તેમનાં દર્શન કરવા પધારે છે.

'હાથ ચક્ર ત્રિશૂળ બિરાજે,



અહાલેક જગાઉ તેરી નગરી મેં, શ્રીકૃષ્ણ કે દરશન કારણે આયે સદાશિવ ગોકુલ મેં' પણ માતા યશોદા કહે છે કે મારો નાનકડો બાળ તમારા વેશ જોઈ ડરી જશે. માટે હું તેને તમારી પાસે નહીં લઈ આવું. બંને વચ્ચે મીઠી ચર્ચા ચાલે છે. માંડ શિવજી સમજાવે છે કે

'ઘેલી જશોદા ઘેલું શું બોલે, એ બાળક નહીં ડરને કા, તીન લોક કૂ યહી ડરાવે દાતા હૈ તીન લોકો કા'

માતા યશોદા સંમત થાય છે. બાળકને બહાર લઈ આવે છે, પણ પોતાનાં હાથમાં જ રાખે છે અને શિવ કૃષ્ણનાં દરશન કરે છે. કૃષ્ણ પણ શિવજીને ઓળખી, સ્મિત કરીને તેમનાં તરફ મસ્તક ઝુકાવે છે.

આ જ રીતે ભોળાનાથ અને ભીલડીનાં પ્રસંગને અનુલક્ષીને લખાયેલ મઝાનું ભાવ ગીત પણ મા પાસેથી સંભાળ્યું છે.

'શંકર વસે રે કૈલાસમાં, ભોળો ભિક્ષાનો ભોગી કહાવે રે, નિર્ગુણ જોગી રે, સદાય રહે રે આનંદમાં.'

વનમાં તપ કરવા ગયેલ શિવજીનાં પાછા આવવાની વાટ જોઈને થાકેલ મા પાર્વતી વનની વાટ પકડે છે અને મહાદેવજી તપ કરતા હતા ત્યાં ભીલડીનાં વેશે જઈ પહોંચે છે. હવે આ મહાદેવ ભીલડીમાં મોહિત થાય છે અને તેમની સાથે લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. ભીલડી તો પાર્વતી અને ગંગા ઉપરાંત મારી શું જરૂર કહી હસીને અસ્વીકાર કરે છે. શિવજી તેને ફરી મનાવે છે. આખરે મા પાર્વતી અસલી રૂપ ધારણ કરે છે. ત્યારે ગૌરીનાથ લાજે છે અને માફી માગે છે. પ્રારંભમાં જ 'સર્વ દેવના દેવતા' અને 'ચૌદ લોકના ઈશ' મહાદેવની સ્તુતિ કર્યા પછીનું આ આખું રૂપક કામનાની પ્રબળતા દર્શાવવા માટે અને મનુષ્યને લાલ બત્તી ધરવા માટે જાણે ખડું થયું છે. બાકી જેણે કામને માર્યો એ શિવ મોહ પામે એ વાત ગળે ઊતરે તેવી નથી.

ઘોડિયું છૂટ્યું તોય જાણે બીજા સ્વરૂપે વળગ્યું. મા છોકરાઓને બપોરે સુવડાવવા માટે અમને હીંચકે સુવડાવે અને બાળગીતો લલકારે.

'તને ચકલી બોલાવે, તને કાગડો બોલાવે, તને બોલાવે કૂતરું કાળું,

એ તો વાંકી પૂંછડી વાળું.'

એમાં પાછું ધોળું કે કાબરચીતરું ભાઈનું અને મારું એમ પણ ગવાય.

કદાચ એટલે જ મારે ત્યાં આજે પણ શેરીનાં કૂતરાઓ આંગણમાં તો સૂતાં જ હોય છે, પણ એક-બે તો હક્ક કરીને ઘરમાં આવીને સૂઈ જાય છે. હું તેને ઘણી વાર ભગાડવા ઇચ્છું, પણ બહાર કાઢી શકતી જ નથી. ચકલી ગમે ત્યાં માળો બાંધે, ઉડાડી શકાતી જ નથી. એ

બધાં મારા સાથીદારો છે અને મારી માએ પસંદ કરેલા સાથીદારો છે.

મા પાસેથી મળેલી માતૃભાષાની સૌથી મોટી પ્રસાદી હોય તો તે ધ્રુવ-આખ્યાન છે. એક બાજુ હું અને બીજી બાજુ મારાથી ચારેક વર્ષ મોટા ભાઈ બેસીએ અને મા ધ્રુવની કથા સંભળાવે. તેની ધ્રુવ-પંક્તિ 'જે જે વૈકુંઠરાય'નો ધ્વનિ જાણે હજી કાનમાં ગુંજે છે. ઉત્તાનપાદ રાજાની માનીતી રાણી સુરુચિ અને અણમાનીતિ સુનીતિ અને તેમના ખોળામાં બેઠેલ પુત્ર ઉત્તમનું ચિત્ર નજર સામે તરવરે છે. રાજાના ખોળામાં બેસવા માગતા બાળક ધ્રુવને જ્યારે સુરુચિ અપમાનિત કરે છે, પોતાની કૂખે જન્મ લેજે અને પછી રાજાના ખોળામાં બેસજે એવું મહેણું મારે ત્યારે અંદરથી હલી જવાય અને નામ મુજબ ગુણ ધરાવતી મા સુનીતિ જ્યારે ધ્રુવને ઈશ્વરને રીઝવવા વનમાં મોકલે ત્યારે પણ હૈયું વલોવાઈ જાય. આ સાંભળીને કેટલાંય આંસુડાં સાર્યાં છે.



પાંચ વર્ષનો બાળક એક પગે ઊભો રહી તપ કરે, એવું તપ કરે કે ખુદ પ્રભુને પણ પ્રગટ થવું પડે! અને ત્યારે પણ આંસુ તો ખરાં, ભલે હર્ષનાં હોય.

ધ્રુવ એ અચલ ભક્તિનું પ્રતીક છે. એવી સમજણ તો પછી આવી, પણ નાનપણથી આ દઢનિશ્ચયી બાળક આપણા માટે આદર્શ રહ્યો છે.

જિંદગીના છ દાયકા વટાવ્યા પછી ઉંમરના આ પડાવ પર વેદાંતનો અભ્યાસ કરવામાં રસ પડી ગયો છે અને ધીમે ધીમે એ ગહન સ્તર સુધી પહોંચી રહ્યો છે ત્યારે લાગે છે કે આનું બીજ તો વર્ષો પહેલાં સાંભળેલ ભજનોમાં પડ્યું હતું. જ્ઞાનની વાતો સાંભળતાં જ નરસિંહનું...

'ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોય'

પૂરા બ્રહ્માણ્ડમાં પટંતરે એક ભાસતા પરબ્રહ્મની વાત પણ મા પાસેથી સાંભળી છે અને નરસિંહ હોય તો મીરાં કેમ રહી જાય?

'મુજ અબળાને મોટી મિરાત બાઈ,
શામળો ઘરેણું મારે સાચું રે. . . '

અને નારાયણનાં વિછુંવા-ઘૂઘરા પહેરતી મીરાં પુરુષોત્તમનાં નામની પેટી કરાવી, ત્રિકમ નામનું તાળું મારી, કરુણાનંદની કૂંચી કરાવી એમાં પોતાનું ઘરેણું મૂકવા ઇચ્છે છે! નિતાંત, નર્યું વેદાંત...

એક વ્યક્તિ તરીકે મારા જ નહીં, માનવજાતના અસ્તિત્વની સાચી ઓળખ તરફનાં પ્રયાણની દિશા મારી મા અને માતૃભાષા પાસેથી જ મને મળી છે.

**- શીતલ દેસાઇ**

# માતૃભાષા : વ્યક્તિના અસ્તિત્વની ઓળખ



**ભાર્ગવી જોષીપુરા**

ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું જેમાં મનુષ્ય, પ્રાણી, પક્ષી, વૃક્ષ વગેરેનો સમાવેશ થાય છે. આ બધામાં મનુષ્ય ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન છે કારણકે તેની પાસે બુદ્ધિ છે. તે બુદ્ધિથી વિચારીને વાણી અને વર્તનમાં અભિવ્યક્ત કરી શકે છે.

મનુષ્યને જન્મ લેવા માટે માતાની જરૂર પડે છે. આ એક કુદરતી પ્રક્રિયા છે કે માતા પોતાના દેહમાંથી બીજો મનુષ્ય દેહ બનાવી બાળકને જન્મ આપે છે. આમ એક વ્યક્તિનું અસ્તિત્વ માતા વગર સંભવ નથી.

માની જેમ બાળક જન્મ પહેલાંથી જ એક બીજી વસ્તુ સાથે જોડાયેલ હોય છે તે છે માતૃભાષા, માતૃભાષાનો શાબ્દિક અર્થ છે મા પાસેથી મળેલી ભાષા. બાળક જ્યારે ગર્ભમાં હોય છે ત્યારે તે જ ભાષા તે આજુબાજુના વાતાવરણમાંથી સાંભળે છે અને ગ્રહણ કરે છે. તેના હાલરડાંમાં પણ આજ ભાષા સાંભળવા મળે છે, આમ તેના અસ્તિત્વના વિકાસનો પાયો તેની માતૃભાષા જ હોય છે. તેની શ્રવણશક્તિ વિકાસ પામતાં તે જે સાંભળે છે તે પોતાની કાલીઘેલી ભાષામાં બોલવાનો પ્રયત્ન કરે છે. નાના શબ્દો અને વાક્યોમાં તે પોતાની વાત માને સમજાવે છે. આ રીતે માતૃભાષા ગ્રહણ કરવામાં અને તેની અભિવ્યક્તિ કરવાનું તેને માટે ખૂબ સહજ અને સરળ હોય છે. આ રીતે નાનપણથીજ પોતાની લાગણી અને ભાવોનું આદાનપ્રદાન માતૃભાષામાં જ કરવાનું શીખ્યો હોય છે. તેના વિચારોની અભિવ્યક્તિનું માધ્યમ તેની માતૃભાષા જ હોય છે.

બાળક મોટું થતાં અંગ્રેજી માધ્યમમાં ભણવા લાગે છે. અંગ્રેજી સાથે બીજી ભાષાઓનો પ્રભાવ તેની ઉપર પડે છે. આગળ ઉપર તે ગમે તેટલી સફળ વ્યક્તિ અને મહાન બને પણ પોતાના, ભાવ, વિચાર, લાગણી, અનુભવ વગેરેને તે માતૃભાષામાં જેટલી સચોટ રીતે રજૂ કરી શકે છે તે બીજી ભાષામાં શક્ય નથી. તેથી કહી શકાય કે વ્યક્તિના પૂરા અસ્તિત્વની ઓળખ તેની માતૃભાષા જ છે.

જેમ વ્યક્તિને જન્મ લેવા માટે માની જરૂર પડે છે તેમ તેના અસ્તિત્વની ઓળખનો પાયો તેની માતૃભાષા છે.

**– ભાર્ગવી જોષીપુરા**

# મા-બાળકના પ્રેમસંબંધોની અભિવ્યક્તિ એ માતૃભાષા



દિનેશ ધોળકિયા

બાળકના જન્મ વખતે કુટુંબીઓમાં હર્ષ અને બાળકનું રુદન એ અસ્તિત્વની ઓળખાણની પ્રથમ શરૂઆત છે. અગોચર વિશ્વમાંથી પૃથ્વી પર પ્રથમ પનોતા પગલા સાથે જ એનો પરિચય મળવાની શરૂઆત થઈ જાય. એનું અસ્તિત્વ ઘડાવાની શરૂઆત થઈ જાય. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ તેના અસ્તિત્વના પરિચયનો સંઘર્ષ વધતો જાય. એણે ભણવું પડે, સારી નોકરી અથવા ધંધો, લગ્ન, સમાજમાં સ્થાન, પોતાને બાળકો, પોતાનું એક આગવું નામ, સ્થાન આ બધામાં એણે પોતાના અસ્તિત્વની ઓળખાણ માટે યુદ્ધ કરવું પડે. ઘણી વાર તો મનુષ્ય આ યુદ્ધમાં નાસીપાસ થાય છે, હારી પણ જાય છે. ફિલોસોફર જ્યો પોલ સાર્ત્રએ નોંધ્યું છે કે ઘણી વાર EXITANCE IS A CURSE બની જતું હોય છે.

આ ઓળખ અસ્તિત્વની શરૂ થાય ત્યારથી બાળક નાભીનાળથી જો કોઈ સાથે જોડાયેલું હોય તો એ મા છે અને બીજે ક્રમે માતૃભાષા છે. જન્મે ત્યારે ભલે તેના નામ પાછળ બાપનું નામ લાગતું હોય, પણ એ ઓળખાય તો માના બાળક તરીકે. પુરાણોમાં પણ બાળકો માતાના નામથી ઓળખાતા. કુંતિ પુત્ર ભીમ કે ગાંધારી પુત્ર દુર્યોધન વગરે દૃષ્ટાંતો જાણીતાં છે. ઓળખાણ તો બાજુ પર રાખીએ, પણ પ્રથમ અસ્તિત્વ મા સાથે જોડાયેલું છે. બાળક અવતર્યા પછી પહેલું પડખું માનું હોય છે. નસીબદાર બાળક એ ગણાય જે જન્મના થોડા કલાકોમાં માનું દૂધ મેળવી શકે.

માત્ર આરંભમાં નહી જીવનના દરેક તબક્કે વ્યક્તિ મા સાથે જોડાયેલો રહે છે. ધીમે ધીમે દુનિયાને ઓળખવાની શરૂઆત માથી થાય છે. સમાજશાસ્ત્રીઓનું કહેવું છે કે ઈશ્વર બધે પહોંચી ન વળે

એટલે એણે માનું સર્જન કર્યું છે. પા પા પગલી માંડવાથી લઈને, શાળા-કૉલેજમાં નાસ્તો લઈ જવો, તૈયાર થવુંથી લઈને મોટા થયા પછી નોકરી પરથી આવતાં મોડું થાય ત્યારે ચિંતા કરનાર મા જ હોય છે. એમ કહી શકાય કે વ્યક્તિના જીવનમાં પ્રેમનો પ્રથમ પાઠ ભણાવનાર મા જ હોય છે. વ્યક્તિના સમગ્ર અસ્તિત્વની ઓળખાણ અને એનું ઘડતર માત્ર ને માત્ર મા જ કરે છે.

આપણે જાણીએ છીએ કે કોઈ પણ કાર્ય કરવું હોય તો એના માટે યોગ્ય સાધનો સાથે જ પાર પડી શકે. ચા કરવો હોય તો સાણસી, તપેલી ગરણી વગેરે જોઈએ. લખવું હોય તો કાગળ, પેન વગેરે જોઈએ. એ જ રીતે મનુષ્યના અસ્તિત્વના સંઘર્ષમાં મા હંમેશાં કાર્યબદ્ધ હોય છે અને એ માટેનું સૌથી સફળ સાધન માતૃભાષા છે. મા બાળકના પ્રેમસંબંધોની અભિવ્યક્તિ એ માતૃભાષા છે.

સંસ્કારો આપવાની શરૂઆત માતૃભાષામાં જ શક્ય છે. વિચાર કરો બાળક જન્મે ત્યારે કાલીઘેલી ભાષામાં વાત મા કરે એ કઈ ભાષા હોય ? માતૃભાષા જ હોય. કહેવાય છે કે પ્રથમ પગલું પાડવું એ કદાચ માઉન્ટ એવરેસ્ટ કરતાં પણ અઘરું હોય છે. આ પગલું મા જ શીખવે અને એ માટે સહારો માતૃભાષાનો જ લેવો પડે છે.



મનુષ્યની પ્રથમ ઓળખાણ એ મા છે પણ બીજી અને કાયમી ઓળખાણ માતૃભાષા છે. ગુજરાતી બોલનારો સમૂહ જે પ્રદેશમાં રહે છે એ ગુજરાત છે. એટલે વ્યક્તિ જ નહી પ્રદેશ પણ ભાષાથી જ ઓળખાય છે. ક્યાંય પણ જઈએ લોકો તરત પૂછે, ગુજરાતી છો? આમ માતૃભાષા એ સાચી ઓળખ અસ્તિત્વની છે.

કહ્યું છે કે માણસ જે ભાષામાં સ્વપ્નો જુએ અથવા વિષમ પરિસ્થિતિમાં ગાળ બોલે એ એની માતૃભાષા હોય. કહેવાનું તાત્પર્ય એ છે કે જેના અસ્તિત્વ સાથે મૂળથી વ્યક્તિ જોડાયેલો હોય એ મા અને માતૃભાષા હોય. ગીતાના પુરુષોતમ યોગમાં કહ્યું છે કે ઉર્ધ્વ મૂલ મધઃ શાખમશ્વત્થ પ્રાહુરવ્યયમ અર્થાત્ આપણે એવા અસ્તિત્વના અશ્વત્થ છીએ કે જેના મૂળ ઉપરની બાજુ એ જોડાયેલા છે. આ જોડાણ મા અને માતૃભાષા છે.

આજે સમયના વિપરીત યુગમાં લોકો ધીમે ધીમે મા અને માતૃભાષાનું મહત્ત્વ ભૂલતા જાય છે, પણ પાછો એવો જ સમય આવશે જ્યાં ફરીથી લોકો પોતાના અસ્તિત્વની ઓળખ સાથે જોડાશે.

**– દિનેશ ધોળકિયા**

# માતૃભાષાનું નામ ઉજાળવાની તાલીમ આપી મા એ



લીના વછરાજાની

દરેક બાળકને જગત સાથે જોડાણ માતૃભાષાના માધ્યમ દ્વારા મા જ કરાવતી હોય છે. જન્મસમયે બાળક રડે એને કોઈ ભાષા નથી હોતી. પ્રથમ રુદનને સાંભળી મા હરખાઈને બોલી ઊઠે અને બાળક સમજે કે ન સમજે એ પોતાની માતૃભાષામાં મીઠો આવકાર પામે. ધીરે ધીરે સમજણ આવતી જાય એ મા અને પરિવાર પાસેથી નવા શબ્દભંડોળ શીખતું જાય. પારિવારિક સંબંધો, સામાજિક સંબંધો આ બધા વિશે બાળક મોટે ભાગે મા પાસેથી માહિતગાર થાય તે પણ માતૃભાષામાં.

''અક્ષર તો સારા જ હોવા જોઈએ. ચાલ આ ફકરો પાંચ વખત લખી નાખ.''

મારી મા-મમ્મી એક જાગૃત મા હતી સાથે શિક્ષક હતી એટલે એણે મારી કેળવણીમાં માતૃભાષાનો મજબૂત પાયો નાખ્યો એ કેમ ભુલાય!

અને એણે એ મબલક શબ્દભંડોળ શિખવાડયું - વારસામાં આપ્યું તો માતૃભાષા દ્વારા હું એને શબ્દાંજલિ-સ્મરણાંજલિ અર્પી શકું છું. ઉપરાંત સાહિત્યજગત કે સાંસારિક જગત બંને સામે - બંને પાસે હું સુવ્યવસ્થિત, સુચારુ અને સ્પષ્ટ રીતે મારા વિચાર રજૂ કરી શકું એ ભાષા-માતૃભાષા રોપવામાં માનું અમૂલ્ય યોગદાન છે એમાં બેમત નથી.

છેલ્લા કેટલાક દાયકાઓથી અંગ્રેજી ભાષા વધુ પ્રચાર-પ્રસાર પામી. બાળકો આગળ ભણવા કે નોકરી અર્થે વિદેશ જતાં થયાં એટલે સ્વાભાવિક વિશ્વભાષા તરીકે અંગ્રેજી શીખવું કે આવડવું જ જોઈએ, પણ તેમ છતાં સામાન્ય રીતે જ્યારે વતનમાં ઘેર આવે ત્યારે માબાપ કે વડીલો સાથે માતૃભાષામાં જ વાત કરતાં જણાતાં હોય. કબૂલ કરે કે ન કરે, પણ પોતાની ભાષામાં માની મમતા જેવાં જે લાડ અને હાશકારો અનુભવાય એ જગતના કોઈ ખૂણે

ન મળે.

આજના અત્યાધુનિક યુગમાં પણ જ્યારે કોઈ પણ ઉંમરે માણસ પડે કે એને ઠોકર વાગે અથવા એની સાથે કંઈ અનપેક્ષિત બને ત્યારે એનો પહેલો ઉદ્ગાર મહદ્ અંશે ''ઓ મા'' કે ''મમ્મી'' હોય અને તે પણ માતૃભાષામાં. તો કઈ રીતે મા અને માતૃભાષાથી કોઈ અલગ પડી શકે? જેના થકી અસ્તિત્વની ઓળખ મળી એ પ્રથમ પગલું આ બે જ તો છે. બાકી તો પછી દુનિયા બીજા પગલાંથી શરૂ થાય.

''મને કક્કો શિખવાડ્યો માતૃભાષાએ,

મને કક્કો જીવતાં શિખવાડ્યો મા એ.

મને બોલવાનું માધ્યમ આપ્યું માતૃભાષાએ,

મને માતૃભાષામાં કેવી રીતે બોલવું એ શિખવાડ્યું મા એ.

મને જિંદગીના નવ રસ પુસ્તક દ્વારા આપ્યા માતૃભાષાએ,

મને એ નવ રસ પચાવી જાણવાની કલા શિખવાડી મા એ.

મને મારા નામની ઓળખ આપી માતૃભાષાએ,

મને માતૃભાષાનું નામ ઉજાળવાની તાલીમ આપી મા એ.

એક નાનું ઉદાહરણ આપીને વિરામ લઈશ.

અમે ૨૦૧૮માં અમેરિકા ગયાં હતાં. હોપ ઓન હોપ ઓફ (Hop on Hop off bus) બસમાં એક રૂટ પર અમને ડ્રાઈવરની સૂચના ઓછી સમજાઈ કારણ એ લોકોના અંગ્રેજી ઉચ્ચાર ઘણા અલગ હોય છે. ત્યાં રહેતા ભારતીયોને કદાચ સમજાતા હશે, પણ અમે જે સીટ પર બેસી ગયાં એ કોઈ બીજા માટે હતી તો બસમાં પાછળ બેઠેલા લોકો સામે જોઈ ડ્રાઈવરે મજાક કરી. સ્ટોપ આવતાં અમે ઊતરી ગયાં, પણ મને મનમાં સહેજ ઓછું આવ્યું એટલે હું ફરી બસમાં જઈ શુદ્ધ ગુજરાતીમાં બે વાક્ય કહી આવી,

''તમને અમારી ભાષા ન સમજાય ને! એમ તમારા ઉચ્ચાર અમને નથી સમજાતા. મજાકનું કોઈ કારણ નહોતું.''

એ કંઈ જ ન સમજ્યો એ મને ખબર જ હતી, પણ ન સમજવાની અકળામણ ચોક્કસ એણે મહેસૂસ કરી જે અમે કરી હતી. અને સાચું સમજાવવાની એ પારદર્શકતા મમ્મીએ આપી હતી.

ખેર! આવા વિવાદ તો ક્યારેક જ હોય. કોઈ પણ ભાષા કોઈકની તો માતૃભાષા હોય જ એટલે એ સન્માનનીય જ રહેશે.

ઈશ્વર પછી ધરતી પર એનું સ્વરૂપ મા કહેવાય. અને ધરતી પર વ્યવહાર માટે જે માધ્યમ અત્યાવશ્યક તે માતૃભાષા. બંનેનો સંપૂર્ણ આદર હોવો-થવો જ જોઈએ. મા અને માતૃભાષા માટે ગૌરવની લાગણી અનુભવાય એ મહત્ત્વનું અને અનિવાર્ય છે.

મા અને માતૃભાષા બંનેને નતમસ્તક વંદન સહ વિરામ.

**- લીના વછરાજાની**

# તમારી ભાષા તમારા અસ્તિત્વની ઓળખ છે



હેમાલી સ્વાદિયા ''હેમ''

માતૃભાષા આપણને ગળથૂથીમાં જ મળે છે. આપણે વિચારોની અભિવ્યક્તિ કરવા માતૃભાષા જેવું શ્રેષ્ઠ કોઈ માધ્યમ હોઈ જ ન શકે. હવે આપણને એમ વિચાર આવે કે તેને માતૃભાષા કેમ કહીએ છીએ? તો મારું માનવું એવું છે કે આપણી મા જે આપણને જન્મ આપે છે એ આપણા માટે કેટલી મહાન હોય છે. આપણી દરેક જરૂરિયાતની મા ને જાણ હોય છે. આપણે માના પેટમાંથી માતૃભાષાને સાંભળતાં હોઈએ છીએ.

મારું કહેવાનું એવું નથી કે બીજી ભાષાઓ ઊતરતી છે, નકામી છે. નહિ, બિલકુલ નહિ. દરેક ભાષા પોતાનામાં મહાન છે. કોઈ પણ તેનું અપમાન કરી નથી શકતું.

એક વાત અત્રે નોંધનીય છે કે અમે ઘણા સમય પહેલાં લગભગ પંદર-વીસ વર્ષ પહેલાં ઉત્તર ભારત ફરવા ગયેલાં. ગુજરાત છોડ્યું અને હિન્દીભાષા શરૂ થઈ ગઈ. થોડા દિવસો અમે ફર્યા તો બધે હિન્દી ભાષાનું ચલણ. એક વખત એવો આવ્યો કે હું એટલી કંટાળી ગઈ કે હું દરેક સાથે ગુજરાતીમાં જ બોલવા માંડી. મારા દીકરાએ મને કહ્યું ''મમ્મી, શું તું પણ, આ લોકોને ગુજરાતી થોડું સમજાય? હિન્દી બોલ.'' એ વખતે મેં કહેલું ''ના, મારે ગુજરાતીમાં જ બોલવું છે. હું હવે હિન્દી નહિ બોલું.''

માતૃભાષાની કદર એ વખતે જ થાય જ્યારે તમારે પોતાની ભાષામાં કહેવું છે અને સામે સમજનાર કોઈ નથી.

દક્ષિણ ભારતમાં એ લોકો પોતાની જ ભાષામાં વાત કરે. અથવા અંગ્રેજીમાં બોલે બાકી તો ઈશારાની ભાષા.

અમે એ બાજુ ફરવા ગયેલા અમારો ડ્રાઈવર હિન્દી થોડીઘણી જાણતો હતો એટલે ચાલ્યું.

તમે જ્યારે બોલો છો ત્યારે

તમારી ઓળખ છતી થાય છે. તમારી ભાષા તમારા અસ્તિત્વની ઓળખ છે. તમે ગુજરાતી છો કે બંગાળી કે તમિલ એ તમારી ભાષા ઓળખાણ આપે છે. આપણને એ પોતાપણું લાગે છે.

ઘણાં વર્ષોથી બહાર રહેતા લોકોને પોતાની માતૃભૂમિ, મા અને માતૃભાષાની જેટલી કદર હોય એટલી કદર બીજા ભાગ્યે જ કરી શકે.

તમે ગમે તે ઉચ્ચ અધિકારીઓ હો, તમે ગમેતે ઠેકાણે હો, પણ જી સર અને હાજી સાહેબની ભીડમાં માનો એક જ ટહુકો ''બેટા, આમ જો તો..'' આહા..હા એ ટહુકો, એ સંબોધન તમને તમારા હોવાનું ભાન કરાવે છે. તમને દરેક સંબોધન વામણાં લાગે છે. અહીંયા મને એક વાત યાદ આવે છે, જો હું ભૂલતી ન હોઉં તો હાસ્યલેખક વિનોદ ભટ્ટે એક વખત લખેલું ''મને માન-સન્માન ખૂબ મળ્યું અને માનવાચક સંબોધન પણ ખરાં, પરંતુ ''વીનિયા હાલ તો હવે, એ મીઠું - અધિકાર ભરેલું માનું સંબોધન ન રહ્યું. મારી મા નથી એટલે મને એ ખોટ બહુ લાગે છે કે કોઈ હવે વીનિયો નથી કહેતું.




આજે પોતાની માતૃભાષામાં શિક્ષણ મેળવવાનું છોડી અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લેવું ગૌરવની વાત બની ગઈ છે. તમને અંગ્રેજી નથી આવડતું તો તમારો આ ધરતી ઉપરનો ફોગટ ફેરો થયો એમ સૌ માનતા થઈ ગયા છે.

પોતાનું બાળક અંગ્રેજીમાં પ્રેયર બોલે તો માબાપ ગર્વ અનુભવે છે. એ જ બાળક જો આપણો એક શ્લોક નથી બોલતું તો શરમની વાત નથી? બાળકતો માટીનો પીંડો છે, કોરી પાટી છે તમે જે શીખવશો એ જ એ શીખશે. તમે આપો અંગ્રેજીનું જ્ઞાન એ આજે જરૂરી પણ છે, પરંતુ સાથે સાથે માતૃભાષાનો મહાવરો પણ રાખો. બાળકને તેના અસ્તિત્વથી વિખૂટા ન પાડો.

તમે ખુદ તમારી માતૃભાષાનું માન નહિ જાળવો તો બીજા કોઈને તેનું સન્માન સાચવવામાં રસ નથી.

છેલ્લે એટલું કહીશ કે ''માએ જન્મ આપી જીવન આપ્યું અને મારા અસ્તિત્વને ઉજાગર, મારી માતૃભાષાએ કરી. ''હું દરેક ભાષાને સન્માન આપું છું, પરંતુ સ્કર્ટ મીડી વાળી મોર્ડન અંગ્રેજી ભાષા કરતાં મારી સાડલો પહેરેલી માતૃભાષા સારી છે.

તમામ ભાષાને નમસ્કાર અને માતૃભાષાને સાક્ષાત્ દંડવત્ પ્રણામ.

**- હેમાલી સ્વાદિયા**

# ગોદ છે માની, શય્યા મારી માતૃભાષા છે હાલરડું



ડો. મંજરી મંકોડી

या देवी सर्वभूतेषु
मातृरूपेण संस्थिता
नमस्तस्यै नमस्तस्यै
नमस्तस्यै नमो नमः

या देवी सर्वभूतेषु
भाषारूपेण संस्थिता
नमस्तस्यै नमस्तस्यै
नमस्तस्यै नमो नमः

જેવી રીતે મા એ દેવીનું માતૃ સ્વરૂપ છે, તેવી જ રીતે માતૃભાષા એ દેવીનું વાગીશા સ્વરૂપ છે અને આથી જ મા અને માતૃભાષા બંને સમાન રીતે સન્માનનીય, વંદનીય અને પૂજનીય છે.

મા પોતાના દેહમાંથી શિશુના દેહનું ઘડતર કરે છે અને માતૃભાષા, તેનામાં સંસ્કૃતિનું સિંચન કરે છે. મા સાથે ગર્ભનાળ થકી જોડાયેલ ગર્ભસ્થ શિશુ; જ્યારે મા દ્વારા વંચાયેલ પુસ્તકોનું શ્રવણ કરે છે ત્યારે, માતૃભાષા સાથે તેનો પ્રથમ પરિચય થાય છે અને આ પરિચયના લીધે જ જન્મ બાદ તુરંત તે માનો સ્પર્શ, માનું સાન્નિધ્ય અને માનો સ્નેહ, સૌથી પહેલાં ઓળખી લે છે.

માની ખુમારી અને માતૃભાષાનું ખમીર, માની મમતા અને માતૃભાષાનું માર્દવ, માનાં મૂલ્યો અને માતૃભાષાની મૌલિકતા, માનું હેત અને માતૃભાષાની હળવાશ, માનું વાત્સલ્ય અને માતૃભાષાની વિલક્ષણતા, માનો દુલાર અને માતૃભાષાનું દૈવત, માની પ્રેરણા અને માતૃભાષાનો પ્રભાવ સંયુક્ત રીતે આપણાં અસ્તિત્વ-વ્યક્તિત્વનું સુપેરે ઘડતર કરે છે. આપણા અસ્તિત્વની તુલાને મા અને માતૃભાષાનાં પલ્લાં, પોતાના વિશિષ્ટ એકમો વડે સંતુલિત રાખે છે.




આપણા શબ્દોને ધાર આપે તે માતૃભાષા અને આપણાં મૌનને સાર આપે એ મા.

જેવી રીતે પુષ્પની કળી, પૂર્ણ રીતે ખીલીને પ્રસૂન બને છે તેવી જ રીતે, માની માવજત અને માતૃભાષાની મહેરથી આપણે પૂર્ણતયા ખીલતાં, ખૂલતાં અને અભિવ્યક્ત થતાં શીખીએ છીએ.

મા પોતાના સ્નેહ થકી આપણા સંબંધોને ઉષ્મા આપે છે, જ્યારે માતૃભાષા ગુર્જરી, શબ્દો થકી આપણા સંબંધોને ઊર્જા આપે છે.

મા અને માતૃભાષા બંને, લાગણીઓની લિપિ અને ભાવનાઓની ભાષાના પર્યાય છે અને તેથી જ તે બંનેને કોઈ પણ જટિલતા વિના સહજ રીતે ઉકેલી શકાય છે.

આજના કહેવાતા આધુનિક યુગમાં; માતૃભાષા સિવાય, અન્ય ભાષાઓમાં, ખાસ કરીને અંગ્રેજીમાં બોલવાની એક માનસિકતા ઊભી થઈ છે. ભાષા તરીકે, હું દરેક ભાષાનું સન્માન કરું છું અને એ વાત પણ સ્વીકારું છું કે ઉચ્ચતર અભ્યાસક્રમ કે વિદેશમાં અભ્યાસ કરવા માટે અંગ્રેજી ભાષાનું જ્ઞાન અનિવાર્ય છે, કિન્તુ, આપણા ઘરમાં સૌ સ્વજનો, પરસ્પર શુદ્ધ માતૃભાષામાં જ વાતચીત કરે તે ઇચ્છનીય છે.

મિશ્ર ભાષાઓનો શંભુમેળો આપણી મૂળભૂત સંસ્કૃતિને દયનીય બનાવે છે.

અમુક લોકો એવું માને છે કે, આપણે ભલે ગુજરાતી છીએ, પણ અંગ્રેજીમાં બોલીએ તો આપણું વક્તવ્ય વિશેષ છટાદાર અને અસરકારક લાગે, પરંતુ અત્રે એ યાદ રાખવું ઘટે કે અન્ય ભાષા આપણા શબ્દોને લાવણ્ય કે લાલિત્ય પ્રદાન કરી શકે, પણ માધુર્ય તો કેવળ માતૃભાષા જ આપી શકે, કારણકે આપણી માતૃભાષા આપણાં દિલની ઊપજ છે, જ્યારે અન્ય ભાષાઓ, આપણા દિમાગની ઊપજ છે અને તેથી જ અન્ય ભાષાઓમાં બોલાતા શબ્દો શિષ્ટ હોઈ શકે, પરંતુ સાહજિક નહિ.

અજાણ્યા મુલકમાં નોકરી કે વ્યવસાય અર્થે ગયા હોઈએ અને ત્યાં કોઈ અપરિચિત સ્થળે જવા માટે, ''ભવાટવીમાં ભૂલા પડ્યા''ની વ્યથા સાથે આમતેમ ફરતાં હોઈએ, ત્યારે સદ્ભાગ્યે કોઈ ગુજરાતી/કાઠિયાવાડી ચહેરો દેખાય અને તેને દિશા પૂછીએ ત્યારે ''એ હાલો હાલો તમને ત્યાં લગી પહોંચાડી દઉં, અહીંથી ઓરું જ છે કહી, તમને છેક તમારી મંઝિલ સુધી પહોંચાડી દે અને જતાં જતાં, મારી મા દાળઢોકળી સરસ બનાવે છે, તો આ રવિવારે જમવા આવજો એવી તાણ કરી, પોતાનું સરનામું પણ આપીને જાય. તે વ્યક્તિના માતૃભાષામાં બોલાયેલ

શબ્દોમાં ખરેખર આપણને એક નિર્દંભ નિકટતાની પ્રતીતિ થાય છે અને આ ''હાલો હાલો'' ના લિજ્જતદાર લહેકાની નિર્વ્યાજ નિખાલસતા પાસે, આડંબરી ઔપચારિકતાની તો કોઈ વિસાત જ નથી.

આપણા કાઠિયાવાડી મલકમાં તો ક્યાંક-ક્યાંક "Thank you" શબ્દ ની સામે "You are welcome", બોલવાની બદલે ''એ ભલે ભલે હો'' કહીને, ''હો'' શબ્દ પર ભાર મૂકવાનો રિવાજ છે. જોવાની ખૂબી એ છે કે "You are welcome" શબ્દ ગમે તેટલો રૂપાળો હોય, તેમાં ''એ ભલે ભલે હો'' જેવો કૃતજ્ઞતા-સ્વીકારનો પ્રેમાળ પ્રતિભાવ, આપણાં ગુજરાતી હૈયાંને તો, કદીય ના અનુભવાય.

અન્ય ભાષા આપણા શબ્દોને વજન (weightage) આપી શકે, પણ વજૂદ તો માતૃભાષા જ આપી શકે. અન્ય ભાષા વાણી-વિલાસનું માધ્યમ બની શકે, પણ વાણી-વૈભવ તો માતૃભાષા જ આપી શકે.

આપણી ગામઠી/તળપદી ગુજરાતી ભાષામાં ક્યાંક તુંકારો પણ હોય, ક્યાંક અપભ્રંશ શબ્દો પણ હોય, પરંતુ તેમ છતાંય, જે ભાષાની બરછટતામાં પણ, વેરાન પંથકમાં ગાળેલા વીરડા જેવી લાગણીભીની, આહ્લાદક આત્મીયતા કળાય, તે જ આપણી માતૃભાષા.

મા આપણાં ખોળિયાના કોડિયામાં આપણા અસ્તિત્વનો દીપ જલાવે છે તો આપણી માતૃભાષા ગુર્જરી, તે દીપની આસપાસ આપણાં વ્યક્તિત્વનું આભામંડળ પ્રગટાવે છે.

મા આપણને સુસંસ્કૃત બનાવી અન્ય લોકોને અભિભૂત કરવાનું સામર્થ્ય આપે છે તો માતૃભાષા, આપણા શબ્દોને અલંકૃત કરી, અન્ય લોકોને વશીભૂત કરવાનું સામર્થ્ય આપે છે.

માની જડીબુટ્ટી, ઘૂંટાઈ-ઘૂંટાઈને જ્યારે આપણી જિહ્વા ને સ્પર્શે છે, ત્યારે સ્વયમ્ સંજીવની-સ્વરૂપા બને છે અને ભાષા ગુર્જરીની બારાખડી ઘૂંટાઈ-ઘૂંટાઈને જ્યારે આપણી જિહ્વાને સ્પર્શે છે, ત્યારે તે સાક્ષાત્ સરસ્વતી-સ્વરૂપા બને છે.

આ રીતે મા અને આપણી માતૃભાષા; બન્ને, અન્યોન્યનાં પૂરક થઈને, આપણા અસ્તિત્વના ઘડતરમાં અનેરું યોગદાન આપે છે. બંનેનું યોગદાન,આગવું અને અલગ છે, પરંતુ સર્વથા સમકક્ષ છે. મારા આ લેખના નિષ્કર્ષને કાવ્યમય પંક્તિઓ તરીકે પ્રસ્તુત કરી હું આ લેખનું સમાપન કરું છું.

ગોદ છે માની, શય્યા મારી
માતૃભાષા છે હાલરડું

માવડી મારી શીળો ચાંદ
માતૃભાષા છે ચાંદરણું

વાવે મુજ આંખોમાં સપનાં
સિંચે બંને, નીર મીઠપનાં

ઘોર તમસમાં ઓજસ આપે
મુજને ખુદની ઓળખ આપે

''મનસ્વિની''

**- ડૉ. મંજરી મંકોડી**

# મનના હાશકારાની પરિભાષા....માતૃભાષા



પ્રણતિ આચાર્ય

માતા, માતૃભૂમિ તથા માતૃભાષા સ્વર્ગ કરતાં પણ ચડિયાતાં હોય છે. માતૃભાષાનો સીધો અર્થ જ ''માની ભાષા'' એવો થાય છે. માની ભાષા એટલે માતા દ્વારા વ્યવહારમાં ઉપયોગમાં લેવામાં આવતી ભાષા, એ પછી કોઈ પણ ભાષા જે તે વિસ્તાર કે પ્રદેશને અનુલક્ષીને વિવિધ હોઈ શકે, પરંતુ જ્યારે તે ભાષાને ''માતૃભાષા''નું બિરુદ પ્રાપ્ત થાય છે, ત્યારે તેનું મહત્ત્વ અનેકગણું વધી જતું હોય છે.

એક રીતે જોવા જઈએ તો મા અને માતૃભાષા બંને એકબીજાનાં પૂરક છે તેમ કહી શકાય. મા અને માતૃભાષા આપણને અસ્તિત્વ અને ઓળખ આપે છે. માતા દ્વારા આપણે આ સુંદર જગતમાં અવતરીએ છીએ. તેવી જ રીતે માતૃભાષા દ્વારા આપણને ઓળખ મળે છે. ભાષાના અનુસંધાને કોઈ પણ વ્યક્તિ કયા પ્રાંત, વિસ્તારમાંથી આવે છે, તેની ઓળખ થઈ જાય છે.

માતૃભાષાની વાત જ અનોખી છે. ગમે તેટલી અન્ય ભાષાઓ શીખીએ, પણ બોલવાની ખરી મજા તો માતૃભાષામાં જ આવે છે. જેવી રીતે માનો હાથ માથે ફરે તેની છત્રછાયા હેઠળ પોતીકાપણું લાગે તેવી જ રીતે માતૃભાષા બોલવાથી અંતરમનના ખૂણે એક સંતોષ અને હૂંફની અનુભૂતિ થાય છે. મારા મતે જેમ ધરતીનો છેડો ઘર એટલે કે દુનિયા આખી ફરીએ બધી જ જગ્યાએ તમને રહેવા માટે આલિશાન મકાનો મળી રહેશે, પણ મીઠો આવકારો તો તમારું એ ઘર જ આપી શકે. તેવી જ રીતે કહી શકાય કે ''મનના હાશકારાની પરિભાષા એટલે માતૃભાષા''

આજના સમયમાં અન્ય ભાષાઓના અતિઆકર્ષણના પરિણામે માતૃભાષાનું મહત્ત્વ ઘટતું નજરે પડે છે, પરંતુ આ પણ એટલું જ સત્ય છે કે ખુશી વ્યક્ત કદાચ અન્ય ભાષાઓમાં થઈ શકે, પરંતુ દુઃખનો હોંકારો તો સાહેબ માતૃભાષામાં જ!!! મોટાં દુઃખ તો જવા દઈએ, પરંતુ નાની સરખી ખરોચ આવે તોપણ મોઢામાંથી ''ઓ મા'' નીકળી જાય છે. આ બે શબ્દોમાં જ માતૃભાષા અને માનો સમન્વય જોવા મળે છે.

આજના અદ્યતન યુગમાં એવા કિસ્સાઓ પણ જોવા મળે છે કે બાળક જ્યારે મોટું થઈ જાય, પગભર થઈ જાય ત્યાર બાદ માતાપિતાને તરછોડી દેતા હોય છે, જેના પરિણામે ઘરડાં ઘરોની

સ્થાપના કરવી પડી છે. આજની યુવા પેઢી રેસના ઘોડાની માફક ધન, દોલત, વૈભવ પાછળ ભાગી રહી છે, જેના ભોગ રૂપે ક્યાંક માવતર અને માતૃભાષા પાછળ રહી ગયાં છે. મારા મતાનુસાર જીવનમાં પ્રગતિ ચોક્કસ કરવી જોઈએ, પરંતુ જ્યાંથી તમે આવો છો, જેના લીધે તમે સફળતાના મુકામ સુધી પહોંચ્યા છો તેને સાથે રાખીને આગળ વધવું જોઈએ.

મને આ લખતાં ખૂબ ગર્વનો અનુભવ થાય છે કે હું ને મારી માતૃભાષા બંને ગુજરાતી. ગુજરાતી ભાષા બોલવાની કંઈક અલગ જ મજા છે. આ ભાષાની સુંદરતાને વર્ણવતાં કવિશ્રી બાલાશંકર ઝવેરીએ લખ્યું છે કે અહીં ખારા નમકને પણ ''મીઠું'' કહેવામાં આવે છે. વળી આ ભાષાના અવતાર એ ઘણા હોં! એટલે જ તો કહેવાય છે ''બાર ગાઉએ બોલી બદલાય.'' કાઠિયાવાડી, ચરોતરી, અમદાવાદી, સુરતી વગેરે જેવા વિવિધ વિસ્તારને અનુસંધાને અલગ અલગ ગુજરાતી બોલવામાં આવે છે.

ગુજરાતી સાહિત્યની સુંદરતા પર પ્રકાશ પાડીએ તો આપણા કવિઓ અને લેખકો-લેખિકાઓએ પણ યશકલગીમાં સતત વધારો કર્યો છે. આ યશકલગીમાં અનેક લેખક-લેખિકાઓ, કવિઓ જેવા કે, નરસિંહ મહેતા, મનુભાઈ પંચોળી, વિનોબા ભાવે, કાજલ ઓઝા વૈદ્ય, ઉમાશંકર જોષી, રઈશ મનીઆર વગેરે અનેક લોકોનો બહોળો ફાળો રહ્યો છે. આજના સમયમાં ગુજરાતી ફિલ્મ જગતે પણ હરણફાળ ભરી છે. આપણી માતૃભાષા ગુજરાતીમાં લખાતા ગરબા જે ગુજરાતનું લોકનૃત્ય છે તેણે પણ યુનેસ્કો (Unesco) દ્વારા ઈન્ટેજીબલ કલ્ચર હેરિટેજમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગુજરાતીભાષાની પવિત્રતાની વાત કરીએ તો નરસૈયાની નાગરી જ્ઞાતમાં કેટલાય શબ્દો ઉપયોગમાં લેવાય છે, જેનાથી ભાષાની સ્પષ્ટતા ઊંડાણપૂર્વક સમજી શકાય છે. જેમ કે, ''રજોડિયું'' અર્થાત્ દેશી નળિયાંવાળાં ઘરોમાં છાપરાંની નીચેના ભાગમાં ઝીણી રજ ન આવે તે માટે કરવામાં આવતા મેડા. તેવી જ રીતે ''વળાંગડી'' એટલે કે ભગવાનની પૂજા સમયે પહેરવામાં આવતાં વસ્ત્રો - દાખલા તરીકે અબોટિયું (પિતાંબર) ટીંગાડવા માટેનું સ્થાન કે જે એટલું અદ્ધર હોય કે જ્યાં માથાના વાળ પણ ન અડી શકે તેના માટે 'વળાંગડી'' શબ્દનો પ્રયોગ થતો હતો. ''ટીપણું'' એટલે કે પંચાંગ જેનો ઉપયોગ આપણે ગુજરાતી મહિનાઓ અનુસાર તિથિઓ જોવા માટે કરતાં હોઈએ છીએ. તેવો જ હજી એક શબ્દ ''પાણી-પાટલો'' ભલે શબ્દમાં બે જ વસ્તુઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય, પરંતુ આ બે શબ્દમાં સંપૂર્ણ જમવાનું પીરસવાનો અર્થ છુપાયેલો છે. આવી જ રીતે અઢળક શબ્દો સરળતાથી અને સ્પષ્ટતાથી બોલવામાં આવતા કે જેના અક્ષરો ભલે ઓછા હોય, પરંતુ તેના અર્થ ઘણા ઊંડા હોય છે.

માતૃભાષા તરીકે આમ તો બધી જ ભાષાઓ તેની રીતે સર્વશ્રેષ્ઠ જ છે, પરંતુ વ્યક્તિગત રીતે મને ગુજરાતી ભાષા પ્રત્યે ખૂબ માન છે. ગુજરાતી ભાષા દરેક ગુજરાતીની ગળથૂથી છે, તે જન્મતા જ આપણી માતા દ્વારા આપણી સાથે જોડાય છે, માટે જ મા અને માતૃભાષાના સમન્વયનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે.

**- પ્રણતિ આચાર્ય**

# સંસ્કારની ભાગીરથી મા



ગ્રીષ્મા માંકડ

જે પોતાના લાડકવાયાના સંસ્કારઘડતર માટે સમર્પિત છે, ભારતીય સંસ્કૃતિની પરંપરા છે કે માતા ગર્ભધારણ કરે તે જ દિવસથી બાળકને સંસ્કારિત કરી શકે છે. તન અને મનનું પોષણ કેવળ તેની મા પાસેથી જ મેળવે છે. મા એક અવિરત શબ્દ છે. પહેલો શબ્દ જે બાળક શીખે છે તે મા છે, મા સાંભળતાં જ માના હૃદયમાં આનંદની છોળો ઊડે છે.

મા ઘણા શબ્દની વ્યક્તિ માટે વપરાય છે. માતાજીને અંબા મા, દાદીને દાદી મા.. આ બધાની પાછળ મા શબ્દ જોડાયો છે. વર્ષો પહેલાંની વાતમાં આવે છે કે મા બાળકને કેટલું વહાલ કરે છે. જ્યારે કાળજાની શરત મૂકે છે ત્યારે માનું કાળજું લઈ છોકરો જાય છે અને ઠોકર વાગતાં કાળજામાંથી શબ્દ નીકળે છે કે ખમ્મા અને ત્યારે સમજાય છે કે મા શું છે?

માની ઇચ્છા પૂરી કરવા શ્રવણ કાવડમાં બેસાડીને ૬૮ તીરથ જાત્રાએ જાય છે.

જ્યારે આજના કળજુગમાં ભરબપોરે માને ગાડીમાં બેસાડી દીકરો માને વૃદ્ધાશ્રમમાં મૂકવા જાય છે. આ છે યુવા પેઢી.

બાળકને મા પર ભરોસો છે. શરીર-કપડાં વારંવાર બગાડીને નિર્ભય રહે છે. માને ખોળે આવતી કાલની સલામતી તેના માટે નિશ્ચિત છે. આની પાછળ માની વાત્સલ્યતા.

સંસ્કારી માતા ૧૦૦ શિક્ષકની ગરજ સારે છે. બાળક માટે પ્રથમ ગુરુ માતા છે તે ઉજ્જ્વળ કારકિર્દીની કેડી કંડારી આપે છે.

– ગ્રીષ્મા માંકડ



# "મા" તુજ ભાષા.. માતૃભાષા



પ્રણામિ બુચ દેસાઈ

બોલ બેટા 'અમ્મા'... બાળક બોલે નહીં, પણ ખિલખિલાટ હસી પડે. ફરી એની મા એને બોલાવે, ફરી એ જ ખિલખિલાટ... તો ક્યારેક વળી બાળક અચાનક જ બોલે 'અમ્મા'.. અને મા ખિલખિલાટ હસી પડે. મા-દીકરા વચ્ચે આ રોજનો સંવાદ.

એક સાત વર્ષનું વિશિષ્ટ બાળક, શારીરિક રીતે સક્ષમ નહીં. બોલી-ચાલી કે લખી પણ ના શકે, પરંતુ બાળકનાં કાન, આંખ અને મગજ એકદમ સાબૂત. ઝીણામાં ઝીણો અવાજ પણ એને સંભળાઈ જાય. બાળક સાવ નાનું હતું ત્યારથી જ એની મા તથા ઘરના બધા જ સભ્યો બાળકની સાથે ખૂબ વાતો કરે. બાળક થોડું મોટું થયું એટલે ધીરે ધીરે તેને બધાની વાતો સમજાવા લાગી. તેની સાથે જે વાતો કરે તેને તે ધ્યાનથી સાંભળે. બાળકની માને એમ લાગ્યું કે હવે બાળક તેની સાથે જે વાતચીત થાય છે તે બરાબર સમજે છે. ધીરે ધીરે માએ બાળકને પ્રશ્નો પૂછવાનું ચાલુ કર્યું.

બાળક પણ હવે ભાષા બરાબર સમજતું હતું એટલે તેણે ''હા'' અને ''ના''માં જવાબ આપવાનું ચાલુ કર્યું. બોલીને નહીં, પણ બે આંગળીઓ એને બતાવવામાં આવે તો તેમાંથી એક આંગળી પકડીને તે હા કે નામાં જવાબ આપે. આમ, બાળકે સંવાદ માટેની એક વિશિષ્ટ શૈલી અપનાવી.

બાળક થોડું વધારે મોટું થયું એટલે માએ તેને સામાન્ય પાયાનું શિક્ષણ આપવાનું ચાલુ કર્યું. વિવિધ રંગો, આકાર, શાકભાજી, ફળો, પ્રાણીઓ, વાહનો વગેરે બાળકને દેખાડ્યા અને બાળક આ બધું જ ખૂબ ઝડપથી શીખી ગયું. બાળકને બે-ત્રણ વિકલ્પો આપીને પ્રશ્ન પૂછવામાં આવે તો બાળક જે તે વસ્તુ તરફ આંગળી ચીંધીને બરાબર સાચો જવાબ આપે.

બાળકની ગ્રહણશક્તિ ખૂબ




જ સારી હતી. હવે, માને પણ થોડો આત્મવિશ્વાસ વધ્યો અને તેણે બાળકને ABCD તેમ જ અંકગણિત શીખવવાનું ચાલુ કર્યું. બાળક ખૂબ જ જલદી બધું શીખવા લાગ્યું. ત્યાર બાદ અંગ્રેજી શબ્દો તથા તેનાં સ્પેલિંગ પણ બાળકને બરાબર આવડી ગયાં. ગણિતમાં સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર વગેરે બધું જ મા શીખવતી ગઈ અને બાળક શીખતું રહ્યું. બાળક મનમાં જ ગણતરી કરે અને પ્રશ્નનો સાચો જવાબ આપે. સાત વર્ષના નૉર્મલ બાળકને ટક્કર મારે એવો આ બાળકનો માનસિક વિકાસ થયો. અત્યારે તે બાળક ગુજરાતી, અંગ્રેજી, હિન્દી આ બધી જ ભાષા સમજી શકે છે. તે ઉપરાંત તેને ગુજરાતી કક્કો, બારાક્ષરી તથા ગુજરાતીમાં લખાયેલા શબ્દોનું વાંચન પણ આવડે છે.

તે ઉપરાંત બાળકને સંગીતમાં પણ ખૂબ રુચિ છે. ઘરના વડીલો ભજન ગાય તે ખૂબ હોંશે હોંશે સાંભળે. ભજન ઉપરાંત ગુજરાતી, ઈંગ્લિશ રાઈમ્સ, જૂનાં ફિલ્મી ગીતો પણ ખૂબ પસંદ પડે. બાળકની સંગીત પ્રત્યેની રુચિ જોતાં માએ બાળકને શાસ્ત્રીય સંગીતના રાગ શીખવવાનું ચાલુ કર્યું. અત્યારે એ બાળક સ્વર કે આલાપ સાંભળીને તે કયો રાગ છે તે ઓળખી બતાવે છે. કયા રાગમાં કયા સ્વર આવે કે કયા સ્વર ન આવે તે બધી જ સમજ આ વિશિષ્ટ બાળકને છે. બાળકની નવું નવું શીખવાની પ્રક્રિયા હજુ

પણ ચાલુ જ છે.

અહીં જે કંઈ પણ વર્ણન કર્યું તે કોઈ કાલ્પનિક પ્રસંગ કે વાર્તા નથી. આ મારા જીવનની વાસ્તવિકતા છે. તે બાળક એટલે મારો પોતાનો દીકરો અને તે માતા એટલે હું પોતે. મારો દીકરો જે કંઈ શીખ્યો તેમાં જે માધ્યમ બન્યું તે માતૃભાષા. જો બાળક ભાષા સમજવા જ સક્ષમ ન હોય તો આગળ કંઈ જ શીખી શકે નહીં. આ ચમત્કાર માતૃભાષા જ કરી શકે. અન્ય ભાષાઓ શીખવા માટે પણ સૌ પહેલાં કોઈ એક ભાષા આત્મસાત થયેલી હોવી જોઈએ. બાળક શાળામાં ગમે તે માધ્યમમાં ભણતું હોય, પણ ઘરનું માધ્યમ તો માતૃભાષા જ હોવી જોઈએ. માતૃભાષા એ તો બાળઉછેરનું મૂળભૂત તત્ત્વ છે, અને એ પાયો નાખવામાં મૂળભૂત ભૂમિકા જે ભજવે છે તે છે મા. એટલે આમ જોવા જઈએ તો મા અને માતૃભાષા એકબીજાના પૂરક છે. માતૃભાષાથી પરિચિત કરે તે મા, અને મા જે બોલે તે માતૃભાષા. બાળકના માનસિક વિકાસનું પ્રથમ પગથિયું એટલે મા, અને તે ચડવામાં સહાયરૂપ બને તે માતૃભાષા.

મા અને માતૃભાષા બંને બહુ સબળ સ્ત્રીઓ છે. બંને ચમત્કાર સર્જી શકે એટલી શક્તિ બંનેમાં છે. જો, એક વિશિષ્ટ બાળકનો વિકાસ આ હદે થઈ શકે તો એક નૉર્મલ બાળક માટે તો ક્યાં વાત જાય. જરૂર હોય છે ફક્ત થોડા પ્રયત્નોની. બાળકના વિકાસ માટેના પ્રયત્નો માબાપ બંનેએ સાથે મળીને કરવા જોઈએ. થોડો સમય ફાળવીને જો માબાપ પ્રયત્નશીલ બને તો તે બાળકનો સર્વાંગી વિકાસ જોવાલાયક હોય. મા અને માતૃભાષાની આંગળી જે બાળક ઝાલી લે, તેનો વિકાસ અને પ્રગતિ નિશ્ચિત જ છે.

આપણી માતૃભાષા ગુજરાતીનું બાળસાહિત્ય તો કેટલું સમૃદ્ધ છે. મિયાંફુસકી, તભા ભટ્ટ, છકો-મકો, બકોર પટેલ, પંચતંત્રની બોધકથાઓ... શું આવનારી પેઢીને આપણે આ બધાંથી પરિચિત ન કરાવી શકીએ? ગુજરાતી બાળસાહિત્યમાં બાળકોને મોજ પડે એવું ઘણું બધું છે. હા, પરિચય કરાવવાની જવાબદારી આપણે લેવી રહી. શાળામાં બાળક ગમે તે માધ્યમમાં ભણે, પરંતુ માતૃભાષા લખી અને વાંચી શકે એટલું શિક્ષણ તો તેમને આપવું જ જોઈએ.

મારા બાળક માટે તો એની મા જે બોલે છે, એ જ એની ભાષા છે, અને એ જ એની માતૃભાષા. જ્યાં સુધી કોઈ પણ બાળક બોલતું ન થાય ત્યાં સુધી તેના માટે તેની મા જે બોલે છે, એ જ માતૃભાષા છે. ગુજરાતી જેવી મધમીઠી ભાષા આપણી માતૃભાષા છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. મા અને માતૃભાષા બંને વંદનીય છે.

અંતમાં, મારા દીકરાના ભાવને પ્રગટ કરતી મારી જ બે પંક્તિઓ...

આપણી વચ્ચે પ્રેમની ભાષા
આપણી વચ્ચે સ્પર્શની ભાષા

આપણી વચ્ચે મૌનની ભાષા
'મા' તુજ ભાષા જ મુજ માતૃભાષા...

**– પ્રણામિ બુચ-દેસાઈ**

# માતૃદેવો ભવ। માતૃભાષા દેવો ભવ।।



નયના બુચ

''વિશાળે જગવિસ્તારે
નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો,
વનોની છે વનસ્પતિ

અસ્તિત્વની ઓળખની વાત આવે ત્યારે મને ઉમાશંકર જોશીની ઉપરોક્ત પંક્તિઓ યાદ આવી. પૃથ્વી પર માત્ર માણસ જ નહીં, પશુ-પંખી, પુષ્પો, વૃક્ષો દરેકના અસ્તિત્વના ઓળખની વાત આવે છે. માતૃત્વની મમતાની ભાવના સ્ત્રીમાં તો હોય છે જ, પરંતુ પશુ-પંખીમાં પણ ક્યાં ઓછી જોવા મળે છે? ભલે બોલી-ભાષા અલગ હશે, પરંતુ માતૃપ્રેમની ભાવના તો તેઓમાં પણ ભારોભાર છલકાતી જોવા મળે છે. ગાય-વાછરડાનો પ્રેમ ગાય ભાંભરીને વ્યક્ત કરે છે. માદા કબૂતર ઈંડાંને સેવે છે ત્યારે એ દિવસો સુધી એ સ્થળ છોડતું નથી.

પક્ષીઓ ચાંચમાં દાણા લાવીને બચ્ચાઓને ખવડાવે છે. ઊડતા પણ શીખવે છે. બાજ પક્ષી માટે આપણે સાંભળીએ છીએ કે બચ્ચાને ઊડતાં છોડી દે છે, પણ નીચે નથી પડવા દેતું.

ફૂલો અને વૃક્ષો માટે જગદીશચંદ્ર બોઝે સાબિત કર્યું કે વનસ્પતિમાં પણ જીવ છે.

હા, પણ મનુષ્ય વિશેષ સમજદાર અને બુદ્ધિશાળી છે. માતાનો પ્રેમ તો બાળક માટે અવર્ણનીય છે. માના દરેક કામના કેન્દ્રબિંદુમાં બાળક જ હોય છે. બાળકની દરેક નાની નાની આદતો, શોખ, ગમો-અણગમો વગેરેથી મા પરિચિત હોય છે. કવિઓ અને લેખકોએ માની મમતાને કેટકેટલી રીતે બિરદાવી છે? કેટલાં ગુણગાન ગાયાં છે?

'લોહીની સગાઈ' નવલિકામાં ઈશ્વર પેટલીકરે અમૃત કાકીની મંગુ માટેની કેટલી બધી મમતા બતાવી છે? એટલી હદ સુધી કે મંગુને ગાંડાની હૉસ્પિટલ લઈ જાય છે ને બીજે જ દિવસે અમૃતકાકી પણ ગાંડા થઈ જાય છે.

બોટાદકર કવિએ તો માની મમતાને કેટકેટલી ઉપમાઓથી બિરદાવી છે?

પ્રેમ-પ્રભુના પ્રેમની પૂતળી, અમી ભરેલી આંખ, વહાલના ભરેલાં વહેણ, અરે! ત્યાં સુધી કે એના દૂધ દેવોને પણ દુર્લભ છે. માતૃપ્રેમની સરવાણી માતાના દૂધમાંથી ફૂટે છે. એની મૂંગી આશિષો એ વરસાવતી જ રહે છે. ગંગાના નીર તો વધે-ઘટે પણ માતાના પ્રેમનો પ્રવાહ તો એકધારો વહે છે.

રવીન્દ્રનાથ ટાગોરની વાર્તામાં બાળકની વાતો તો જુઓ! નવી માના સત્ય કરતાં જૂની માનું અસત્ય પણ કેટલું પવિત્ર છે? નવી મા, બાળક તોફાન કરે તો સાચે જ જમવા નથી આપતી જ્યારે સગી મા માત્ર બોલે જ છે, કહે છે એમ કરતી નથી.

શિવાજીના ઘડતરમાં માતા જીજાબાઈનો ફાળો કેટલો મોટો છે? જે શીતળતા માતાની ગોદમાં હોય છે તે હિમાલયમાં પણ હોતી નથી.

ખલીલ જીબ્રાન કહે છે કે, મારી માતાએ એક પણ કવિતા લખી નથી. કવિતા જીવી છે. ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર. મા બધાનું સ્થાન લઈ શકે, પણ એક માનું સ્થાન કોઈ ન લઈ શકે.

માતૃપ્રેમની વાતો તો ઘણી કરી ચાલો, હવે માતૃભાષાની વાતો કરીએ.

જનનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસિ। માતા અને માતૃભૂમિ સ્વર્ગ કરતાં પણ ચડિયાતી છે. જેના ઉદરથી જન્મ લીધો એ મા અને જે ધરતી પર જન્મ લઈને બોલી બોલાય એ માતૃભાષા. બાર ગાઉએ બોલી બદલાય. કાઠિયાવાડી, ઝાલાવાડી, કચ્છી, ગુજરાતી - પ્રદેશ પ્રમાણે લોકોની ભાષાના લહેકા બદલાય. ચ્યાંથી આવ્યા ને ચ્યા હેડ્યા? બોલે ત્યાં એની ભાષામાં પ્રાદેશિકતાની ઓળખ આવી જાય. આપ, તમે જેવા શબ્દોથી નાનાને પણ માનથી બોલાવે.

ભાષાના સમાસ, અલંકારો, વિરામચિહ્નો વગેરે તેનાં આભૂષણો છે. શણગાર છે.

શકુન્તલાનું મુખ ચંદ્ર જેવું સુંદર છે. એ રીતે ઉપમા અપાય.

ભાષામાં વિરામચિહ્નો પણ એની આગવી ઓળખ છે. વાક્ય પૂરું થાય ત્યારે પૂર્ણવિરામ અપૂર્ણ હોય તો ત્યાં અલ્પવિરામ, પ્રશ્ન હોય ત્યાં પ્રશ્નાર્થ ચિહ્નો આવે. મા અને માતૃભાષા બંને શણગારથી શોભે છે.

માતા કંગન, ઝાંઝર વગેરે અલંકારોથી શોભે છે તેમ માતૃભાષા પણ ઉપમા, રૂપક વગેરે અલંકારોથી શોભે છે. માતાના ભાલમાં કંકુનું તીલક કરેલું સુંદર લાગે છે? ભાષામાં પણ અનુસ્વારનું એટલું જ મહત્ત્વ છે. ભાષામાં શૃંગાર, કરુણ, હાસ્ય વગેરે રસો હોય છે. માતા પણ પ્રેમ, ગુસ્સો, હાસ્ય અને દુઃખદ પ્રસંગોમાં કરુણ બની જાય છે. મા અને

માતૃભાષામાં એ રીતે સમાનતા છે. બાળક પ્રથમ અક્ષર 'બા' બોલે છે. અક્ષર જ્યારે સમૂહ બને ત્યારે શબ્દ બને છે અને પછી વાક્ય બને છે જે બાળક ધીમે ધીમે શીખે છે.

ભાષાનું પ્રયોજન એકબીજાને પોતાનું મનોગત સમજાવવાનું છે. પરસ્પરના વિચારો આપ-લે કરવાનું માધ્યમ ભાષા છે. બાળક અને મા ભાષા દ્વારા જ સંવાદોની આપ-લે કરે છે ને? માતૃભાષા દ્વારા આપણે લાગણી, હેત, પ્રેમ હાવભાવ બધું વ્યક્ત કરી શકીએ છીએ. મા પણ હેતાળ, પ્રેમાળ વગેરે ગુણોવાળી હોય છે.

માતૃદેવો ભવ । માતૃભાષા દેવો ભવ ।

મા અને માતૃભાષા બંને દેવ સમાન છે. બંને વગર સૃષ્ટિની કલ્પના અધૂરી છે. બંનેથી આપણા અસ્તિત્વની ઓળખ છે. દા.ત. મારી સોસાયટીમાં હું વાત કરતી હોઉં ત્યારે મને ઘણા પૂછે કે 'તમે નાગર છો?' હું કહું કે 'તમોને કેમ ખબર પડી?' ત્યારે જવાબ મળે કે 'તમે બોલો છો એના પરથી' બોલો આનાથી વિશેષ અસ્તિત્વની ઓળખ બીજી કઈ હોઈ શકે? નાગર માના ઉદરથી જન્મ લેવો અને ભાષા પરથી ઓળખ થવી.

માતૃભાષામાં કહેવતોનો પણ બહોળો ઉપયોગ થાય છે : મોઢામાં મગ ભર્યા છે?

ગુજરાતી ભાષા, હરખઘેલા હૈયામાં હરખાતી, મધમીઠું મલકાતી એ ગરવા આ ગુજરાતી ભાષાના પ્રાસ પણ કેવા હોય?

અષાઢી ધન ગરજે કદી, ઝીણું ઝીણું ઝરમરતી એ. આપણે ગુજરાતીઓ નમક ખારું હોય એને પણ મીઠું કહીએ છીએ. ગુજરાતની આ ધરતી અને ગુજરાતી ભાષાને શત શત વંદન.

સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી, –**ઉમાશંકર જોષી**

મોડી મોડી ખબર પડી મા તુ જ છે જ્યોતિધામ. ગમે તે જાત્રાના સ્થળે જાઓ, પણ સાચી શાંતિ તો માના ખોળામાં જ મળે છે. ભાષા ગમે તે બોલો પણ ગુજરાતી ભાષા જેવો શુદ્ધ રણકાર કોઈ ભાષામાં લાગશે નહીં.

નાગરોના જેવી ઉચ્ચાર શુદ્ધિ બીજે ક્યાંય જોવા નહીં મળે – **ગુણવંત શાહ**

ભગવત તો ભજતા, માહેશ્વર આવી પડે; મળે ન એક જ મા, કોઈ ઉપાયે કાગડા! – **કવિ કાગ**

જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત – **અરદેશન ખબરદાર**

માણસ એક પવિત્ર સ્થળની શોધમાં છે જ્યાં એને પરમ શાંતિ મળે, શાતા મળે, આધિ, વ્યાધિ અને ઉપાધિથી મોક્ષ મળે. તેને એક એવા પવિત્ર થાનક સુધી, તીર્થ સુધી પહોંચવું છે જ્યાં જીવન અર્થપૂર્ણ લાગે. એને માટે એ કાશિ જાય, દ્વારકા જાય, મક્કા-મદીના જાય, પણ સાચું તીર્થસ્થાન તો મા અને માતૃભાષા છે. એ જ પવિત્ર જ્યોતિધામ છે. જે માણસને એના અસ્તિત્વની ઓળખ અપાવે છે. એ મા અને માતૃભાષાનાં ચરણોમાં મારું શિશ નમાવી હું મારી લેખન-કલમને વિરામ આપું છું.

**– નયના બુચ**

# માતૃજુબાન નથી જાણતો તેની જુબાન પર ભરોસો કરે કોણ?



**દીપ્તિ વછરાજાની 'શિવા'**

''જનમ પ્હેલાં જ આપી
એ પિપાસાને ઘણી ખમ્મા,
શબદની માંસ મજ્જા
માતૃભાષાને ઘણી ખમ્મા.

ફક્ત જ્યાં માતૃભાષા શબ્દ
માથાબોળ નવડાવે,
કહો નરસિંહ નર્મદની
મીમાંસાને ઘણી ખમ્મા.''

શ્રી અનિલ બર્વે લિખિત નાટક, હમીદાબાઈ કી કોઠીમાં એક પાત્ર છે - સત્તાર. બે દિવસના સત્તારને કચરાપેટી પાસેથી ઉપાડી હમીદાબાઈ પોતાને ત્યાં લાવે છે. ઘણાં વર્ષ પછી નબળી આર્થિક પરિસ્થિતિમાં જીવતાં અને જીવનની આખરી ઘડીઓ ગણતાં હમીદાબાઈ સત્તારને કહે છે, 'તું હવે બહાર બીજું કામ શોધી લે.' ત્યારે સત્તાર કહે છે, 'મને બહાર કામ આપશે કોણ? હું બહાર કામ માગવા જાઉં છું ત્યારે લોકો મારી માતૃજુબાન વિશે પૂછે છે. મને મારી મા કોણ છે એ નથી ખબર એટલે મને મારી માતૃજુબાનની પણ નથી ખબર. જે પોતાની માતૃજુબાન નથી જાણતો તેની જુબાન પર ભરોસો કરે કોણ? હું અત્યારે બોલું છું એ તો ભેળપૂરી જુબાન છે, જેનાથી ન તો અલ્લાહની બંદગી થઈ શકે ન તો કોઈને દુઆ આપી શકાય.' આ અદભુત સંવાદ એક સાથે ત્રણ પાસાં ઉજાગર કરે છે. મા અને માતૃભાષા બંનેથી વંચિત રહેવું અને તેથી પરિણમતો વસવસો અને વલવલાટ.

તો આ છે માતૃભાષાનું મહત્ત્વ. હકીકતમાં આપણે સૌ સંસ્કાર, ભવ્ય વારસો, તળપદી મીઠાશ, લય અને સંવેદનના પંચામૃત સાથે જન્મ લઈએ છીએ. માતાના ગર્ભમાં જ આપણાં જનીન, લોહી અને અવચેતન મન સાથેનો જે પિંડ ઘડાય છે તે તો માતા-પિતાનું અમૂલ્ય પ્રદાન છે જ, પણ કક્કો બારાખડી, જે આપણે જન્મીને શીખીએ છીએ અને એમાં રહેલો લય તે આપણને માતાના ગર્ભમાં મળેલી ભેટ છે. પરિણામે માતૃભાષામાં અભિવ્યક્ત

થવાની સહજતા, ભાષાની તાકાત, કુમાશ અને માધુર્ય પણ સાથે ભેટમાં મળે છે. એમ કહેવાય છે કે, ‘જે જેની પાસે હોય તે એ આપી શકે.’ આ રૂપાંતરણનું સામર્થ્ય તે માને મળેલી કુદરતની એક અદ્‌ભુત બક્ષિસ છે. મા અને માતૃભાષા આમ એક નાળથી જોડાયેલાં છે અને માતૃભાષામાં અભિવ્યક્તિ એ આ નાળનું વિસ્તૃતિકરણ છે.

જેની પાસે માતૃભાષાનું સબળ પીઠબળ છે તેનો આત્મવિશ્વાસ પણ ગજબનો હોય છે. પોતાની ભાષામાં વિચારીને તે જ ભાષામાં વ્યક્ત થવાનું કોઈ પણ બાળક માટે બહુ સહેલું થઈ જાય છે. તે બાળકની વૈચારિક સમૃદ્ધિ અને ભાષાભંડોળ એક અલગ જ સ્તરે સ્થાપિત થયેલાં હોય છે. આ આખીય અદ્‌ભુત પ્રક્રિયાની સમાંતર બીજી એક પ્રક્રિયા આકાર લે છે. જાણો છો, એ શું છે? જો તમે પોતાની માતૃભાષાથી સજ્જ છો, સમૃદ્ધ છો તો વિશ્વની કોઈ પણ ભાષાને જાણીને, સમજીને તમારી પોતાની ભાષામાં તેને મૂલવવાનું સામર્થ્ય તમારામાં છે. માત્ર માતૃભાષાનાં મૂળિયાં જ તમને આ ઓળખ અપાવી શકે. પછી વિશ્વસાહિત્યનું દર્શન તમારા શબદ ગોખમાં દીવો કરશે કારણકે,

‘‘કોઈ માનાં દૂધમાં ક્યાં ભેદ આખા વિશ્વમાં,
મૂળિયાંથી વિસ્તરીને મૂળનો અનુવાદ કર.’’

તમે અને હું, આપણી પાસે જે કંઈ છે એ આવનારી પેઢીઓને આપીને જશું. આપણી માતા પાસેથી મળેલી માતૃભાષા બહુ સભાન રહીને બીજી પેઢીને આપવી એ આપણી મા અને માતૃભાષા પ્રત્યેની ઋણ ચૂકવવાની ઉત્તમ તક છે અને આપણી જવાબદારી પણ છે. યાદ કરો, આપણું મનોજગત આજે પણ બકોર પટેલ – શકરી પટલાણીનાં અદકેરાં રજવાડાંથી તરબતર છે. ડોરેમોન અને મિકી માઉસ સુધી પહોંચવાની સીડીનું પહેલું પગથિયું બકોર પટેલ અને હાથીશંકર ધમધમિયા છે.

આવો, આપણે મા અને માતૃભાષાને શત શત નમન સાથે મા તરફથી મળેલી ભેટનું સંવર્ધન કરીએ, આદર કરીએ કારણકે એ જ આપણા અસ્તિત્વની ઓળખ છે.

‘‘ભણીને માતૃભાષામાં નવી પેઢી ફરી જન્મે,
જનમના પ્હેલ વ્હેલા બાર વાસાને ઘણી ખમ્મા.

અરે, આ એ જ બોલી જ્યાં તમે લોટ્યાં, તમે પોઢ્યાં,
‘શિવા’ એ તળપદા આતમ પતાસાંને ઘણી ખમ્મા.’’

**– દીપ્તિ વછરાજાની ‘શિવા’**

# 'આખો સાગર નાનો લાગે, જ્યારે 'મ'ને કાનો લાગે'



મુકેશ દેસાઈ

મા અને માતૃભાષા વચ્ચેની નાળ અવિભાજ્ય છે. ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું હશે ત્યારે સૌ પ્રથમ 'મા' નું સર્જન કર્યું હશે. આપણું અસ્તિત્વ માને લીધે છે. તેમના ઉદરમાં જ બાળક નવ મહિના સુધી ઉછરે છે. માતા પોતાના બાળક સાથે વાતો કરે છે, સંગીત સંભળાવે છે, સંસ્કારનું સિંચન કરે છે. જાણે છીપમાં મોતી તૈયાર થતું હોય તેમ માતાનો પ્રેમ, ખોરાક અને ભાષા બાળકને ઉદરમાં જ મળતાં રહે છે. તેથી બાળકના જન્મ પછી તે સૌથી પ્રથમ 'મા'નો ઉચ્ચાર કરે છે તે તેની ભાષા માતાની જ હોય છે. તેથી આખી દુનિયામાં તેને 'માતૃભાષા' તરીકે જ ઓળખાય છે. તેનો અનાદર આપણા અસ્તિત્વને નકારવા જેવો છે.

દેહમાંથી દેહ આપે તે મા અને ઓળખ આપે તે માતૃભાષા. માતાના ધાવણ પછીના ક્રમે આવે તે માતૃભાષા. આપણી માતૃભાષામાં જ આપણે બોલી ઊઠીએ છીએ કે 'આખો સાગર નાનો લાગે જ્યારે 'મ'ને કાનો લાગે'. આ મીઠાશ આપણી ભાષાની છે જે ખારા ને પણ મીઠું કહે છે. આપણે ભયમાં કે પડી જઈએ ત્યારે આપણાથી ઉદ્ગાર 'ઓ મા' જેવા થઈ જાય છે. ગુસ્સામાં ખરાબ શબ્દો પણ માતૃભાષામાં જ નીકળે છે. કશે પણ વચન આપવા માટે 'માં'ના જ સમ ખાઈએ છીએ.

મા મમતાની મૂરત છે. વાત્સલ્યથી છલકાતો ઘડો છે. માતા દરેક સંતાનને સરખો જ પ્રેમ કરે છે. તે બાળક અપંગ હોય, બહેરું-મૂંગું હોય, મંદબુદ્ધિનાં હોય. પરંતુ તેનો પ્રેમ એકસરખો વહે છે. તેથી કેહવાય છે કે

'ગંગાના નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે
જનનની જોડ સખી નહી જડે રે લોલ'



મા, માતૃભાષા અને માતૃભૂમિ આનો કોઈ વિકલ્પ નથી. એક આખો દેશ માત્ર માતૃભાષા માટે લડીને ઊભો થયો છે – બાંગ્લાદેશ. સાંદિપની મુનિના આશ્રમમાં વિદાય લેતી વખતે ગુરુજીએ કૃષ્ણને કહ્યું 'વર માગ'. ત્યારે કૃષ્ણે કહ્યું 'માતૃ હસ્તેને ભોજનમ'. તે જ રીતે કહીએ તો 'માતૃમુખેન શિક્ષણમ'. એટલે માતાના મુખેથી શિક્ષણ મળે. તેથી કહેવાય છે એક સંસ્કારી માતા સો શિક્ષકોની બરાબર છે. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે. બાળકને ઉદરમાં હોય ત્યાંથી મોટું સમજણું થાય ત્યાં સુધીમાં અનેક કષ્ટો સહન કરનાર અને પોતાનાં શરીરસુખ ત્યાગ કરનાર માતા ન હોત તો આપણું અસ્તિત્વ જ ન હોય.

માતૃભાષા મારી ત્વચા છે અને અન્ય ભાષા વસ્ત્ર છે. આજે જ્યારે દુનિયા નાની થતી જાય છે ત્યારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભાષાનો ઉપયોગ જરૂરી બની ગયો છે. આર્થિક રીતે સદ્ધર થવા બીજી ભાષા જરૂરી બની ગઈ છે, પરંતુ માતૃભાષાના ભોગે નહી. આપણે આપણી લાગણી, હાસ્ય, પ્રેમ, કરુણા અને ગુસ્સો સૌથી સારી રીતે વ્યક્ત કરી શકીએ છીએ જે માતાના મુખથી નીકળેલી ભાષામાં. ગુજરાતી વ્યક્તિઓ મળે ત્યારે બીજી ભાષામાં વાતચીત કરતાં જોઈને દુઃખની લાગણી થાય છે જાણે મા અને માતૃભાષાને અનાથાશ્રમમાં મૂકી આવ્યા હોય તેવી.

છોરું કછોરું થાય પણ માતા કુમાતા ન થાય તો આપણે આપણી જાતને કછોરું ન થવા દઈએ. આપણે આપણી માતાનો આદર કરીએ તેમ જ મા અને માતૃભાષાને અખૂટ પ્રેમ આપીએ.

**– મુકેશ દેસાઈ**

# મારી માતાનું અમૃત છે મારી માતૃભાષા



**વિશાખા પોટા**

માતૃભાષામાં 'માતૃ' એટલે મા. એમાં 'મા' આવી જાય છે. મા અને માતૃભાષાનો કોઈ વિકલ્પ નથી. મા જે ભાષા બોલતી હોય એ જ માતૃભાષા. બાળક માતાના ગર્ભમાં હોય ત્યારથી જે ભાષા સાંભળે એ જ માતૃભાષા. બાળકનો સંબંધ એના જન્મ પહેલાં જ માતાની નાળ સાથે બંધાયેલો હોય છે. બાળક જ્યારે ગર્ભમાં હોય ત્યારે મા સારું સારું વાંચીને બાળકમાં સારા સંસ્કારોનું સિંચન કરે છે.

''યા દેવી સર્વ ભૂતેષુ,
માતૃરૂપેણ સંસ્થિતા.
નમસ્તયૈ નમસ્તયૈ
નમસ્તયૈ નમો નમઃ''

આ શ્લોક દ્વારા માતાને દેવી કહી છે. એટલે 'મા' એ શબ્દ નથી મંત્ર છે. 'મા'ના એકાક્ષરી મંત્રમાં આખું વિશ્વ સમાયેલું છે. બાળકની કાલીઘેલી બોલીનો શબ્દકોષ એક મા જ સમજી શકે છે. માને કરુણાની અને દયાની મૂર્તિ કહી છે. મા પોતાનાં હાલરડાં મારફત બાળકમાં આત્મવિશ્વાસ અને શૂરવીરતા ગુણો કેળવે છે. 'જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે'. આમાં માતૃશક્તિનો એક અદ્‌ભુત મહિમા ગાયો છે. જે હાથ પારણું ઝુલાવી શકે તે જ હાથ જગતની શાસનધૂરા પણ સંભાળી શકે છે. જયારે કોઈને ઠેસ વાગે ત્યારે 'ઓય મા' એમ જ બોલી જવાય છે. ઈશ્વર બધે પહોંચી નથી શકતો એટલે એણે ''મા''નું સર્જન કર્યું. જેને આપણે મંદિરમાં પૂજીએ છીએ એ આપણા ઘરમાં જ છે.

મને મારી ભાષા બહુ ગમે છે કારણકે હુ મારી માને મા કહી શકું છું. માતૃભાષાનો પ્રેમ અકબંધ રાખીને મા વિષે લખું તો.. ''જયારે 'મ' ને કાનો લાગે ત્યારે આખો સાગર નાનો લાગે'' પછી મા મહેસાણામાં હોય કે મેનહટનમાં 'મા' એ કાયમ 'મા' જ રહે છે. જેમ મા બાળકનું પોષણ કરે છે એમ માતૃભાષા આપણા વિચારોનું પોષણ કરે છે. માને સો શિક્ષક બરોબર એક ગુરુ કહેવાયો છે સારું-નરસું શું કહેવાય એ નાનપણથી આપણને સમજાવે છે એવી રીતે આપણી માતૃભાષા પણ ઘણી સમૃદ્ધ છે. આપણે નાના હતા ત્યારે પંચતંત્રની વાર્તાઓ સાંભળતા એ જ્ઞાન સાથે ગમ્મત આપે છે. આપણાં બાળગીતો તમને રંગોની અને પશુ-પક્ષીઓની ખાસિયત બતાવે છે. કાળી ધોળી રાતી ગાય.. આપણી કહેવતો કેટલી સરસ. હિમ્મત હાર્યા વગર અને ખંતથી જિંદગી કેમ જીવાય એ શીખવે છે. જેવી કે ''કરતાં જાળ કરોળિયો., ભોંય પડી પછડાય, વણતૂટેલા તાંતણે, ઉપર ચડવા જાય. 'પેલા પંખીને જોઈ મને થાય કે એના જેવી પાંખ મળી જાય' ઊંચાં સપનાં જોતાં શીખવે

છે. બાળકવિતાઓ ઈશ્વર ઉપર શ્રદ્ધા અને ભક્તિ રાખવાનું શીખવે છે. 'ઓ ઈશ્વર ભજીએ તને મોટું છે તુજ નામ'

માતૃભાષા જેમાંથી આવી છે એ મા શબ્દની સાથે જ એક સર્જનાત્મક શક્તિનો પરિચય મળે છે. સ્ત્રીની પૂર્ણતાનું સ્વરૂપ એટલે મા. સ્ત્રી જ્યારે મા બને ત્યારે એનામાં ધૈર્ય, સહનશીલતા અને ત્યાગના ગુણો વિકસે છે. કવિ બોટાદકરની આ કવિતા''મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે.. જનનીની જોડ સખી નહિ જડે રે લોલ. ખરેખર 'મા તે મા બીજા બધા વગડાના વા' નાના હતાં ત્યારે રડતાં રડતાં મા પાસે જતાં અને એ માથે હાથ ફેરવે ત્યાં આંસુ રોકાઈ જતાં અને મોટું દુઃખ પણ માની પાસે નાનું થઈ જતું અને નાનું સુખ મા પાસે સરોવર થઈ છલકાઈ જતું. હંમેશાં બાળકોની રક્ષા માટે માનતા માનતી, દીવો કરતી. માતાજીની અષ્ટ ભૂજા જેવું એનું કામ હોય. સહુને ગમતું સદા કરતી, સાચવે સહુનું મન. પણ પોતાના મનનું કરવાનું એને નહીં થતું હોય કદી મન!! માની ઈમયક્ષશિું એટલે એમનાં સંસ્કારી સંતાનો. 'નડે ન પાનખર જેના પ્રેમને, હૈયે સદા વરસાવે હેતને, જેને જગત કહે છે ક્ષમા, તેનું બીજું નામ છે 'મા'

મા માટે વધું શું લખું? ખુદ માએ જ મને લખેલ છે. ગણેશજીને જ્યારે પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનું કહ્યું ત્યારે એમણે માતૃ પ્રદક્ષિણા કરી. આમ બધી જાત્રાનું ફળ પામ્યા.

મારી માતાનું અમૃત છે મારી માતૃભાષા. મારી ભોમની બોલી છે માતૃભાષા. આ ભાષા મારા હૃદયથી બોલાતી અને સહુને સમજાતી, અને સારી લાગતી, મીઠી મધ જેવી, સિંહની ડણક જેવી, માની મમતા જેવી, વ્હાલી જન્મભૂમિ જેવી, એ છે મારી માતૃભાષા. મને મારી ભાષા ઉપર ગર્વ છે લેખક શ્રી ઉમાશંકર જોશીએ માતૃભાષાનું ગૌરવ બતાવ્યું છે એમની કવિતામાંઃ

'સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી. રમે અન્ય સખીઓ થકી દેઇ તાળી, સુધા કર્ણ સીંચે ગુણાલી રસાળી, કરે બોલતાં જે ભર્યા ભાવ છાતી, રમો માતૃભાષા મને ગુજરાતી'

અને આપણા દેશ ઉપર જ્યારે અંગ્રેજોનું શાસન હતું અને ગાંધીજી જ્યારે ગોળમેજી પરિષદમાં જવાના હતા ત્યારે સ્વતંત્રતાની ચળવળમાં આપણા રાષ્ટ્રિય શાયર ઝવેરચંદ મેઘાણીએ પોતાનાં સાહિત્યનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. માતૃભાષામાં લખેલી એમની કવિતા 'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ, સાગર પીનારા અંજલિ નવ ડોળો બાપુ'' આ કવિતાએ ખળભળાટ મચાવી દીધો હતો.

ભારતમાં જુદા જુદા પ્રાંતોમાં જુદી જુદી માતૃભાષા બોલાતી હોય છે, પણ હવે ઇંગ્લિશ મીડિયમનું બહુ ઘેલું લાગ્યુ છે એટલે ગુજરાતી ભાષા લુપ્ત ન થાય એ જોવાનું છે. ગમે તેવા ઇંગ્લિશના 'ખાં' હો પણ અમૂક શબ્દો તમે નાનપણથી સાંભળ્યા હોય એ મોઢામાં તરત આવી જ જાય.

અંતમાં 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત.' હું મારી મા અને મારી માતૃભાષાને બહુ જ પ્રેમ કરું છું એની તોલે કોઈ ન આવે.

**– વિશાખા પોટા**

# શબ્દોની સાંકળ



દીના વછરાજાની

પપ્પાની કેર ટેકર આવી એટલે માનસી એને પપ્પાને જમાડવાનું સોંપી હાંફળી-ફાંફળી નીકળી. રીક્ષા મળતાં સુધીમાં તો એણે વિવેકને ત્રણ-ચાર વાર ફોન ટ્રાય કર્યો. એનો ફોન કવરેજની બહાર આવતો હતો! એને નવાઈ લાગી. એ આજે વર્ક ફ્રોમ હોમ કરવાનો હતો એટલે એક વાગે ઘરની બાજુમાં જ આવેલ પ્લેગ્રુપમાંથી રંશને લાવવાની જવાબદારી એને સોંપી પોતે એકલા રહેતાં અને હવે તો સાવ પથારીવશ એવા પિતા પાસે ગયેલી. આમ તો એમને માટે ફૂલટાઈમ કેર ટેકર હતી. આજે એને ત્રણેક કલાક માટે કશેક જવાનું હોવાથી એને આ સમયે જવું પડ્યું. રંશના છૂટવાનો સમય થઈ ગયો હતો અને વિવેક એને તેડી આવ્યો કે નહીં એતો એનો ફોન લાગે તો જ કન્ફર્મ થાય ને? વિવેકનો બેદરકાર કે ભૂલકણો જે કહો તે સ્વભાવથી એ પૂરેપૂરી વાકેફ હતી એટલે એની ચિંતા અસ્થાને નહોતી. આખરે એણે રિક્ષા સીધી રંશની પ્લે સ્કૂલ તરફ લીધી. એની શંકા સાચી જ નીકળી. રંશ રડું-રડું થતો આયાબાઈ સાથે એકલો ક્લાસના દરવાજે ઊભો હતો. સ્કૂલ છૂટે અડધો કલાક થઈ ગયો હતો અને વિવેકનો અતો-પતો નહોતો. રંશને લઈ ઘરે પહોંચી તો વિવેક ઘરે પણ નહોતો. આ તો એના બેજવાબદારપણાની હદ હતી! ધૂંધવાટમાં માંડ સાંજ પડી. વિવેક આવતાં જ એનો ગુસ્સો કાબૂમાં ન રહ્યો...

''વિવેક તું કેવો બેજવાબદાર ફાધર છે? તને રંશનો પણ વિચાર ન આવ્યો? રોજ તો હું જ બધું સંભાળું છું એક દિવસ માટે પણ તારા પર વિશ્વાસ ન મુકાય!''

''જો માનસી, કાન ખોલીને સાંભળી લે. તું નવરી બેઠી છો. ઑફિસની જવાબદારી એટલે શું એ

તને ક્યાંથી ભાન પડે અને રંશ આવી ગયોને ઘરે. હવે કકળાટ ન કર. એ આવા અનુભવે થોડું ઘડાય એ જ બરોબર છે. તારું ચાલે તો તું તો એને તારા જેવો રોતલ-બુદ્ધ બનાવી દે.''

''હું બુધ્ધ છું? ઓકે. પણ મને એવી બનાવનાર તું જ છે. મારી ખાસ્સી મજાની જૉબ ઘર સંભાળવાને નામે છોડાવી દીધી. મારી સોશિયલ વર્કમાં બેચલરની ડિગ્રી પણ નકામી કરી નાખી.''

''ઘરનું વર્ક તો સંભાળાતું નથી. આવી મોટી સોશયલ વર્કવાળી. હું છોડી દઈશને ત્યારે ખબર પડશે કેટલે વીસે સો થાય.''

આવું સાંભળી સાંભળી માનસી ખરેખર ડીપ્રેશન અનુભવવા માંડી. એણે એ માટે કાઉન્સેલિંગ પણ શરૂ કરી દીધું. ઑફિસના અફેરને જસ્ટિફાય કરવા વિવેકને બહાનું મળી ગયું. એણે માનસીને ડીવોર્સ આપવાનો નિર્ણય કર્યો.

ડીવોર્સ સમયે માનસી ઘણુંય રડી – કકળી, પણ એની અધ્ધર આર્થિક સ્થિતિ, ડીપ્રેશન, પપ્પાની જવાબદારીઓનાં કારણો કોર્ટને આપી વિવેકે રંશનો કબજો મેળવી લીધો. માનસી પડી ભાંગી. એમાંથી બહાર નીકળવાના ભાગ રૂપે એણે એક વૃદ્ધાશ્રમમાં સોશિયલ વર્કર તરીકે જવા માંડ્યું. પપ્પાની જવાબદારી પણ હતી એટલે એણે આ આઘાતમાંથી બહાર આવ્યા સિવાય છૂટકો જ નહોતો. દીકરા માટે ઝૂરતાં માનાં દિલને અહીં કંઈક શાતા મળતી કારણ અહીં સૌ સંતાન-કુટુંબવિહોણાં વૃદ્ધજનો જ હતાં. એ સૌનો સધિયારો બનતાં એને વિશ્વાસ બેસતો કે એક દિવસ એનો રંશ, એનો દીકરો એની પાસે હશે.

એક દિવસ આ આશ્રમમાં નવું એડમિશન આવ્યું. કોઈ ચંપાબાને એના કોઈ સગા ગામડેથી અહીં લઈ આવેલાં. સાવ દુબળો-પાતળો દેહ, ઊંડી ઊતરી ગયેલી આંખો, પાકટ સફેદ સાવ રુક્ષ – સુક્કા વાળ અને ઉપરથી કંપવાને લીધે સતત ધ્રૂજતાં અંગો. એમનું કોઈ ન હોવાથી આ ભલા સગા એમની અહીં વ્યવસ્થા કરવા લાવેલા, પણ ચંપાબા તો એક જ રટણ કરી રહ્યાં હતાં,''એ મુને પાછી ગામ મોકલી દો. મારો સુરિયો આવહે ને ઘર બંધ ભાળહે તો? મુને અહીં નહીં રહેવું.'' પેલા સગાએ માંડ સમજાવ્યાં કે એ આવશે તો અમે અહીં મોકલશું. માનસીનું કુતૂહલ કાબૂમાં ન રહ્યું તે પેલાં સગાંને પડપૂછ કરતાં જાણવા મળ્યું કે આ સુરિયો એટલે એમનો એકનો એક દીકરો સુરેશ. ભણ્યો તો બારમી સુધી, પણ હોંશિયાર બહુ. એને પરદેશ જઈ કમાવાનો બહુ અભરખો. આખરે એને એ તક મળી એટલે માએ દાગીનાં વેચી જવાની સગવડ કરી આપી. માને કહીને ગયો કે ખૂબ કમાઈને આવીશ. કહીને ગયો કે અમેરિકા જાઉં છું ડોલરિયા દેશમાં. એ ગયો એ ગયો પછી કંઈ ખબર નહોતાં.દીકરાં માટે તરસતી આ 'મા'માં માનસીને પોતાની છબી દેખાતી એટલે એ એમની વિશેષ કાળજી લેતી.

ચંપાબા પાસે સુરેશનો એક ફોટો હતો જે એ સૌને બતાવ્યાં કરતાં. થોડો સમય ગયો. દરમ્યાન માનસીનાં પિતાનું અવસાન થયું. હવે માનસીને

પોતાની કરિયર બનાવી પોતાનાં વ્યક્તિત્વને મજબૂત બનાવવું હતું. એણે અમેરિકા જઈ સોશિયલ વર્કમાં માસ્ટર્સ કરવાનું નક્કી કર્યું. અમેરિકાના વસવાટે એનામાં નવો જ આત્મવિશ્વાસ પ્રગટાવ્યો. એના અભ્યાસના ભાગ રૂપે એને અહીં થોડો વખત કોઈ સંસ્થામાં કામ કરવાનું હતું. એને ભાગે ત્યાં સિનિયર સિટિઝન્સ માટે ચાલતી ડે કેર સંસ્થા આવી. અહીં કામ કરતાં એને સમજાયું કે દેશ અને વેષ ભલે બદલાય માણસની લાગણીઓ તો બધે સરખી જ હોય છે. અહીં એને લેવા-મૂકવા સંસ્થાની વેન આવતી. આ વેનનાં ડ્રાઈવરને અહીંના રિવાજ પ્રમાણે એ પણ 'થેંક્યુ' કહેતી. આ ડ્રાઈવરનું નામ સલીમ હતું. એ કાયમ માથા પર મોટી હેટ પહેરી રાખતો એટલે એનો ચહેરો સ્પષ્ટ તો જોવા જ ન મળતો. માનસી ભારતથી છે એમ જાણી એ એની સાથે હિંદીમાં વાત કરતો. હમણાંનું ટેમ્પરેચર થોડું વધ્યું હતું એટલે થોડી ગરમી લાગતી હતી. તે દિવસે સલીમને થેંક્યુ કહી ઊતરતાં એનું ધ્યાન ગયું કે એણે આજે કેપ નથી પહેરી. માનસીને એનો ચહેરો ખૂબ જોયો હોય એવું લાગ્યું, પણ એ પાકિસ્તાની પોતે હિંદુસ્તાની એટલે એ તો કેમ બને? છતાં જેટલી વાર એ સલીમને જુએ એનું મગજ ગડમથલમાં પડે. આખરે એણે તારણ કાઢ્યું કે આ સલીમની દાઢી કાઢી નાખો તો એ અસ્સલ ચંપાબાનાં સુરેશ જેવો લાગે. એણે વાતવાતમાં સલીમને કહ્યું પણ ખરું



''મૈંને ઈન્ડિયા મેં કીસીકી ફોટો દેખી થી. ઊસકી શક્લ બિલકુલ આપસે મિલતી થી.'' સલીમ જરા આડું જોઈને બોલ્યો, ''ક્યા દીદી, કહાં હિન્દુસ્તાની ઓર કહાં પાકિસ્તાની! આપકી નજર ધોખા ખા ગઈ.''

એકાદ અઠવાડિયું થયું હશે. એક સવારે એમની વેનમાં આવેલાં સિનિયર્સને સેન્ટરના પરિસરમાં ઉતારી માનસી ડે કેર સેંટર તરફ જતી હતી. સલીમ પણ એનાથી થોડા ડગલાં પાછળ જ આવી રહ્યો હતો. અચાનક ઉપરથી એક કડાકો સંભળાયો. માનસીનું ધ્યાન ગયું કે એક વૃક્ષની ડાળી તૂટી નીચે પડી રહી હતી. માનસી કંઈ સમજે એ પહેલાં એ જોરથી સલીમનાં ખભા પર પડી. એ સાથે જ સલીમ, ''ઓ માડી રે!...મરી ગયો...'' ચીસ પાડતાં નીચે બેસી ગયો. માનસીની ને એની નજર એક ક્ષણ મળી ત્યાં તો બીજા થોડા લોકો દોડી આવ્યા. સલીમને એમ્બ્યુલન્સ બોલાવી હૉસ્પિટલમાં એડમિટ કર્યો. એને ખભાનું ફ્રેકચર હતું.

બીજે દિવસે માનસી હૉસ્પિટલ પહોંચી ત્યારે સલીમ સૂતેલો હતો. માનસીને જોઈ એ બેઠો થવા ગયો. માનસીએ હાથના ઈશારાથી સૂઈ રહેવા જણાવ્યું. એ આંખો નીચી કરી પડ્યો રહ્યો એટલે માનસીએ જ શરૂ કર્યું, ''સાચું બોલ તું સુરેશ છે ને? ચંપાબાનો દીકરો સુરેશ?''

સજળ આંખે ઉપર જોતાં એ રૂંધાયેલા કંઠે બોલ્યો, ''હા.. મા અને માતૃભાષાની અવગણના કરવા બદલ જ મને આ સજા થઈ!''

''પણ તેં એમ કેમ કર્યું?''

''મારે કોઈ પણ રીતે અહીં આવવું જ હતું. ખાસ ભણેલો તો હું હતો નહીં એટલે સીધી રીતે તો અહીં આવવા મળે એમ ન હતું. ગેરકાયદેસર, પૈસા લઈ કબૂતરબાજી કરતી ગૅંગે મને સલીમ નામના પાકિસ્તાની પાસપોર્ટ પર અહીં ઘુસાડ્યો. એમણે મને સખત સૂચના આપેલી કે ક્યાંય મારી અસલિયત ખુલ્લી પડે તો મને જેલભેગો કરી આખરે તડીપાર કરતાં અહીંની એજન્સીને વાર નહીં લાગે. આ પરિણામથી ડરી હું પૂરેપૂરો સલીમ બની ગયો. મારી માતૃભાષા બદલાવી નાખી ને મારી માને પણ ભૂલી ગયો. એની સાથેની વાતના આધાર પર પકડાઉં તો? પણ તમે મારી માને મળ્યાં છો? કેમ છે એ? અને મને કેવી રીતથી ઓળખ્યો?''

એ બધું હું તને પછી જણાવીશ અને હા, ડૉન્ટ વરી. તારું રહસ્ય હું રહસ્ય જ રાખીશ. તું એકવાર તારે માટે ઝૂરતી મા સાથે વાત કર એ શરતે. ઊંડે ઊંડે માનસીની શ્રદ્ધા એને કહી રહી હતી, 'આ વલવલતી માને શબ્દોની સાંકળ દ્વારા એના દીકરાનો મેળાપ કરાવું તો મને મારો દીકરો રંશ જરૂર પાછો મળશે.' માનસીએ ભારતમાં આશ્રમનો વીડિયો ફોન લગાડ્યો. સાવ પથારીવશ એવા ચંપાબાનો જીવ જાઉં જાઉં કરતાં છૂટતો નથી એ તો એને ખબર જ હતી. ફોન ચંપાબા સામે ધરવામાં આવ્યો કે એમને જોતાં જ સુરેશે ઘુહું મૂક્યું ને માને ઢંઢોળતો હોય તેમ બોલ્યો, ''માડી, આંખો ખોલ, જો હું સુરેશ! તારો સુરિયો! હું અહીં હેમખેમ છું. જલદી તારી પાસે પૂગીશ... માડી ઓ માડી...'' સુરેશનો અવાજ સાંભળી ચંપાબાએ આંખો ખોલી. સ્ક્રીન પર એનો ચહેરો જોઈ ચંપાબાનાં હોઠ પર સ્મિત આવ્યું. એ પૂરેપૂરું ફેલાય એ પહેલાં એમણે ડોકી ઢાળી દીધી. સુરેશની આંખમાંથી અવિરત આંસુ વહેવા માંડ્યાં. માનસીને થયું આ આંસુની કોઈ લિપિ હોય તો એ સુરેશની માતૃભાષા ગુજરાતી જ હોઈ શકે!

**– દીના વછરાજાની**

# નાસ્તિ માતૃસમા છાયા, નાસ્તિ માતૃસમા ગતિઃ।



અલ્પા શુક્લ

મા અને માતૃભાષા આ શબ્દો કે વર્તન દ્વારા આપણને લખવાનું, બોલવાનું કે અભિવ્યક્ત કરવાનું જાણે માધ્યમ, આ શબ્દોની આંટીઘૂંટીમાં આપણે અટવાઈ જઈશું જો સાચા અર્થમાં આ શબ્દોને ચરિતાર્થ ન કરવામાં આવે તો. ખેર, આપણે તો માત્ર થોડી ભાષાની સૂઝબૂઝ અને તેને મઠારીને વ્યક્ત કરશું તો ''મા અને માતૃભાષા'' બન્નેને ઉચ્ચાસને કંડારી શકીશું.

મા વિશે તો આ ધરતી પર અવતરણ કરવા માટે તેની સંવેદનાઓ, મૂક ભાવનાઓ, લાગણીસભર ઊર્મિઓની જાણ આપણા જીવનની પ્રત્યેક પળ તેની સાક્ષી બની રહી હોય છે. જે કદાચ આપણી જિંદગીની રાહ બની જતી હોય છે. પોતાના અસ્તિત્વની




તસવીર : ગૂગલ પરથી સાભાર

ઓળખ સમાં ઘણાં એવાં કાર્યો જે માતા જ કરવાની ક્ષમતા ધરાવતી હોય છે. આપણા ભારતીય સમાજના ઇતિહાસમાં નજર કરશું તો અનેક એવી ''વીર માતા''નાં નામો તમે જાણી શકશો. આવી જ બીજી ઓળખ એટલે આપણી ''માતૃભાષા''.

''માતૃભાષા'' આ શબ્દની શરૂઆતમાં જ ''માતાથી વિશેષ'' લાગણીને અભિવ્યક્ત કરવાની અને જિંદગીના વાસ્તવિક પડકારોને માનવસમુદાય વચ્ચે લાવીને સરળતાથી સમજાવી શકાય તેવી કળા. કદાચ મારા મતે તેનો આવો અર્થ નીકળી શકે. ખેર, આ તો મારા અંગત વિચારોની આપ-લે થઈ, પરંતુ ''મા અને માતૃભાષા બન્ને એકબીજાના પૂરક છે, એવું કહી શકાય.

બાળક જ્યારે સૃષ્ટિ પર અવતરણ કરે ત્યારે માતા એક નવસર્જન તો કરે છે, પરંતુ તેના દ્વારા સમાજને ઉચ્ચ કક્ષાના અનોખા વ્યક્તિત્વની ભેટ આપે છે. એટલે માતા માટે તો સંસ્કૃતમાં કહેવાયું છે કે:

નાસ્તિ માતૃસમા છાયા,
નાસ્તિ માતૃસમા ગતિઃ ।
નાસ્તિ માતૃસમં ત્રાણ,
નાસ્તિ માતૃસમા પ્રપા ।।

'માતા જેવી કોઈ છાયા નથી, માતા જેવી ગતિ નથી, માતા જેવું કવચ નથી, માતા જેવી જીવનદાતા નથી.' આવાં ઘણાં જ સુવાક્યો, વિચારો આપણને આપણી માતૃભાષા વિશે પણ વાંચવા મળે છે. આ વિશે લખવા અને અમલમાં મૂકવા માટે માતૃભાષાથી વિશેષ કંઈ નથી. આપણી જિંદગીની રોજિંદી ઘટમાળમાં પણ અભિવ્યક્તિનું માધ્યમ જ્યારે પોતાની માતૃભાષા હોય ત્યારે બાળકના વ્યક્તિત્વને સુંદર કંડારવામાં માર્ગદર્શક બની રહે છે.

આપણાં શાસ્ત્રો, વિદ્વાનો, કવિઓ, લેખકો ઇતિહાસકારો વગેરે દ્વારા માતૃભાષાની મહત્તા વર્ણવતાં ઘણાં આલેખનો આપણે રોજિંદા વ્યવહારમાં સાંભળતાં, માણતાં અને મમળાવતાં રહીએ તો તેની ગરિમા કદાચ જળવાઈ રહે.

આજના અંગ્રેજી માધ્યમના અતિક્રમણ અને આક્રમક પગપેસારાને લીધે ઘણી વખત એવું લાગે કે માતૃભાષાનું ગૌરવ અને મહત્ત્વ ઘટવા લાગ્યું છે, પણ જ્યારે જીવનના તડકા-છાયાના ઉભાર વચ્ચે 'માનો ખોળો'' અને માતૃભાષાના મૂક સંવાદો જાણે આપણી પડખે ઢાલ બનીને ઊભા રહેતા હોય ત્યારે મનની વાચાને આપણે જાણે મૂક સંમતિ આપતાં હોઈએ છીએ. આવી માતૃભાષાની અભિવ્યક્તિ પ્રેમ, ગુસ્સો, શરમ જેવી માનવસહજ લાક્ષણિકતાઓને પણ જાણે બહાર લઈ આવતી હોય છે. માટે જ મને ''મારી માતૃભાષા પર અને માતા પર'' મારા અસ્તિત્વના ટેકારૂપ લાગે છે.

**– અલ્પા શુક્લ**

# 'મા', માતૃભાષા



દેવાંશી હોરા

'મા' શબ્દ એ એક એવો શબ્દ છે કે જેમાં આખું વિશ્વ છુપાયેલું છે.

'મા' એટલે ઈશ્વરે આપેલી અમૂલ્ય ભેટ,

'મા' વહાલનો દરિયો,
'મા' પ્રેમ અને કરુણાની મૂર્તિ,

'મા' સ્નેહ અને વાત્સલ્યની મૂર્તિ.

ઈશ્વર જ્યારે પ્રેમનું સર્જન કરવા વિચારતા હશે ત્યારે સૌપ્રથમ તેમણે 'મા'નું સર્જન કર્યું. ભગવાન બધી જગ્યાએ પહોંચી શકતા નથી. 'મા' ૯ મહિના બાળકને પોતાના ઉદરમાં રાખે છે. તેવામાં ગર્ભસંસ્કાર દ્વારા સંસ્કારોનું સિંચન કરે છે. તેને ધાર્મિક પુસ્તકો વાંચી સંભળાવી તેને ધાર્મિક બનાવે છે. અનેક કષ્ટોને વેઠી તેને જન્મ આપે છે. નિઃસ્વાર્થ ભાવે તે બાળકનું લાલનપાલન કરે છે. તે પોતે ભીને સૂઈ બાળકને સૂકે સુવડાવે છે. પોતે રાત-દિવસ ઊંઘનો ત્યાગ કરી બાળકનું સુયોગ્ય ઘડતર કરે છે. તે પોતાના શરીરની ચિંતા કર્યા વગર બાળકની સારી રીતે માવજત કરે છે. તેનામાં સારા સંસ્કારોનું સિંચન કરે છે. તેને ભણાવી-ગણાવીને સુયોગ્ય બનાવે છે.

બાળક જન્મે ત્યારથી સમજણું ના થાય ત્યાં સુધી તેને અનેક કષ્ટોનો સામનો કરવો પડે છે. તે પોતાના શરીરની કે પોતાના મોજશોખની પણ ચિંતા કરતી નથી. બાળક માઘેલી બની જાય છે.

'મા' એક એવી વ્યક્તિ છે કે જેની તુલના કોઈની સાથે થઈ શકતી નથી.

'મા' જેવી વ્યક્તિ જગતમાં ક્યાંય જોવા મળે નહીં.

જગતમાં બાળકના મુખમાંથી સૌ પ્રથમ જે શબ્દ નીકળ્યો તે 'મા' છે.

બાળક રમતાં રમતાં પડી જાય કે ગભરાઈ જાય ત્યારે ઓ'મા' એમ કહી 'મા'ને બોલાવે છે. સૌ પ્રથમ તે 'મા'ને જ યાદ કરે છે.

બાળક જ્યારે માંદું હોય

ત્યારે 'મા' રાત-રાત જાગીને તેની સેવાચાકરી કરે છે. બાળકના દુઃખે દુઃખી અને બાળકના સુખે સુખી થાય તેનું નામ 'મા'. તે સતત પોતાના બાળકની કુશળતા માટે પ્રભુને પ્રાર્થના કરતી રહે છે.



'મા'ને મન બાળકના પ્રેમમાં ઘટાડો થતો નથી. તે મા ગરીબ ઘરની હોય કે અમીર ઘરની, તેના પ્રેમનું ઝરણું સતત અવિરતપણે વહ્યા કરે છે.

પોતાનું બાળક આંધળું હોય કે બહેરું, લૂલું હોય કે લંગડું, ગોરું હોય કે કાળું, માતાના પ્રેમનો પ્રવાહ ક્યારેય ઘટતો નથી. 'મા'ને મન તેનાં બધાં જ બાળકો સરખાં જ હોય છે. તે ક્યારેય બાળકો વચ્ચે ભેદભાવની ભાવના રાખતી નથી.

આખા જગતનો આધાર 'મા'ની આંગળીઓમાં છે. 'મા'ની આંગળીઓમાં અભય છે. સામે વાઘ આવી જાય તોપણ બાળકે 'મા'ની આંગળી પકડી હોય તો તે જરાય ડરતું નથી.

એકવાર એક બકરીઓનું ટોળું જંગલમાં ચારો કરવા માટે ગયું હતું. ત્યાં સિંહણ શિકાર કરવા આવી પહોંચી. બધી બકરીઓ આમતેમ સિંહણથી બચવા માટે દોડવા લાગી. તેમાંથી એક બકરીનું બચ્ચું 'મા'થી વિખૂટું પડી ગયું. સિંહણે તેને ડરાવ્યું, પણ તે ડર્યું નહીં અને ત્યાં જ બેસી રહ્યું. ત્યારે સિંહણે બકરીના બચ્ચાને પૂછ્યું, તું મારાથી કેમ ડરતું નથી. ત્યારે તે બકરીના બચ્ચાએ કહ્યું કે 'મા'થી શેનું ડરવાનું? તમે તો મા છો. તમે મને ક્યારેય નુકસાન નહીં પહોંચાડો. આ સાંભળી સિંહણનું હૃદય પીગળી ગયું. તેણે તે બકરીના બચ્ચાને ખૂબ જ વહાલથી ચાંપ્યું અને તેની માતાને પાછું આપ્યું.



આમ, 'મા' ક્યારેય કોઈ બચ્ચામાં ભેદભાવ રાખતી નથી.

ભગવાને 'મા'ને ઘડીને ખરેખર હાથ ધોઈ નાખ્યા છે એમ કહીએ તો એમાં કોઈ સંશય નથી.

જગતમાં મહાન પુરુષોના જીવનમાં 'મા' ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ઘણા બધા કવિઓએ 'મા' ઉપર કવિતા કરી

છે. કેટલીક કહેવતો કરી છે, પણ 'મા'ને સમજવી ખૂબ જ મુશ્કેલ છે. ૧૦૦ જન્મ પણ ઓછા પડે 'મા'ના કરેલા કર્મનું ઋણ ચૂકવાય નહીં.

દુનિયાભરના દેશોમાં 'માતૃભાષા'નું જતન કરવા માટે વિશ્વકક્ષાએ પ્રતિવર્ષે ૨૧મી ફેબ્રુઆરીને 'વિશ્વ માતૃભાષા દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. જેની પાછળનો ઉદ્દેશ્ય ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સમ્માન આપવાનો અને તેને બહુમાન આપવાનો અને ભાષાવાદનો પ્રચાર કરવાનો જ છે.

માતૃભાષા એ ગુજરાતી હોવાનું મહત્ત્વ દર્શાવતી ભાષા છે.

અંગ્રેજી સારું છે, પણ ગુજરાતી મારું છે.

ગુજરાતી ભાષા જેવી મળતાવડી ભાષા આખા વિશ્વની વિવિધ ભાષાઓમાં અલગ તરી આવે છે.

ગર્વ છે મને મારી 'મા' અને મારી 'માતૃભાષા' પર.

'મા' અને 'માતૃભાષા' એ એકબીજાના અનુયાયી છે.

'મા'એ આપણને જન્મ આપીને આપણા જીવનને ધન્ય કરી દીધું છે.

'મા વિનાનું જીવન કાંટાળી વાડ જેવું લાગે છે.

ધન્ય છે. મારી માતા કે જેમણે મને આ ધરતી ઉપર જન્મ આપ્યો.

આપણે ત્રાજવું લઈને તોલવા જઈએ તો માતાનું પલડું હંમેશાં ભારી જ રહે છે. 'મા'ની તુલના ક્યારેય કોઈની સાથે થતી નથી.

'મા' અને માતૃભાષા વિશે જેટલું લખીએ તેટલું ઓછું છે. નોટોનાં પાનાં ખૂટી જશે, પરંતુ 'મા' માટે મારા શબ્દો ક્યારેય ખૂટશે નહીં.

'મા' શબ્દ નાનો પણ તાકાત કેટલી....! પૂરા સંસારની બરાબર એક તું જ 'મા', મને બીજા કોઈ સ્વર્ગની નથી માહિતી એક તારા ચરણોની રજ'માં' મારી આ જિંદગીને સ્વર્ગ બનાવવા તારો ખૂબ ખૂબ આભાર મા'.

**– દેવાંશી હોરા**

# મા તો ફક્ત બાળકના સુખની આશ



દીશિતા પંડ્યા

''મા નથી વર્તુળ કે
નથી ત્રિજ્યા નથી વ્યાસ
મા તો ફક્ત બાળકના
સુખની આશ.''

મા શબ્દ સાંભળતાંની સાથે જ મનમાં એક નીરવ શાંતિનો આભાસ થાય છે. શૈશવકાળથી જિંદગીની સફરમાં એટલે કે આખી જિંદગી માતાનું સ્થાન સંતાનના હૃદયમાં હોય છે અને મા પણ એના બાળકને હસતું-રમતું જુવે એ જ એનો આનંદ. ભલે બાળકો મોટાં થઈ જાય તોપણ મા નાનાં જ સમજે છે.

માનું હૃદય સાગર જેટલું વિશાળ ચોક્કસ હોય, પણ સાગર જેવી ખારાશ એમાં ક્યારેય ન હોય. માનું હૃદય પહાડ જેવું મોટું હોય, પણ એવી કઠોરતા ક્યારેય ન હોય. માનું હૃદય સૂરજ જેવું પ્રકાશ આપનાર હોય, પણ એનામાં પીડા આપનારી તપત ક્યારેય ન હોય. હા, મા ક્યારેક ગુસ્સે થાય, પણ એ ક્ષણિક હોય. સંતાનને નુકસાન થાય એવો ક્રોધ એ ક્યારેય કરતી નથી.

એક વખત I.A.S.માં પુછાયેલો પ્રશ્ન કે તમે જમતા હો ને પીરસનારી બધી સ્ત્રીઓ એ એકસરખી સાડી પહેરેલી ને ઘૂંઘટ કાઢેલ હોય તો તમારી મમ્મીને કેમ ઓળખો? એક છોકરાએ ખૂબ સરસ જવાબ આપ્યો કે એક રોટલી માગો ને થાળીમાં બે મૂકે એ મા.

માનું હૃદય તો અસીમ વેદનાનો સાગર છે જ્યાં સંતાન ખુશ તો મા ખુશ. પોતાના સંતાનનું એવું સુરક્ષા કવચ છે કે ગમે તે પરિસ્થિતિમાં સંતાનને બચાવવા માટે સંતાપ પણ સ્વીકારશે.

એક વખત એક દીકરો પ્રેમમાં પડ્યો. પ્રેમિકાએ માનું કાળજું માગ્યું. દીકરો કાળજું લઈને જતો'તો, ઠેસ વાગી, પડ્યો, કાળજું પથ્થર સાથે અથડાયું. કાળજામાંથી અવાજ આવ્યો - બેટા તને વાગ્યું તો નથી ને?

આ છે માનો પ્રેમ.

મા પોતાના સંતાન માટે સમર્પિત થઈ જાય છે. મા દીકરાની ખૂબ જ કાળજી રાખતી હોય છે. દીકરો સફળતાનાં શિખર સર કરી લે છે એટલે એ લખે છે કેઃ

કોણ કહે છે કે આ ફક્ત
મારી મહેનતનો માળો છે,
અરે આમાં તો ૯૦ ટકા
મારી માનો ફાળો છે.

કેમ કે રાત્રે જ્યારે હું વાંચતો ત્યારે મારી મા બંધ આંખે જાગતી. જ્યાં પોતાના સંતાન માટે આટલું બધું કરે એના સંતાનને સુખી જોવા ઝંખતી માતાની નજર સામે કુદરત એનું સંતાન ન લઈ લે બસ ઈશ્વરને મારી એક જ પ્રાર્થના છે કે-

દુનિયાની કોઈ પણ માતાની આંખ મિચાતાં પહેલાં એના સંતાનની આંખ ક્યારેય ન મિચાય. જેમ કે મધર ઈન્ડિયામાં નરગિસજીએ કહ્યું છે :

'જગ મેં રહે તું જિન્દા ઉજડે ન ગોદ મેરી'

કારણકે માના પ્રેમની કિંમત બીજા કરતાં ૯ મહિના વધારે હોય છે.

**માતૃભાષા**

ભાષા એટલે આપણા વિચારોને બીજા સામે મૂકવા માટે જે શબ્દોને વાચા આપે એ.

માતૃભાષા એટલે આપણા ઘર-પરિવાર-સમાજમાં બોલાતી ભાષા. બીજી ભાષા આપણે શીખવી પડે છે જ્યારે કે માતૃભાષા તો સમજણા થઈએ ત્યારથી આવડવા માંડે છે.

જેમ કે નેલ્સન મંડેલાએ કહ્યું છેઃ કોઈ માણસને તમે એ સમજે એ ભાષામાં બોલો તો એના મસ્તિષ્ક સુધી જાય છે, પણ તેને તમે એની માતૃભાષામાં સમજાવો તો હૃદય સુધી પહોંચે.

માની વાત અદ્‌ભુત છે એમ માતૃભાષાની વાત પણ અનોખી છે. હૃદય સુધી પહોંચતી ભાષાનો આનંદ અનેરો હોય છે. હવે લોકો અલગ અલગ ભાષા શીખવાનો પ્રયત્ન કરતા હોય છે. અંગ્રેજી ભાષાએ તો ભારતીય સમાજમાં એવું પ્રભુત્વ મેળવી લીધું છે કે હવે એક વાક્યમાં ત્રણ-ચાર શબ્દ અંગ્રેજીના ન હોય તો સામેવાળાને એવું લાગે કે તમને કાંઈ નથી આવડતું.

ભાષા એટલે શબ્દની ગોઠવણી નહીં, પણ વિચારોની અભિવ્યક્તિ. માતૃભાષા એટલે શબ્દની રજૂઆત વગર એટલે કે બાળક ખોળામાં હોય ને મા સમજી જાય એ માતૃભાષા મૌનથી પણ સમજી શકાય.

**- દીશિતા પંડ્યા**

# ચોખ્ખું ગુજરાતી બોલવું – એ નાગરની ઓળખ



**જીવિકા બુચ**

મા સાથે રહીને પહેલો શબ્દ મા બોલતાં શીખી. મમ્મી-પપ્પાને સાંભળતાં મારી ઓળખ ગુજરાતી ભાષા સાથે થઈ. નાની હતી ત્યારે મને બાળગીતો અને જોડકણાં સંભળાવતાં. મને મમ્મી અને ગુજરાતી ભાષા બહુ ગમે છે. આ વૅકેશનમાં હું ગુજરાતી વાંચતાં અને લખતાં શીખી. હું ઈંગ્લિશ મીડિયમમાં ભણું છું. હું બોલું ત્યારે અંગ્રેજી શબ્દો ભી આવે છે, પણ હું કોશિશ કરું છું કે સારું ગુજરાતી બોલું. મારા પપ્પા હંમેશા કહે છે કે ચોખ્ખું ગુજરાતી બોલવું – એ નાગરની ઓળખ છે. ભૂલ હશે, પણ મારી પ્રિય ભાષા છે ગુજરાતી.

**– જીવિકા બુચ**

# બાળકની સંસ્કૃતિની પારાશીશી - માતૃભાષા



કૃતિકા ત્રિવેદી

સાચે જ મારા-તમારા સૌના અસ્તિત્વની ઓળખાણ એક જ મોંઘો અમૂલ્ય શબ્દ ''મા'' વગર અશક્ય છે.

''નાસ્તિ માતૃસમા છાયા,
નાસ્તિ માતૃસમા ગતિઃ,
નાસ્તિ માતૃસમં ત્રાણં
નાસ્તિ માતૃસમા પ્રિયા.''

અર્થાત્ માતા સમાન કોઈ છાયા નથી, માતા જેવો કોઈ સહારો નથી, મા સમાન કોઈ રક્ષણકર્તા નથી અને મા સમાન કોઈ પ્રિય વસ્તુ નથી.

પ્રકૃતિની દરેક વસ્તુમાં માતૃત્વ છે. મા તો સઘળા અસ્તિત્વનું પ્રારંભિક રૂપ છે.

''પ્રશસ્તા ધાર્મિકી વિદુષી માતા વિદ્યતે યસ્ય સ માતૃમાન.''

ધન્ય છે એ માતાને જે ગર્ભાધાનથી લઈ જ્યાં સુધી વિદ્યા પૂરી ન થાય ત્યાં સુધી સુશીલતાના ઉપદેશ આપતી હોય છે. આ આખી સમજવાની પ્રક્રિયા માત્ર માતૃભાષા દ્વારા જ શક્ય છે.

''માતૃભાષા'' શબ્દમાં જ સમજાય છે માતા દ્વારા ઉચ્ચારાતી ભાષા જે બાળકના જન્મથી કાને પડતી હોય છે જે તેને ઘણી સહેલાઈથી અને સરળતાથી સમજી શકે છે. માતા તેના બાળક સાથે સૌથી વધારે સમય પસાર કરનાર, પ્રાથમિક સંભાળ રાખનાર અને ગુરુ સમાન છે. આ શિક્ષણ આપવામાં માતૃભાષા ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. માતૃભાષા બાળકને જન્મ પછી સાંભળીને એક ચોક્કસ આકારમાં તેની લાગણી તથા વિચારોને સમજાવવામાં મદદ કરે છે.

જે બાળકને માતૃભાષા પર ખૂબ સારું પ્રભુત્વ હોય છે તે બીજી ભાષાઓ ખૂબ જ જલદી અને સરળતાથી શીખી શકે છે. બાળક પોતાની સંસ્કૃતિ તેની માતૃભાષા પરથી જ જાણી શકશે. સમાજ લોકોને તેમની ભાષા થકી જ પ્રથમ ઓળખે છે. માતૃભાષાનું માનસિક પીઠબળ એ છે કે બાળક આત્મવિશ્વાસુ અને સ્વાવલંબી બની જાય છે.

માહિતી આપલે કરવાનું સૌથી સરળ સાધન એટલે માતૃભાષા. સવારથી રાત સુધીમાં મા-બાળકની અનેક જુદા જુદા વિષયને લગતી વાતચીત તેના વ્યાકરણ, શબ્દભંડોળ તેમ જ ભાષાનું આખું માળખું તૈયાર કરી શકે છે. મા સાથે સંવાદ કરતાં આપોઆપ જ માતૃભાષા સૌ પહેલાં ઘરમાંથી શીખે છે અને બાળમાનસ પર તે આજીવન અંકિત થઈ જાય છે. દુનિયામાં બધું બદલાઈ શકશે, પણ ભાષા જે અંતરાત્મા સાથે વણાયેલી છે તે ક્યારેય નહિ બદલાય.



વતનથી દૂર અમેરિકામાં જ્યારે ઘણા દેશોના લોકોની વચ્ચે ફરતાં મને ઓળખતા ન હોવા છતાં ''કેમ છો'' કે ''જય શ્રીકૃષ્ણ'' કહે ત્યારે આનંદની અનુભૂતિ તથા આત્મીયતા અનુભવાય છે, અરે આ તો આપણા ગુજરાતી છે. શ્રી નેલ્સન મંડેલાનું વાક્ય મને યાદ આવે છે ''તમે જો કોઈ વ્યક્તિ સાથે અન્ય ભાષામાં વાત કરો છો તો તેના માથા સુધી સમજાશે, પણ તમે તેની માતૃભાષામાં વાત કરશો તો તેના હૃદય સુધી પહોંચશે.''

માતાનું કુટુંબમાં જેટલું મહત્ત્વનું સ્થાન છે તેટલું જ સ્થાન માતૃભાષાનું રાષ્ટ્રને ટકાવી રાખવામાં છે. સંવેદના પ્રગટાવે તે માતૃભાષા.

મા, માતૃભાષા માત્ર માનવજાત પૂરતી સીમિત નથી, પ્રાણીઓ, પક્ષીઓને જુઓ તેમના બચ્ચાને પોતાની ભાષામાં અવાજથી પરખાવે છે. પાલતુ પ્રાણી, પક્ષી જેના ઘરમાં રહે છે તે પણ તેમના માલિકની ભાષા સમજે છે.

માતૃભાષાનો વ્યાસ કેટલો વિશાળ છે. માતૃભાષા અને સંગીત કાવ્યનું સર્જન કરે છે. નાનપણમાં હાલરડું તથા બાળગીતો તેમના માનસપટ પર ખૂબ જ હકારાત્મક અસર કરે છે. તે ગાઈ ન શકે, પણ સાંકેતિક ભાષામાં તાલ મેળવી રજૂ કરી શકે છે, શબ્દોને સમજી શકે છે, જેનું મુખ્ય કારણ તેની માતૃભાષા છે. તાલ, શબ્દ, સૂર, લય બધું જ માતૃભાષા શીખવી જાય છે.

કેટલાંક બાળકોની બોલવાની ક્ષમતા મોડી શરૂ થતી હોય છે, પણ તે તેની માતૃભાષા સમજવામાં પૂર્ણ રીતે સક્ષમ હોય છે જે ''માતૃભાષા'' શબ્દને ખરેખર યથાર્થ કરે છે.

આપણને ગમતાં પુસ્તકો, ગીતો લખનાર લેખકો, કવિઓ કંઈ રાતોરાત પ્રસિદ્ધ નથી થઈ જતા, તેમના ઘડતરનાં મૂળમાં તેમની મા તેમ જ તેમની માતૃભાષાનો સિંહફાળો છે.

કોઈ પણ ધાર્મિક કથા તેમ જ પ્રવચનો જે સાંભળવા માટે જકડી રાખે છે તેના મૂળમાં તેમની માતૃભાષાનું પ્રભુત્વ જ તેમને સારા વક્તા બનાવી શકે છે.

મને તો એક ડગલું આગળ વિચારતાં લાગ્યું કે માની આગળ નાનીમા તથા દાદીમા શબ્દ પણ આપણા

ઘડતર તેમ જ અસ્તિત્વમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. મેં પણ એ વડીલોની પાસેથી ગૌરીવ્રત, નવરાત્રી, દિવાળી વગેરે તહેવારોની સમજ, અગત્યતા શીખ્યાં છે જે ''માતૃભાષા''ની જ દેણ ને.''

આમ ભાષા થકી આપણે આગલી પેઢીને પણ આપણી સંસ્કૃતિનું મહત્ત્વ સમજાવી શકીએ છીએ.

મા તેમ જ માતૃભાષાની સાથે આપણી જગતજનની મા ''અંબા'' તથા શ્રી હાટકેશ દાદાનું સ્મરણ કેમ ભુલાય?

જે સ્તોત્રો, શ્લોકો તેમ જ ધાર્મિક ગ્રંથોમાં બહોળો ઉપયોગ થયેલી દેવોની શુદ્ધ ભાષા ''સંસ્કૃત'' તેમ જ દરેક ભાષાનું મૂળ ઉદ્‌ભવસ્થાન. જે નાનપણથી આપણે સૌ ઘરમાં સાંભળીને મોટા થયા છીએ. વાંચતાં ન આવડતું હોવા છતાં આબાલવૃદ્ધ સૌ સારી રીતે પઠન કરી શકે છે.

તો આવી છે આપણી ''મા''એ આપેલી ''માતૃભાષા''ની અજાયબી.

મા સરસ્વતીના ચરણોમાં

''યા દેવી સર્વ ભૂતેષુ
માતૃરૂપેણ સંસ્થિતા,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ
નમસ્તસ્યૈ નમો નમઃ

**– કૃતિકા ત્રિવેદી**



# માતૃભાષા : આપણો વારસો અને ગૌરવ



નમ્રતા સ્વાદિયા

જેવી રીતે મા માટે કહેવાય છે કે જનનીની જોડ રે નહિ જડે રે લોલ તથા મા તે મા બીજા બધા વગડાના વા તેવી રીતે માતૃભાષાનો કોઈ વિકલ્પ હોતો નથી. મા જેમ ગર્ભાધાનથી માંડીને બાળક પરિપક્વ થાય ત્યાં સુધી સંસ્કાર, કેળવણી અને ચારિત્ર્ય ઘડવામાં ભાગ ભજવે છે તેમ માતૃભાષા પણ આપણું ઘડતર કરવામાં ખૂબ મદદરૂપ થાય છે. મા વગર જેમ જીવન અધૂરું છે તેમ માતૃભાષા વગર આપણું ઘડતર અધૂરું છે. આપણે જાણીએ છીએ કે માને આપણા ઘડતર માટે કડક થવું પડે છે. આપણી સાથે કડવા થવું પડે છે અથવા અણમાનીતા થવું પડે છે એટલે આપણે તેના પ્રત્યે આપણો રોષ પ્રદર્શિત કરતાં હોઈએ છીએ અને બીજી કોઈ વ્યક્તિ આપણને પ્રિય લાગે છે તેવી રીતે આપણે બીજી કોઈ ભાષાથી અંજાઈને માતૃભાષા પ્રત્યે દુર્લક્ષ સેવતાં હોઈએ છીએ. જેવી રીતે મા સાથે આપણે ખુલ્લા દિલે નિખાલસતાથી ગભરાયા વગર કોઈ પણ વાત કરી શકીએ છીએ કારણકે આપણને ખબર છે કે જીવનની કોઈ પણ તકલીફમાં, સમસ્યામાં મા આપણને ચોક્કસ મદદ કરશે. તેવી જ રીતે માતૃભાષામાં આપણે આપણા વિચારો સરળતાથી ખુલ્લા દિલે આબેહૂબ રજૂ કરી શકીએ છીએ. માટે આપણે સૌએ ભેગા મળીને માતૃભાષાને જીવંત રાખવા પ્રયત્ન કરવા જોઈએ. બાળક જ્યારે બહુ મોટું થાય ત્યારે જીવનની વ્યસ્ત દિનચર્યાને કારણે મા સાથેનો સંપર્ક અને સંવાદ ઓછો થઈ જતો હોય છે તેમ માતૃભાષા માટે પણ કહેવાય છે કે વ્યક્તિ ધંધાકીય પ્રગતિ માટે ભલે બીજા દેશમાં જાય તોપણ ઘરમાં પોતાના કૌટુંબિક સંવાદ માટે માતૃભાષાનો ઉપયોગ કરવો જોઈએ, નહિતર પછીની પેઢીને માતૃભાષાનો સહેજ પણ પરિચય રહેશે નહિ.

જેમ માના આપણા ઉપર અગણિત ઉપકાર હોય છે, ઋણ હોય છે તેને આપણે તેમની

હયાતીમાં અથવા હયાતી બાદ યાદ કરવા જોઈએ તેમ આપણે ગમે તે દેશમાં રહેતાં હોઈએ પણ આપણે આપણી માતૃભાષાના અગાઉ થયેલા લેખકો કવિઓ જેને માતૃભાષાની અમૂલ્ય સેવા કરી હોય છે તેમને વાંચવાનો મહાવરો રાખવો જોઈએ જેથી તેમની કરેલી સેવાનું ઋણ અદા કરી શકાય. જેમ મા આપણા જીવનને પોતાના અનુભવો દ્વારા સમૃદ્ધ બનાવે છે તેમ માતૃભાષામાં લખેલ સામયિકો, ધાર્મિક પુસ્તકો, સાહિત્ય આપણા જીવનની દશા અને દિશા બન્ને બદલવામાં સહાયરૂપ થઈ શકે છે.

આપણે બીજાની માને અવગણીએ નહિ, પણ પોતાની માનું ધ્યાન રાખવામાં કોઈ જાતની કસર ન છોડીએ તેવી જ રીતે માતૃભાષા એ સંસ્કારની જનની છે. માતૃભાષા વગર નથી આનંદ, નથી અભિવ્યક્તિ કે નથી વિકાસ. આપણે સંકુચિત કે સંકીર્ણ ન બનીએ. વિશ્વ સાહિત્ય અને વિશ્વ સંસ્કૃતિની દિશાઓમાં બધાં બારીબારણાં મોકળા રાખીએ, પણ સાથે જ આપણી માતૃભાષા છે તેને અવગણીએ નહિ. ડુંગરા ભલે પૂજીએ પણ ઉંબરાને પૂજવાનું ન વીસરીએ.

આપણે જાણીએ છીએ કે મા જેટલો નિઃસ્વાર્થ પ્રેમ દુનિયાની બીજી કોઈ વ્યક્તિ કરી શકે નહિ અથવા મા જ પોતાના બાળકને બિનશરતી પ્રેમ આપી શકે છે કારણકે સંસારના બધા સંબંધોમાં કંઈ ને કંઈ અપેક્ષા હોય છે જ્યારે માનો પ્રેમ નિરપેક્ષ હોય છે તેમ માતૃભાષા જેટલી પ્રેમાળ નિખાલસ અને નિર્દોષ ભાષા વ્યક્તિ માટે એક પણ હોતી નથી એટલે આ વસ્તુનો, ભાવનો અનુભવ જ્યારે જ્યારે આપણી ભાષામાં કંઈક વાંચન કરીએ છીએ, શ્રવણ કરીએ છીએ ત્યારે થાય છે.

આપણે સૌ આપણી માના દોષ અને મર્યાદા જાણતાં હોઈએ છીએ અને બીજાની માના ગુણ વધારે દેખાય છે એટલે આજકાલ વાલીઓમાં પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની હરીફાઈ થતી જોવા મળે છે. શું ગુજરાતી કે પોતાની માતૃભાષામાં ભણતું બાળક પોતાની કારકિર્દી બનાવવામાં નિષ્ફળ જાય છે. આ એક સવાલ સમાજમાં દરેક વ્યક્તિને થાય છે કારણકે આ પ્રશ્નનો ચોક્કસ કે સચોટ જવાબ કોઈ આપી શકે તેમ નથી. જ્યારે કોઈ વ્યક્તિ જીવનમાં પોતાની ધારેલી સફળતા ન મેળવી શકે તો છેલ્લે દોષ માધ્યમ પર ઉતારે છે, પરંતુ ખરેખર તો સફળતા કે નિષ્ફળતા વ્યક્તિની મહેનત, હોશિયારી અને ભાગ્ય પર નિર્ધારિત હોય છે.

અને છેલ્લે એટલું જ જણાવવાનું કે ભલે વિશ્વવિદ્યાલયમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનું ભણતર અંગ્રેજી ભાષામાં હોય જેથી વ્યક્તિને બીજા રાજ્યમાં બીજા દેશમાં જાય અથવા બહારની વ્યક્તિ સાથે વાતચીત કરવામાં આગળ કારકિર્દી બનાવવામાં સરળતા રહે, પરંતુ આપણે સૌએ આપણી પોતાની માતૃભાષા અને બીજી કોઈ પણ ભાષા વચ્ચેનું સમતુલન જાળવી રાખવા પ્રયત્ન કરવો જોઈએ જે આપણી માતૃભાષાની આપણી અમૂલ્ય સેવા ગણાશે. માતૃભાષા એ આપણો વારસો અને ગૌરવ છે, તેનું જતન કરવું એ આપણું કર્તવ્ય છે.

**– નમ્રતા સ્વાદિયા**

# તમારા વિચારો અને સપનાંની ભાષા – માતૃભાષા



નિમિષા મજમુંદાર

કવિશ્રી દીપક ઝાલા 'અદ્વૈત' કહે છેઃ

'મા' કહું 'મમ્મી' કહું
અથવા કહું હું 'માવડી'
ફક્ત માએ શીખવાડી
એ જ ભાષા મને આવડી.

બાળકને ભાષાનું શિક્ષણ છેક ગર્ભાવસ્થાથી મળે છે. ગર્ભમાં રહીને વિકાસ પામતા બાળકના મસ્તિષ્કને, ભાષાનો પહેલો પરિચય એની માના બોલાયેલા શબ્દો થકી જ થાય છે. જન્મ પછી પણ ગળથૂથીની સાથે-સાથે, મા જે ભાષામાં વાતચીત કરતી હોય એ ભાષાનું પ્રાશન કરવાનો લહાવો દરેક બાળકને મળે છે અને એ જ ભાષા બાળકની માતૃભાષા બને છે. કોઈએ સાચું જ કહ્યું છે 'જે ભાષામાં તમે વિચારતા હો અને જે ભાષામાં તમે સ્વપ્ન જોતા હો એ જ તમારી માતૃભાષા.'

આશરે ઈ. સ. ૧૧૦૦-૧૫૦૦મા જન્મેલી મનાતી અને કાળક્રમે જે આજના આધુનિક સ્વરૂપે આપણને પ્રાપ્ત થઈ, આજે દુનિયાના સાડા છ કરોડ કરતાં વધુ લોકો દ્વારા બોલાતી અને સમગ્ર વિશ્વમાં છવ્વીસમા ક્રમે પ્રસ્થાપિત એવી 'ગુજરાતી' મારી માતૃભાષા છે, એ વાતનો મને ગર્વ છે. આ એ જ આપણી ગરવી ગુજરાતી ભાષા છે જે પ્રાચીન કાળમાં શ્રી હેમચંદ્રાચાર્ય સુરિ દ્વારા એક ઠોસ સ્વરૂપને પામી અને આદિ કવિ નરસિંહ મહેતાજીએ એનું ગેય સ્વરૂપ પ્રજા સમક્ષ ઉજાગર કર્યું. એ પછી અનેક મધ્યકાલીન લેખકો અને કવિઓએ એનું દોહન કરીને એના અદ્‌ભુત રસની લહાણી કરી, કંઈ કેટલાય કાળખંડ પસાર કરીને, રંગરૂપમાં પરિવર્તન પામીને આજની આધુનિક કલેવરમાં શોભતી શ્રી ઉમાશંકરભાઈ જોષીની 'સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી' એવી આપણી માતૃભાષા ગુજરાતી આપણી પેઢીને મળી છે.

ગુજરાતીનું સેવન કરનારા સાડા છ કરોડમાંની એક એવી હું, આજે જે થોડીઘણી કલમની

આરાધના કરી શકું છું, એ માટે શુદ્ધ ગુજરાતી ભાષાનું જ્ઞાન અને એનો મહિમા સમજાવવાનું શ્રેય મારી મા 'કિશોરી'ને આપવું પડે. નામ કિશોરી અને સ્વભાવ આજે પંચ્યાશી વર્ષે પણ કિશોરી જેવો સરળ, નિષ્પાપ અને નિખાલસ. એનું સાવ બાળક જેવું ખડખડાટ હાસ્ય, એ એનો ટ્રેડમાર્ક. એનો ગોરો વાન અને માંજરી આંખો પણ સદા સૌમ્ય અને છતાં પ્રભાવશાળી. કોઈ પણ વ્યક્તિને સાવ સહજતાથી માફ કરી શકવાની એની ઉદારતા અને 'શિવાર્પણમસ્તુ' કહીને બધું જ પરમાત્માને સોંપી શકવાની એની દૃઢ ધર્મનિષ્ઠા; એ બે ગુણો એના જીન્સ સાથે વહીને મારામાં આવ્યા તો હશે જ, પણ ભાષાની જેમ પ્રભાવી બનીને એ સ્પષ્ટ રીતે મારામાં પ્રગટ થાય તો એ વારસો સાર્થક થયો ગણાય.

અમારા બાળપણમાં અમારી બન્ને ભાઈ-બહેનની ભાષામાં જરા પણ અશુદ્ધિ ન પ્રવેશે એ બાબત મારી મમ્મી સદાય સજાગ રહેતી. સરકારી નોકરીમાં પપ્પાની વર્ષે-બે વર્ષે થતી બદલીઓને કારણે ગામેગામ ફરવાનું થતું. સાવ નાનાં ગામડાંમાં પણ રહેવાનું થતું. ત્યારે બધી જ સખીઓ જે



તે પ્રદેશની ગામઠી ભાષા બોલતી હોય, અને સ્વાભાવિકપણે એને શુદ્ધ ગુજરાતી સાથે બહુ ઓછું લાગતુંવળગતું હોય. એવા સંજોગોમાં એ અપભ્રંશ ભાષાનો એક પણ શબ્દ અમારા બોલવામાં આવે એ સાથે તરત જ મમ્મી અમને ટકોર કરે, આપણે નાગર છીએ, આપણી ભાષા આવી ન હોય! 'પૂંજો' ન કહેવાય 'કચરો' કહેવાય અને 'પોણી' ન બોલાય 'પાણી' બોલાય. એની ટકોર એવી સ્પષ્ટ અને સીધી હોય કે એ હંમેશ માટે યાદ રહી જાય. એણે એના ઝીણા અને મીઠા અવાજમાં શિખવાડેલાં ગીતો અને ગરબાએ જ મને ગુજરાતી કાવ્યજગત સાથે અતૂટ મૈત્રી કરાવી.

સ્કૂલમાં શિક્ષકો દ્વારા ગુજરાતીનું શિક્ષણ શરૂ થયું એની સમાંતર ઘરમાં પણ એ ચાલતું રહ્યું. રોજ રાતે સામે બેસાડીને કક્કો, બારાક્ષરી અને આંક બોલાવવાના એના નિયમને કારણે આજે પણ કક્કો કડકડાટ યાદ છે. ગણિત, વિજ્ઞાન અને ઈંગ્લિશ એ પપ્પાના વિષયો અને ગુજરાતી જોડણી અને વાક્યરચના સહિતનું વ્યાકરણ એ મમ્મીનો પ્રિય વિષય. કદાચ એ જ કારણે આજે કલમ થકી વહેતો માતૃભાષાનો અસ્ખલિત પ્રવાહ, જે મારા અસ્તિત્વની ઓળખ બની શક્યો છે, એ મારે માટે મારી માના વરદાન સમો છે. આઠ-નવ વર્ષની ઉંમરે સંસ્કૃતના શુદ્ધ ઉચ્ચારણ અને અર્થ સાથે અનેક શ્લોક અને શક્રાદય, મહિમ્ન જેવાં સ્તોત્ર કંઠસ્થ કરાવવાનું એણે શરૂ કર્યું, જે આજે પણ યાદ છે. એટલે સંસ્કૃત ભાષા સાથે પરિચય પણ એના થકી જ થયો. માએ માતૃભાષા થકી રોપેલાં ભાષાપ્રેમનાં મૂળિયાં એટલાં ઊંડાં ઊતરેલાં હતાં કે સંસ્કૃત, હિન્દી, ઈંગ્લિશ જેવી ભાષાઓ સ્વીકારવામાં બિલકુલ તકલીફ ન પડી. એની એક સલાહ કાયમ માટે હૃદયમાં કોતરાઈ ગયેલી છે, તમે ગમે તેટલા દૂર-દેશાવર ફરો, તમને ધાણીફૂટ ઈંગ્લિશ બોલતાં આવડે, છતાં પણ જો તમને ગુજરાતી અધકચરું આવડતું હશે તો મારા મતે તમે સાવ અભણ જ ગણાઓ. ગુજરાતી આપણી માતૃભાષા છે અને એ તમને બરાબર આવડવી જ જોઈએ.

આજે હૃદયમાં માતૃભાષા માટે જે અનહદ સન્માન અને અદકેરી લાગણી છે, એ મારાં બાળકોમાં પણ ઊતરે એવો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. અમેરિકામાં જન્મીને મોટી થયેલી બન્ને દોહિત્રીઓને શુદ્ધ ગુજરાતી બોલતી સાંભળું છું ત્યારે ત્રીજી પેઢીએ માતૃભાષા જળવાઈ રહ્યાનો અનહદ આનંદ થાય છે. માતૃમહિમાની જેમ માતૃભાષાનો મહિમા પણ અનંત છે. માતા તરફથી આપણને મળેલા આ અમૂલ્ય વારસાનું જતન કરવું, એનું સંવર્ધન કરવું અને પ્રસાર કરવો એ આપણી પવિત્ર ફરજ છે, અને તો જ મા તરફથી મળેલ આ વરદાનનું ઋણ સાચી રીતે ચૂકવ્યું ગણાશે.

**– નિમિષા મજમુંદાર**

# ઈશ્વરીય અણમોલ સોગાત - મા અને માતૃભાષા



નિષ્ઠા વછરાજાની

વિશ્વભરમાં ૨૧મી ફેબ્રુઆરીનો દિવસ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ વિશ્વભરના લોકોમાં પોતાની ભાષા તથા સંસ્કૃતિ પ્રત્યે રુચિ કેળવવાનો તથા તે વિશે જાગૃતિ ફેલાવવાનો છે. માતૃભાષા એ સમાજિક મૂલ્યોની અમૂલ્ય ધરોહરનું જતન કરવા માટેનું સક્ષમ માધ્યમ છે. કોઈ પણ વ્યક્તિના અંગત - વ્યક્તિગત વિકાસ માટે તેમ જ સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે માતૃભાષા જરૂરી છે. માતૃભાષાનો પ્રયોગ, સંરક્ષણ અને સંવર્ધન કરવું અને તેનું ગૌરવ વધારવું તે આપણો હક્ક છે, તો અન્યની માતૃભાષાને સન્માન આપવું તે આપણી ફરજ છે. યુનેસ્કો દ્વારા 'માતૃભાષા દિવસ' ઊજવવાની જે પહેલ કરવામાં આવી, તે પરથી જ ખ્યાલ આવે છે કે, આપણા જીવનમાં માતૃભાષાનું સ્થાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

વળી, દર વર્ષે ૨૪ ઑગસ્ટના રોજ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતી સાહિત્યના આદ્ય કવિ અને સામાજિક પરિવર્તનના સમર્થક એવા કવિ નર્મદની સ્મૃતિમાં તેમના જન્મદિવસને 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આપણે સહુ જાણીએ છીએ કે, દુનિયાના લગભગ તમામ દેશોમાં ગુજરાતીઓ વસે છે અને તેઓ વિશ્વભરમાં ગુજરાતી ભાષા તથા સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસાર કરી રહ્યા છે. કવિ નર્મદે પોતાના એક અમર કાવ્યમાં તેનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે,

''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત..
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી,
ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત!''

એમ કહેવાય છે કે, બાર ગાઉંએ બોલી બદલાય, પણ શું કોઈની માતૃભાષા બદલાતી જોઈ

છે? ના.. કદીયે નહીં. દુનિયાની બીજી સો ભાષા શીખી લો તોપણ તમે તમારી માતૃભાષાને કદીયે નહીં ભૂલી શકો. આમ થવાનું કારણ શું? તે જાણો છો? માએ પોતાના ધાવણ સંગ માતૃભાષાને સીંચેલી હોય છે. માતૃભાષાની વ્યાખ્યા આપવી હોય તો,'માએ શીખવેલી ભાષા એ માતૃભાષા કહેવાય.'

વળી, કહેવાય છે ને કે...,

'' 'મ' ને બસ એક કાનો લાગે,
ને આખો દરિયો નાનો લાગે!''

આ પંક્તિમાં કવિ કહે છે કે, બારાખડીના 'મ' પરથી હજારો શબ્દો બન્યા હશે. જે અલગ અલગ અર્થો ધરાવતા હશે, પરંતુ જ્યારે એ 'મ'ને કાનો લાગે છે ત્યારે 'મા' શબ્દ બને છે. 'મા' એમ બોલતાં કે વિચારતાં જ આપણી નજર સમક્ષ આપણી પ્રેમાળ અને હિતૈષી મા એટલે કે બા/મમ્મીનું ચિત્ર અનાયાસ જ ખડું થઈ જાય છે. આ પંક્તિમાં 'મા'નાં વ્યક્તિત્વને અને 'મા'નાં પોતાનાં સંતાનો પ્રત્યેનાં અવિરત, પવિત્ર અને નિસ્વાર્થ સ્નેહને દરિયા સાથે સરખાવાયો છે, જે યથાયોગ્ય જ છે.

જ્યારથી કોઈ યુવતી ગર્ભ ધારણ કરે છે ત્યારથી જ તે માતૃત્વની લાગણી અનુભવતી હોય છે. ગર્ભાવસ્થાની જાણ થતાં જ હવે એ સુંદર, ચંચળ યુવતી પોતાની ચંચળતા ત્યજી ઠાવકી થવાની શરૂઆત કરે છે. ઊઠતાં-બેસતાં, જાગતાં કે સૂતાં તેના વિચારોના કેન્દ્રસ્થાને પોતાનું બાળક જ હોય છે. એ પોતાના બાળક માટે સતત સજાગ, વિચારશીલ અને પ્રયત્નશીલ હોય છે. ઘણીવાર ગર્ભાવસ્થા દરમ્યાન જ તે પોતાના આવનારા સંતાન સાથે તંદ્રાવસ્થામાં કે સ્વપ્નાવસ્થામાં જ વાતો કરતી હોય છે. તે પોતાના બાળકના ઉજ્જ્વળ ભાવિની કામના પણ કરતી હોય છે. આમ, સગર્ભાવસ્થા દરમ્યાન જ તેનો બાળક સાથે અતૂટ નાતો જોડાય છે જે જીવનપર્યંત રહે છે. માનો તેના સંતાનો સાથેનો નાતો ખૂબ ગહન હોય છે. સંતાનના જન્મસમયે નાળ કાપીને સંતાનને માથી અલગ કરવામાં આવે છે, પરંતુ એમ કહેવાય છે કે, સંતાન એ શરીરની બહાર ધબકતું માનું જ હૃદય છે અને એટલે જ કવિ બોટાદકરે પોતાની કવિતામાં માતૃપ્રેમનું મનોહર વર્ણન કર્યું છે કે,

''મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,
પણ એથી મીઠી તે મોરી માત રે..
જનનીની જોડ સખી નહીં જડે રે લોલ..''

આથી જ કહેવાયું છે કે, માના પ્રેમનો મોલ કરવો શક્ય જ નથી. સંતાનનો જન્મ થાય છે ત્યાર બાદ, મા પોતાના સંતાન સાથે પોતાની ભાષામાં વાતચીત કરવાની શરૂઆત કરે છે. શરૂઆતમાં બાળકને કદાચ એ કશું પણ સમજાતું નથી, પરંતુ મા પોતાના સંતાનની સાથે સતત વાતચીત કરવાનો પ્રયાસ કરતી રહે છે અને સમય જતાં એ બાળક પોતાની માતા શું કહેવાનો પ્રયત્ન કરે છે તે સમજવા લાગે છે અને બાળક પોતે બોલી શકતું નથી, પણ માતાની વાતને પોતે સમજે છે તે સંદેશો કિલકારીઓ કરી માતાને આપે છે. ત્યાર બાદ, બાળક પોતાની

માતાને ઈશારાઓ અને સંકેતો દ્વારા પોતાની વાત કહેવાનો પ્રયાસ કરે છે અને માતા તરત જ તે સમજી જાય છે. ધીરે ધીરે, ખૂબ જ શાંતિથી માતા પોતાના બાળકને પ્રાણીઓ, પક્ષીઓ, વસ્તુઓ, ઘરનાં વ્યક્તિઓને શું કહેવાય? તેમને કેવી રીતે ઓળખાય? વગેરેની સમજ આપે છે. આમ, માતા દ્વારા સંતાનના જન્મ બાદ, જે ભાષા સૌપ્રથમ શિખવાડવામાં આવે છે તે તેની માતૃભાષા બને છે. આથી જ આપણા જીવનમાં માતૃભાષાનું સ્થાન અદકેરું છે.

માતા દ્વારા સંતાનને ગળથૂથીમાં જે ભાષા આપવામાં આવે છે, તે માતૃભાષાના ઉપયોગથી જ બાળક બોલચાલ કરતાં, લાગણીની રજૂઆત કરતાં અને વિચારવિનિમય કરતાં શીખે છે. સામાન્ય રીતે, બાળકને સૂવડાવવા માટે માતા દ્વારા હાલરડાં પણ માતૃભાષામાં જ ગવાય છે. આ ઉપરાંત, માતા બાળકને પંચતંત્રની કે રામાયણ અને મહાભારતની વાર્તાઓ પણ માતૃભાષામાં જ કરે છે. માતૃભાષાના પ્રયોગથી જ માતા પોતાના બાળકમાં સંસ્કારોનું સિંચન કરે છે. આમ, બાળકના વિકાસ અને ઘડતરમાં મા અને માતૃભાષાનો સિંહફાળો હોય છે અને કદાચ એટલે જ મા અને માતૃભાષાને ઈશ્વર તરફથી માનવીને મળેલ અણમોલ સોગાત કહ્યાં છે.

એમ કહેવાય છે કે, જો બાળકોને તેની માતૃભાષામાં જ શિક્ષણ આપવામાં આવે તો તે ઝડપથી અને સહેલાઈથી સમજી શકે છે અને તેને યાદ રાખવામાં પણ સરળતા રહે છે. આથી, તેમનો શિક્ષણનો પાયો મજબૂત બને છે, પરંતુ આજકાલ દેખાદેખીમાં મા-બાપ પોતાનાં સંતાનોને ઈંગ્લિશ મીડિયમમાં મૂકવાનું પસંદ કરે છે. તેઓ એવું માને છે કે, બાળકોને ઈંગ્લિશ મીડિયમમાં ભણાવવાથી તેમને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં સરળતા રહે! આથી, આ મા-બાપ પોતાનાં સંતાનોને ઈંગ્લિશ મીડિયમમાં ભણવા બેસાડી, એટલેથી ન અટકતાં CBSE/ ICSE બોર્ડમાં ભણાવવાની રીતસર હોડમાં ઊતર્યા છે. કોઈ બોર્ડ ખરાબ છે કે બીજાથી ઊતરતું છે તેમ કહેવાનો હેતુ નથી. બીજું કે ઈંગ્લિશ મીડિયમની સ્કૂલમાં ભણાવવા માત્રથી જ બાળકો હોંશિયાર અને સ્માર્ટ બનશે એ તો સાવ જ ભ્રામક માન્યતા છે. આથી, દરેક મા-બાપે પોતાનાં બાળકોની ક્ષમતા જોઈ-તપાસીને યોગ્ય નિર્ણય લેવો જોઈએ.

વળી, ઈંગ્લિશ મીડિયમની સ્કૂલમાં બાળકોને બેસાડવામાં આવે એટલે સ્કૂલમાંથી કડક સૂચના આપવામાં આવે છે કે, ઘરે પણ બાળકો સાથે ઈંગ્લિશમાં જ બોલચાલ કરવી, તો જ બાળકોને ઈંગ્લિશ આવડે ને! એટલે ઘરે પણ માતૃભાષાના સ્થાને ઈંગ્લિશમાં જ વાતચીતનો આગ્રહ રાખવામાં આવે છે અને એમાં પણ, આજકાલની મમ્મીઓ જે પોતે તો ઈંગ્લિશ મીડિયમમાં ભણી ન હોય, એને પોતાને અધકચરું ઈંગ્લિશ આવડતું હોય, પણ સ્કૂલમાંથી કહેવાયું છે અને પોતે પણ કોઈથી કમ નથી એ બતાવવા બાળકને જગાડતાં જ તેનો અમલ ચાલુ કરી દે,

''જો સોનુ, સન રાઇઝ થઈ ગયો છે,
જલ્દીથી મિલ્ક પીને બાથ લઈ લે.''

હવે, આવી અધકચરી ભાષા સાંભળીને બાળકો પણ આવું અધકચરું જ શીખે ને! વળી, આવા મા-બાપ પોતાનાં બાળકોને માતૃભાષામાં લખતાં-વાંચતાં ન આવડે તો શરમાવા કે લજાવાને બદલે 'બાબા/બેબીને ઈંગ્લિશ મીડિયમમાં મૂક્યાં છે ને એટલે ગુજરાતી ન આવડે!' એમ પોરસાતાં હોય છે!

હવે, સમયને અભાવે કે ઈંગ્લિશ મીડિયમમાં મૂકેલ બાળકોને પોતે ભણાવી શકે તેમ ન હોય એટલે સ્કૂલ ઊપરાંત તેમને ટ્યુશનમાં મોકલવામાં આવે એટલે સ્કૂલ ઊપરાંત ટ્યુશનનું પણ હોમવર્ક કરવાનું હોય! આમ, બાળકો પર ભણતરનો બોજ વધારી દેવામાં આવે છે. આવામાં એમને રમવા કે અન્ય મનગમતી પ્રવૃત્તિ કરવા માટે સમય જ મળતો નથી. જો બાળકો ઘરે, સ્કૂલમાં કે ટ્યુશનમાં પોતાની માતૃભાષામાં કંઈક કહેવાની કોશિશ કરે તો તરત જ તેમને ટપારવામાં આવે કે, 'સ્પીક ઈન ઈંગ્લિશ ઑન્લી.' આમ કરવાથી ઘણીવાર બાળકો પોતાના મનની વાત કે અંગત વિચારો સારી રીતે વ્યક્ત કરી શકતાં નથી અને તેમના મનની વાત મનમાં જ રહી જાય છે. સ્કૂલમાં પણ એ જ વાતાવરણ હોય છે એટલે બાળકો મનમાં ને મનમાં ખૂબ જ મૂંઝાય છે. છેવટે, એમને એવું લાગવા લાગે છે કે, તેમને કોઈ સમજી શકતું નથી. વળી, વિષયની અધકચરી સમજણ તથા આત્મવિશ્વાસના અભાવે તેઓ ડિપ્રેશનનો ભોગ બને છે. જો કે હવે, બદલાતાં સમયની સાથે મા-બાપ પણ આ વાત સમજ્યાં છે અને ઘરમાં પોતાનાં સંતાનો સાથે માતૃભાષામાં જ વાતચીતનો આગ્રહ રાખે છે.

બાળકોને ઈંગ્લિશમાં જ વાંચવા, લખવા માટે સતત પ્રોત્સાહન આપવામાં આવે છે આથી તેમને હેરી પોર્ટર, એલિસ ઇન વન્ડરલૅન્ડ કે ડ્રેક્યુલાની બધી વાર્તાઓ ખબર હોય છે, પરંતુ આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલાં મહાકાવ્યો રામાયણ, મહાભારત કે ભારતના પ્રતાપી પુત્રો શિવાજી, મહારાણા પ્રતાપ કે અમર ક્રાંતિકારી એવાં શહીદ ભગતસિંહ, તાત્યા ટોપે કે વિરાંગના લક્ષ્મીબાઇ વિશે તેમને કોઈ જ્ઞાન જ હોતું નથી અથવા હોય તો સાવ ઉપરછલ્લું! આમ આ રીતે, આપણાં બાળકો આપણા જ દેશના સોનેરી ઈતિહાસ તથા ધાર્મિક જ્ઞાનથી વંચિત રહી જાય છે. ખૂબ જાણીતા અને અગ્રણી સાહિત્યકાર શ્રીમાન ફાધર વાલેસે એકવાર કહ્યું હતું, ''ભાષા જશે તો સંસ્કૃતિ પણ જશે.''

ગુજરાતી ભાષાના વૈભવની વાત કરીએ તો, અખાના છપ્પા, નરસિંહ મહેતાનાં ભજનો, ગરબા, સુગમ ગીતો, લગ્ન ગીતો, ફટાણાં, હોળી ગીતો, ગઝલો તથા પૉસ્ટ ઑફિસ, કરણ ઘેલો, ગુજરાતનો નાથ વગેરે નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, લઘુકથાઓ, માઇક્રો ફિક્શન, નાટકો, ગુજરાતી ફિલ્મો અને સિરિયલો વગેરે લગભગ તમામ સાહિત્યના પ્રકારોનું સર્જન ગુજરાતી ભાષામાં થયું છે અને એટલે જ તો કવિશ્રી ઉમાશંકર જોશીએ માતૃભાષા વિશે કહ્યું છે કે,

''સદા સૌમ્ય શી વૈભવ ઊભરાતી,
મળી માતૃભાષા મને ગુજરાતી..''



જો માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે તો આપણાં બાળકો પોતાની સંસ્કૃતિથી વધુ વાકેફ બને છે અને તેમની માતૃભાષા પરની પકડને લીધે તેઓ પોતાના વિચારોને મુક્ત મને, મક્કમતાથી અને વધુ અસરકારક રીતે રજૂ કરી શકે છે અને કોઈ પણ વિષયને સહેલાઈથી સમજીને તેને યોગ્ય રીતે ન્યાય આપી શકે છે. પરિણામે, તેમનો આત્મવિશ્વાસ વધે છે. આથી, બાળકો વધુ હોંશિયાર અને સ્માર્ટ બને છે. ઈંગ્લિશ કે અન્ય ભાષાઓ તો પાછળથી પણ શીખી શકાય છે. સુરેન્દ્રનગરમાં એકવાર જાણીતા સાહિત્યકાર શ્રી હર્ષદભાઈ ત્રિવેદીએ કહેલું ''માતૃભાષા મારી ત્વચા છે અને અન્ય ભાષાઓ વસ્ત્રો છે.'' ઈંગ્લિશ એ આંતરરાષ્ટ્રીય ભાષા હોવાથી તે શીખવી આવશ્યક છે, પરંતુ માતૃભાષાના ભોગે કદી નહીં. આથી જ કહેવાયું છે કે, 'માતૃભાષાનું સ્થાન એ અન્ય ભાષાઓ કરતાં મુઠ્ઠી ઊંચેરું છે.'

એક ગુજરાતી તરીકે હંમેશાં આપણને યાદ રહે અને ગર્વ રહે તેવી કવિ નર્મદની જાણીતી પંક્તિ ખૂબ જ યાદગાર અને યથાર્થ છે કે,

''એ વિચારે ફૂલે ગજ ગજ મારી છાતી,
હું અને મારી ભાષા બંનેય ગુજરાતી!''

આથી, મારી દૃષ્ટિએ બાળકોને શિક્ષણ તો માતૃભાષામાં જ અપાવું જોઈએ. જેથી તેમના

ભણતરનો પાયો પાક્કો અને મજબૂત બને. વળી, આપણા દેશનો ભવ્ય ઈતિહાસ અને પરંપરાઓ તથા ધર્મગ્રંથો વિશે તેને યોગ્ય જાણકારી મળી શકે અને તે આપણી સંસ્કૃતિનું જતન કરવા માટે વધુ સક્ષમ બની શકે!

આપણે જાણીએ છીએ કે ઈંગ્લિશ ભાષામાં કાકા-કાકી, મામા-મામી, ફઇ-ફુઆ બધા માટે માત્ર અંકલ-આન્ટી જ સંબોધન વપરાય છે. વળી, ઘણા ગુજરાતી શબ્દો તો એવા છે કે જેમનું ઈંગ્લિશ કરવું શક્ય જ નથી અને ઈંગ્લિશમાં એવા ઘણા શબ્દો છે જેના ઉચ્ચારો સરખા છે, પણ અર્થો જુદા છે. ગુજરાતીમાં શબ્દોનું વૈવિધ્ય અને માધુર્ય છે. ગુજરાતી વ્યાકરણમાં પણ છંદો, અલંકારો, કહેવતો, ઉખાણાં, સમાનાર્થી, રૂઢિપ્રયોગો એમ ઘણું વૈવિધ્ય છે. જે ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવે છે અને એક ગરિમા પ્રદાન કરે છે. હવે તો ગુજરાતી લેક્સિકોન પણ અસ્તિત્વમાં આવી છે.

જો મા પોતાના બાળકના ઉછેરમાં રસ લે, થોડો સમય ફાળવી અને તેને માતૃભાષા વ્યવસ્થિત શિખવાડે અને પોતાના બાળકને માતૃભાષામાં જ શિક્ષણ આપવાનો આગ્રહ રાખે તો બાળકનો સર્વાંગી વિકાસ થાય છે અને એટલે જ જાણીતી ગુજરાતી કહેવતમાં કહેવાયું છે કે, 'એક માતા સો શિક્ષકની ગરજ સારે!'

અહીં માતૃભાષાનું મહત્વ દર્શાવતી મારી સ્વરચિત એક કવિતા રજૂ કરું છું. આશા છે આપ સહુને પસંદ આવશે.

***માતૃભાષા***

પીડ કોઈને કહેવાતી નથી,
વંચના કેમેય સહેવાતી નથી.

એ ગણિત અર્થો અનર્થોનું કરે,
ભાવના વાણીની જળવાતી નથી.

હેત નીતરતાં એ હાલરડાં સમી,
મીઠડી ભાષા તે ભૂલાતી નથી.

હાંસિયામાં છેક હડસેલી છે તેં,
કે, દશા મારાથી જીરવાતી નથી!

ગળથૂથીમાં જેણે કક્કો છે પીધો,
નોંધ એની કેમ લેવાતી નથી?

અન્ય ભાષા લાગતી સૌ પારકી,
લાગણી દિલની બતાવાતી નથી.

કેમ ગુજરાતી ના ફાવે બોલતાં?
માતૃભાષા કૈં લજાવાતી નથી!

માએ ધાવણ સંગ સીંચેલી કદી,
જિંદગીભર સ્મૃતિ ખોવાતી નથી.

શબ્દપુષ્પો ખીલવી કરને જતન,
વેલ ભાષાની એ કરમાતી નથી.

**- નિષ્ઠા વછરાજાની**

# મા અને માતૃભાષા



પદ્મજા વસાવડા

કોઈ એક અક્ષરમાં આખું વિશ્વ સમાઈ જાય તેવો શબ્દ હોય તો એ છે 'મા'. એક બાળક જન્મે ત્યારથી સમજણું થાય ત્યાં સુધી તો તેનું સમગ્ર વિશ્વ તેની 'મા'માં જ સમાયેલું હોય! મા સાથે બાળકનો સંબંધ તો જન્મના નવ મહિના પહેલાંનો. જન્મ થાય એટલે શારીરિકપણે ભલે નાળ કપાઈ જાય, પરંતુ આજીવન નાળથી નાળનો સંબંધ તો અકબંધ જ રહે!

બાળક ગર્ભમાં હોય ત્યારથી મા જે ભાષામાં વાત કરે એ જ તેની માતૃભાષા. ઈશ્વરે જ્યારે વિચાર્યું કે આટલા વિશાળ વિશ્વમાં હું દરેકનું ધ્યાન કેવી રીતે રાખીશ? ત્યારે તેના પ્રતિનિધિ તરીકે તેણે આ કામ માને સોંપ્યું. તેથી જ કહ્યું છે, ''ગોડ કુડ નોટ બી એવરીવેર, હેન્સ હિ ક્રીએટેડ અ મધર.'' જેના વિના આપણું અસ્તિત્વ જ શક્ય ન હોય તેના વિષે તો ગમ્મે તેટલું લખીએ તે ઓછું હોય! કોઈ પણ પ્રાણીમાત્રની મા હોય, તે તેના દરેક સંતાનો ઉપર એકસરખું જ વહાલ વરસાવે અને સંભાળ રાખે.

સાંપ્રત સમાજની એક મોટી કરુણતા એ છે એક મા, જેણે ઓછી આવકમાં, નાના ઘરમાં પણ ત્રણ કે ચાર સંતાનોને હસતે મોઢે ઉછેર્યાં હોય, ઘણા પરિવારોમાં જોવા મળે છે કે આર્થિક રીતે સાધનસંપન્ન, મોટાં ઘર ધરાવતાં સંતાનોનાં ઘરમાં પણ તેનો સમાવેશ થતો નથી હોતો! મા એટલે 'પંચિંગ બૅગ'. જ્યાં સુધી તેની હાજરી હોય ત્યારે એવું પણ બને કે આપણે આપણી હતાશા મા ઉપર ઠાલવીએ. સંતાનોના લાખ ગુના પણ માફ કરી દેવાની ક્ષમતા તો એક 'મા'માં જ હોય! આપણાં દુઃખે દુઃખી અને આપણાં સુખે સુખી એક મા જ હોય! એક માનું વિશ્વ તેનાં સંતાનોની આસપાસ જ વીંટળાયેલું હોય. ભલે તેનાં બાળકો સો જોજન દૂર વસતાં હોય અને તેને યાદ પણ ન કરતાં હોય!

આજે જ્યારે માની વાત થતી હોય ત્યારે મારી માની વાત કર્યા વિના તો કેમ રહેવાય! મારી મા એટલે ખરા અર્થમાં કરુણામૂર્તિ! બહાર ટાઢ, તડકો કે વરસાદ કંઈ પણ હોય, તેને પહેલો વિચાર એ આવે કે ફૂટપાથ પર કે ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોનું શું થતું હશે? સહનશીલ, સૌજન્યપૂર્ણ અને સૌમ્ય. મુંબઈમાં સાત બહેનો અને એક ભાઈના પરિવારમાં સૌથી મોટું સંતાન. પિતાની આર્થિક પરિસ્થિતિ અને શારીરિક અક્ષમતા વચ્ચે સાદગીપૂર્ણ જીવન. સામાન્ય રીતે પરિવારમાં સહુથી મોટું સંતાન નાની વયે જ સમજણમાં પુખ્ત થઈ જાય છે તેમ નાનપણથી જ નાના ભાઈ-બહેનોને સાચવવાની જવાબદારી હતી જે હંમેશાં તેમની પડખે ઊભાં રહી નિભાવી. મારા

મા સહુથી મોટાં તેથી બધાં તેમને 'મોટીબેન' કહે તેથી અમે બધાં ભાઈ-બહેન પણ 'મોટીબેન' જ કહીએ. સહનીલતાનો પર્યાય કહું તો અતિશયોક્તિ નહીં ગણાય. કોઈ કંઈ કહે તોપણ, ''ગમ ખાના, કમ ખાના'' જેવું. ક્યારેક હું



અકળાઈ જાઉં તો કહું, ''તમે કેમ કંઈ બોલતાં નથી? કેમ આમ સહન કરી લો છો.'' ત્યારે મને કહે કે, ''આપણને કોઈએ કંઈ કહ્યું તો શરીરમાં ક્યાંય ગોબા પડી ગયા? આપણે કપડાં ઉપર ધૂળ પડે અને ખંખેરી નાખીએ એમ ખંખેરી નાખવાનું.'' જોકે મનમાં તો દુઃખી થતાં જ હોય. તેની તેમના સ્વાસ્થ્ય ઉપર અસર તો થતી જ. મને યાદ નથી કે તેમણે ક્યારેય નવી સાડીની ઇચ્છા કરી હોય કે દાગીના લીધાં કે પહેર્યાં હોય. મને પણ નાનપણથી એક જ શીખ આપતાં, ''સંતોષ જેવું સુખ ક્યાંય નથી.'' રસોઈ સ્વાદિષ્ટ બનાવે, પણ પોતાની કોઈ માંગ નહીં. નાનપણમાં મુંબઈની દાદરની ચાલીના એક રૂમ કે રસોડું જે કહો તે. એ ઘરમાં અમે ચાર ભાઈ-બહેન અને માતા-પિતા રહેતાં. મુંબઈના ભરબજારના વિસ્તારમાં ઘર તેથી બહારગામથી આવનારાં સગાંને ખૂબ મજા આવે. એ સમયમાં સગડી અને પ્રાયમસ ઉપર બધાંની રસોઈ કરી, જમાડી અને બધાને મુંબઈ દર્શન કરવા પણ લઈ જાય. મારે માટે તો એ એક આશ્ચર્ય જ રહ્યું છે કે મા આટલું બધું હસતે મોઢે કેવી રીતે કરી શકી હશે! આજે મોટા ઘર અને અદ્યતન સગવડો હોવા છતાં કોઈ મહેમાન આવે તો લોકો મૂંઝાઈ જતાં હોય છે. ઘરની પરિસ્થિતિને કારણે એ સમયના મેટ્રિકથી વધુ ભણી ન શક્યાં, પણ અંગ્રેજી પણ એટલું સારું જાણે. વાંચનનો શોખ. વર્તમાનપત્રો નિયમિત વાંચે. તેમની પાસે સાંપ્રત સમયના રાજકારણની પણ દરેક માહિતી હોય. આધુનિક વિચારસરણી ધરાવતાં. અમે ઘણી વખત હસીએ, ''તમને જો ભાગ્યનો સપોર્ટ મળ્યો હોત તો તમે સેલિબ્રિટી હોત!''

જીવનનો છેલ્લો થોડો સમય પથારીમાં રહ્યાં ત્યારે પણ આવું ત્યારે પહેલાં મારી જ ચિંતા કરે. આજે જ્યારે પણ જીવનમાં કોઈ મુશ્કેલીમાંથી ઊગરી જાઉં કે કંઈ સારું બને ત્યારે એ જ વિચારું કે મારી મા જ મારું ધ્યાન રાખે છે અને તેના આશિષ વરસાવે છે.સાચું જ કહ્યું છે, ''ઐ મા તેરી સૂરત સે અલગ ભગવાન કી મૂરત ક્યા હોગી?'' મારી મા વિષે તો એક પુસ્તક લખી શકાય. અહીં તો એટલું જ, ''પુનરપિ જનનમ પુનરપિ મરણમ, પુનરપિ જનની જઠરે શયનમ...'' જેમને માથે માનો હાથ હોય તે તેમનું જતન કરે. કોઈ પણ ઉંમરે માની ગેરહાજરી બહુ સાલતી હોય છે. ''વો કિસ્મતવાલે હોતે હૈં, જીનકી મા હોતી હૈ.''

આજે આપણે મા અને માતૃભાષા વિષે વાત કરી રહ્યાં છીએ ત્યારે એ જ કહેવાનું કે દરેકને પોતાની માતૃભાષા વિષે ગૌરવ હોવું જ જોઈએ, પણ તે સાથે અન્ય ભાષાઓને ઊતરતી કક્ષાએ મૂકીને, માત્ર આપણી જ ભાષા શ્રેષ્ઠ એમ કહેવું બહુ યોગ્ય નથી લાગતું. દરેકને પોતાની માતૃભાષા વહાલી જ હોય, પરંતુ આજે જ્યારે વ્યવસાય તથા અન્ય કારણસર રહેણાંકનો વ્યાપ વિસ્તર્યો છે અને લોકો વિદેશમાં વસવા લાગ્યા છે ત્યારે, જે ભાષા સર્વસામાન્ય હોય તે શીખવી, જાણવી પણ એટલી જ જરૂરી છે. આ તબક્કે

દરેકને એ પ્રશ્ન પૂછવો છે કે તમારા સર્વેનાં સંતાનો માતૃભાષાના માધ્યમમાં જ ભણે છે? જો એ શક્ય ન હોય તો વાંધો નહીં, પરંતુ ઘરમાં બાળક સાથે માતૃભાષામાં જ વાત કરવી જોઈએ અને માતા-પિતા અને અન્ય વડીલોએ બાળકોને માતૃભાષા શીખવવી જ જોઈએ.

આપણી ગુજરાતી ભાષા જ કદાચ એવી હશે, જ્યાં ખરેખર, ‘‘બાર ગાઉંએ બોલી બદલાય છે.’’ તે યથાર્થ થાય છે. આખા ગુજરાતમાં કેટલી બધી ભાષાશૈલી છે! ભાષાના ઉચ્ચારણમાં ફેર. દરેક પ્રાંતના રૂઢી પ્રયોગો અને કહેવતો જુદી સાંભળવા મળે. ત્યારે એમ લાગે કે ગુજરાતી ભાષા કેટલી વૈવિધ્યસભર અને વિશાળ છે! સાથે એ વિચાર પણ આવે કે જે ભાષા માટે આપણે ગૌરવ અનુભવીએ છીએ તે ભાષા આપણે ખરેખર યોગ્ય રીતે બોલીએ છીએ ખરા?

વાસ્તવમાં સાચા સાહિત્યકારો પરસ્પરની ભાષાને માન આપી, સાહિત્યિક ચર્ચાઓ કરી વિચારોનું આદાનપ્રદાન કરે છે. ભાષામાત્ર મહાન જ છે જેના માધ્યમ થકી વિચારોને વાચા આપી શકાય છે. (એ વાત જુદી છે કે એ ભાષાનો ઉપયોગ કઈ રીતે થાય છે તે વ્યક્તિ ઉપર આધાર રાખે છે.) સાંપ્રત સમયમાં આપણે ‘‘ભદ્રંભદ્ર’’માં લખાયેલ ભાષા બોલી પણ ન શકીએ કે કદાચ સમજી પણ ન શકીએ. અંગ્રેજી ભાષાના કેટલાક શબ્દો આપણી ભાષામાં અનાયાસે સમાવિષ્ટ થઈ ગયા છે, પરંતુ જ્યારે કેટલાકને અંગ્રેજી ન આવડતું હોવા છતાં, મારી મચડીને, ગુજરાતી- અંગ્રેજી ભાષાની ખીચડી પકવાય ત્યારે બહુ હાસ્યાસ્પદ લાગે. શ્રી ઋષિકેશ મુખર્જીએ ‘‘ચૂપકે ચૂપકે’’ ફિલ્મમાં રમૂજી શૈલીમાં આ વાતની સરસ રજૂઆત કરી છે.

‘‘અમારા રીતિકને ગુજરાતી બોલતાં જરાય ન આવડે. થોડું સમજે. બાકી અમારે ત્યાં તો ઈંગ્લિશમાં જ વાત થાય.’’ એવું ગૌરવપૂર્વક બોલનારાં માતા-પિતાનું પ્રમાણ જો વધતું રહેશે તો માતૃભાષાનું ભવિષ્ય શું? એક વાત નિશ્ચિત છે કે માણસ ગમ્મે તેટલી ભાષા શીખે અને ફાંકડી બોલતો હોય, પરંતુ કટોકટીની ક્ષણોમાં કે પછી તેની અંતિમ ક્ષણોમાં તો તેની માતૃભાષામાં જ ઉદ્ગાર નીકળશે! મૂળ મરાઠી લેખક શ્રી આચાર્ય અત્રેનું એક બહુ પ્રચલિત નાટક. ‘‘તો મી નવ્હેચ’’નું ગુજરાતી રૂપાંતર, ‘‘અભિનય સમ્રાટ’’ ખૂબ સરસ. તેમાં નાયક પોતાની અસલિયત છુપાવીને અદાલતમાં પણ ગુનેગાર સાબિત થઈ શકતો નથી એટલો કુશળ, પરંતુ છેલ્લે જયારે તેની ઉપર અંતિમ વાર થાય છે ત્યારે તેના મોઢામાંથી જે ઉદ્ગાર સરે છે ત્યારે તેનો અસલ ચહેરો સામે આવે છે .

દરેક ભાષા શ્રેષ્ઠ જ છે, પરંતુ માતૃભાષા માટે વિશેષ ગૌરવ અને પ્રેમ હોય જ અને હોવું જ જોઈએ. આજે તો આપણી પાસે ‘‘ગૂગલદેવ’’ હાજરાહજૂર છે. કદાચ કોઈ શબ્દનો અર્થ ન સમજાય તો આપણને તરત જવાબ મળી જાય. આપણી લાગણીઓનો આવિર્ભાવ આપણી પોતીકી ભાષામાં જ શ્રેષ્ઠતમ થઈ શકે. આપણી ભાષામાં જ હસવું-રડવું, લાગણીઓ વ્યક્ત કરવી ગમે. બાકી શ્રેષ્ઠતમ ભાષા તો પરસ્પર પ્રેમની જ હોઈ શકે!

**- પદ્મજા વસાવડા**

# મા અને માતૃભાષા – એક આગવી ઓળખ



શિવાની કીકાણી

**જનની જન્મભૂમિશ્ચ**
**સ્વર્ગાદપિ ગરિયસી**

સંસ્કૃતની આ પંક્તિનું જ્યારે મને વિસ્તારથી વર્ણન કરવાનું કહેવામાં આવ્યું ત્યારે હું સીધી મમ્મી પાસે ગઈ. તેણે ખૂબ જ સુંદર રીતે ‘‘મા’’ અને ‘‘માતૃભૂમિ’’નું વર્ણન કેવી રીતે કરવું તે ટૂંકમાં સમજાવ્યું અને કહ્યું કે હવે તું એને વધારે સરસ રીતે મઠારીને રસભર્યું બનાવ. શબ્દો અને વિચારો તો તારાજ હોવા જોઈએ. હું તને લખીને નહિ આપું, તું તારી જાતે લખ. આ મારી ‘મા’ – કે જે સીધું કંઈ ન શિખવાડી દે, પણ આંગળી ચીંધે પછી કરવાનું તો તમારે જ. આવા તો અમારે ઘેર રાતના રોજના પ્રસંગો થતા.

મા સાંજના સાત વાગે ભાખરી કે થેપલા બનાવવા પ્લૅટફૉર્મ પર બેસી જાય ને અમે ત્રણે ભાઈ-બહેનો રમીને આવીએ પછી લેસન કરવા બેસીએ, એ પણ રસોડાના ટેબલ પર બેસાડી દે... ને પછી ગુજરાતી કવિતાઓનો મારો ચાલુ કરી દે. માનો અવાજ ખૂબ મીઠો અને કેળવાયેલો એટલે ગાવાનું ચાલુ કરે એટલે બધા સાથે જોડાઈ જાય ...આમ અમને રમતાં-ગાતાં કવિતા યાદ કરાવી દે. શબ્દોના અર્થો, વ્યાકરણ અને એમાં આવતા છંદો, અલંકાર અને પ્રશ્નોના જવાબ સરળતાથી સમજાવી દે, તેથી ગુજરાતી ભાષા અમને ક્યારેય અઘરી જ ના લાગી...

અમે ભાંડુઓ મોટા થયા મહેસાણામાં, લોકો હસીને મેક્સિકન પણ કહેતા... મજાકમાં, કારણકે ઉત્તર ગુજરાતની બોલી ...ચ્યમ સો ? ચ્યોં જાઓ સો? કુણ આયુ? હેંડો ...એવા તળપદી ભાષામાં રોજબરોજમાં બોલાતી બોલી.

સ્કૂલમાંથી અમે અટપટા ઉચ્ચારણો શીખીને ના આવીએ તેનું સતત ધ્યાન મમ્મી રાખે અને એટલુંજ નહિ, પણ અમારી શુદ્ધ બોલી ઉપર ખૂબ ભાર મૂકે. અમને

નાગર હોવાનો, વારસો જાળવવાનો અને પોતાના સ્વયં સાથે સાંકળવાનો રસ્તો ખોલી આપ્યો.

પોતાના સ્વતંત્ર વિચારોની સ્પષ્ટ રજૂઆતમાં પાયાનું શિક્ષણ માતૃભાષામાં થાય તે ખૂબ જરૂરી છે તેનું ભાન અમને જ્યારે મોટા થયા ત્યારે થયું, પણ માતૃભાષા પ્રત્યે અનેરો લગાવ અને મનમાં બીજ રોપવાનું કામ તો 'મા'નું જ. નિબંધ સ્પર્ધા, એકાંકી, નૃત્ય નાટિકા, વક્તૃત્વ સ્પર્ધા વગેરેમાં ભાગ લેવાનું તથા ગરબામાં સ્ટેટ લેવલ લગી લઈ જવામાં 'મા'નો સિંહફાળો. એ વખતમાં ચણિયાચોળી ભાડે લેવા હોય તો અમદાવાદ જવું પડે. મમ્મી સવારના પોરમાં કામ આટોપીને ગાડી લઈને બધાના ચણિયાચોળી લઈ આવે અને કાર્યક્રમ પતે પછી બીજે દિવસે પાછી આપવા પણ જાય. દેશ-પરદેશમાં પૂરા આત્મવિશ્વાસ સાથે ફરવામાં અને ત્યાં સ્થાયી થવામાં પણ ગુજરાતી મોખરે છે. મારી નાની બેન છેલ્લાં નવ વર્ષથી આફ્રિકા છે ..તેને ગરબા, લોકનૃત્યો વગેરેમાં કોરિયોગ્રાફી કરી ખૂબ નામના મેળવી છે, જે ગુજરાતીને જ આભારી છે..

એટલે સાચું જ કહ્યું છે કે તમે કોઈ પણ ગુજરાતીના મનમાંથી ગુજરાત ક્યારેય અલગ નહિ કરી શકો...



મારી આગવી ઓળખ હું એક 'મા' છું, મારો દીકરો મુંબઈમાં ભણ્યો અને USA માં માસ્ટર્સ કરે છે પણ હું એને ગુજરાતી બોલતો-લખતો કરી શકી એનો આનંદ છે.. એને કવિતાઓ, જે મને આવડે છે, તે બધીજ એને મોઢે છે. ગુજરાતી ગીતો સાંભળીને તેનો આનંદ ઉઠાવી શકે છે તેની સાથે હું ઉત્તમ કક્ષાના લેખો અને કવિતા શેર કરી શકું છુ...તેનો મને ગર્વ છે.

મારું ભણતર ગુજરાતમાં અને ગુજરાતી માધ્યમમાં, ગુજરાત યુનિવર્સિટીથી મેં BSc. Chemistry કર્યું તેનો સૌથી વધારે ફાયદો મારા દીકરાને થયો. મારા મેથ્સ અને સાયન્સના પાયા ખૂબ મજબૂત હતા એટલે એને ભણાવી શકી અને તે પછી મારી ટીચર તરીકેની કારકિર્દી ચાલુ થઈ. હું ઘરે થી ટ્યૂશન ક્લાસિસ ચલાવીને મારા સ્ટુડેંટ્સનાં ખૂબ સારાં પરિણામોથી સંતોષ માણી શકું છું.

મા મારું હૃદય છે તો માતૃભાષા લાગણી
મનની વાત કહ્યાં વગર સમજી જાય તે મા
અને જેને વાચા આપી લાગણીનો
ઉભરો ઠલવાય તે માતૃભાષા

**- શિવાની કીકાણી**

# ઓળખ અસ્તિત્વની – મા, માતૃભાષા



વંદના અવાશીઆ

આપણાં શાસ્ત્રોમાં માતૃદેવો ભવઃ કહીને માતાને ઘણું જ ઉચ્ચ સ્થાન આપ્યું છે. દેવનો બીજો અર્થ આજ્ઞા પાળવી એવો પણ થાય છે. ભગવાન બધાનાં ઘરમાં જઈ શકતો નથી તેથી તેણે માતાનું નિર્માણ કર્યું છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં બધા જ અવતારી પુરુષો માતાની કુખેથી જ સામાન્ય બાળકની જેમ અવતર્યા હતા. ઉદાહરણ તરીકે ''શ્રી રામ'' અને ''શ્રીકૃષ્ણ''.

આપણા દેશનું નામ જેના પરથી ભારત પડ્યું તે ભરતને તેની માતા શકુંતલાએ એકલા હાથે જ મોટો કર્યો હતો અને તેણીએ તે સમયની પ્રાચીન માતૃભાષા સંસ્કૃતમાં જ તેને સંસ્કાર અને શુરવીરતાના પાઠ ભણાવ્યા હતા.

એટલેજ જે ઉંમરે બાળકો સિંહના નામ માત્રથી ગભરાય તે ઉંમરે તે સિંહના દાત ગણવાની ક્ષમતા ધરાવતો હતો. આવા ઘણા દાખલા આપણા ઇતિહાસમાં છે કે જેમાં માતાએ જ બાળકને શિક્ષણ આપ્યું હોય.

ગુજરાતી ભાષામાં કહેવત છે કે ''એક માતા સો શિક્ષક બરાબર છે'' કોઈ ગુજરાતી સ્ત્રી બાળક ગર્ભમાં હોય ત્યારથી જ ગુજરાતી સાહિત્યનાં પુસ્તકો, નાની-નાની બાળવાર્તાઓ વાંચે અને મનથી જ નક્કી કરે કે હું મારા આવનાર બાળકને ગુજરાતી ભાષામાં જ શિક્ષણ આપીશ તો આ વાત ગર્ભસ્થ બાળકની અંદર ઊતરશે અને દીર્ઘકાળ સુધી તેને યાદ રહેશે.

બાળકના જન્મ પછી પણ ગુજરાતીમાં જ હાલરડાં, બાળકવિતા વગેરે ગાઈ સંભળાવે, નાના-નાના શબ્દો શીખવે તો બાળકને પણ મનમાં સમજણ પડી જાય કે ગુજરાતી તો મારી ગળથૂથીની ભાષા છે અને તેને એ વાતની પણ ખબર પડી જાય કે મા અને માતૃભાષા એકબીજાની સાથે તાણાંવાણાંની જેમ વણાઈ ગયા છે. આ બંનેનો આપણી સાથે

પૈસાનો નહિ પણ પ્રેમનો સંબંધ છે.

તુષારભાઈ શુક્લએ એક વખત કહેલું કે ડૉલરની સામે રૂપિયાની કિંમત ઘટે એટલે કાંઈ અંગ્રેજી ભાષાની સામે ગુજરાતી ભાષાની કિંમત ઘટી જતી નથી. આ વાત આજના યુગના અંગ્રેજી મીડિયમમાં ભણતાં બાળકોને અને યુવાનોને સમજાવવાની દરેક માતાની ફરજ છે કારણકે બાળકો પિતા કરતાં માતાની વધુ નજીક હોય છે. આવી સમજણવાળાં બાળકો યુવાન બનીને ભણવા માટે કે નોકરી માટે પરદેશમાં જશે ત્યારે પણ તેઓ માતા અને માતૃભાષાનું ગૌરવ અને ગરિમા જાળવી રાખશે. જે માતાએ ખૂબ કષ્ટ સહન કરીને આપણને જન્મ આપ્યો, આપણી માતૃભાષા શીખવી તે બંનેનું આપણી ઉપર ખૂબ ઋણ છે.

જાણીતા લેખક સુરેશ દલાલે કહ્યું છે કે ''ગુજરાતી મારી માતા છે, ગુજરાતી મારું પ્રવેશદ્વાર છે. અંગ્રેજી મારી બારી છે'' આમ તેમણે માતા અને માતૃભાષાને એક જ ગણાવ્યા છે. આવી રીતે દરેક વ્યક્તિ માતા અને માતૃભાષાને સમાન દરજ્જો આપીને પોતાનાં હૃદય-સિંહાસન પર સ્નેહભર્યું સ્થાન આપે તો તેમનું જીવન ધન્ય બની રહે.

**- વંદના અવાશીઆ**



# એક મા 'સો' શિક્ષકની ગરજ સારે છે તો માતૃભાષા 'સો' ભાષા શીખવા ચાવીરૂપ બને છે



ઉર્વિ મહેતા

લેખની શરૂઆત શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈના આભાર સાથે કે જેણે આટલા ઉમદા વિષય પર લખવાનું ગૌરવ અને સમજણ આપી – જે વિષય પર લખતાં કોઈ પણ વ્યક્તિ ધન્યતા અનુભવે. આમ તો ખૂબ જ સરળ લાગતા આ વિષય પર લખવા બેસીએ ત્યારે એ વિચારવું પડે કે શું લખીએ અને શું મૂકીએ? જ્યાં શબ્દ ઓછા પડે તેવા વિષય પર લખવાનો પ્રયાસ કર્યો છે. આશા છે કે મારી માએ શીખવેલી મારી માતૃભાષા 'ગુજરાતી'માં હું એને યોગ્ય ન્યાય આપી શકીશ.

કોઈ પણ વ્યક્તિના જન્મથી લઈ તેના અંતિમ શ્વાસ સુધી તેના જીવનના બધા ઉતાર-ચઢાવ, સુખ-દુઃખ, તડકા-છાયા, સ્વભાવ વગેરેમાં સતત તેની સાથે કોઈ જોડાયેલ હોય તો તેનાં માતા-પિતા, પરિવાર, મિત્રો કે સમાજ હોય છે. આ બધા વચ્ચે પણ જો કોઈનું યોગદાન, બલિદાન કે સમર્પણ અતુલ્ય અને અમૂલ્ય હોય તો તે 'માતા' – 'મા'નું છે.

આમ તો, માતા-બાળકનો સંબંધ તો બાળક ગર્ભમાં હોય છે ત્યારથી જ શરૂ થઈ જાય છે અને જે ભાષામાં આ સંબંધની શરૂઆત થતી હોય છે તે જ બની જાય તેની 'માતૃભાષા' – તેની મુખ્ય ભાષા. કહેવાય છે કે બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધીમાં તો તે માતૃભાષાના બે હજાર જેટલા શબ્દો અને તેના ભાવો શીખી તથા સમજી જાય છે.

'માતૃભાષા' એટલે સ્વભાષા, જન્મજાત ભાષા, આપણા ઘર, આડોશ-પાડોશ, સમાજ કે પ્રદેશમાં બોલાતી વ્યવહારિક 'ભાષા' જ્યારે 'મા' એટલે 'સ્વ'ને સોંપતી, જન્મ આપતી, ઘરને સાચવતી, આડોશ-પાડોશ, સમાજ અને અનેક જગ્યાએ અલગ અલગ વ્યવહારો

સાચવતી 'વ્યક્તિ'.

મા અને માતૃભાષા આમ જોઈએ તો એકબીજાના પર્યાય સમા છે. કોઈ પણ વ્યક્તિના ઘડતર, ભણતરથી લઈ તેના ચણતર સુધી જો કોઈ બે સ્તંભો કે પાયાઓ એની સાથે જોડાયેલા હોય તો તે તેની 'મા અને માતૃભાષા' છે.

'મા અને માતૃભાષા' તે વ્યક્તિને કુદરતે આપેલું વરદાન છે કારણકે આ બંને પસંદગી કરવાનો હક વ્યક્તિને મળતો નથી, પરંતુ કુદરતે આપેલું વરદાન તેને આજીવન ઉજાળે છે તેને પરિણામે અસ્તિત્વની ઓળખ આપે છે.



વિશ્વમાં અનેક માતાઓ છે તેમ અનેક ભાષાઓ પણ છે, પરંતુ બધી જ માતાઓ અને ભાષાઓ એકબીજાથી અલગ અને પોતપોતાની રીતે અનન્ય, અણમોલ અને અદ્ભુત છે.

મા અને માતૃભાષા કોઈ પણ વ્યક્તિના વિચારોનું, ચારિત્ર્યનું અને વ્યક્તિત્વનું બંધારણ કરે છે. વિશ્વમાં અનેક મહાનુભાવોના ઘડતરમાં 'મા અને માતૃભાષા'નો ફાળો ઘણો મહત્ત્વનો રહ્યો છે. જેમ એક મા સો શિક્ષકની ગરજ સારે છે તેમ એક ભાષા 'સો' નવી ભાષા શીખવા માટે ચાવીરૂપ ભાગ ભજવે છે.

જેમ માતાનો વૈભવ કે ઠસ્સો તેના દ્વારા અપાતો પ્રેમ, વાત્સલ્ય કે કરુણા છે. સ્વભાવમાં સરળતા, સંસ્કારસિંચન કે જીવનમાં સમતોલપણું, તેના દ્વારા અપાતું શબ્દભંડોળ, તે (ભાષા) વ્યક્ત કરવા માટેનું સાયુજ્ય અને તે બોલવાની સચોટતા છે. આ બંનેને આધારે વ્યક્તિ પોતાના અસ્તિત્વની ઓળખ ઊભી કરે છે.

અને અંતે...

'મા હોય કે માતૃભાષા' જો તેનો આદર કરો તો દુનિયાના કોઈ પણ ખૂણે તે તમારા વ્યક્તિત્વને ઉજાળે, નિખારે અને તમારા અસ્તિત્વની ઓળખ ઊભી કરે જ છે.

**– ઉર્વિ મહેતા**

આબરુ ઘરની પછી ઢંકાઈ ગઈ
બાપુજી થઈ બા બધે ફેલાઈ ગઈ.

સોયમાં દોરાને બદલે બા હતી
ગોદડીમાં હૂંફ પણ સીવાઈ ગઈ.

સૌને ભેગા રાખવાની જીદમાં,
સૌમાં થોડી થોડી બા વહેંચાઈ ગઈ.

પૂજા માટે શંખ બા ક્યાંથી ફૂંકે?
બાની ફૂંકો ચૂલા પર વપરાઇ ગઈ.

મારું પહેરણ આખું હોવું જોઈએ,
બાની સાડી થીંગડે વીંટાઈ ગઈ.

બા તો કેવળ જિંદગી જીવતી હતી,
ને મને એમાં ગીતા સમજાઈ ગઈ.

બા વિષે આગળ લખું હું કઈ રીતે,
આંસુમાં બારાખડી ધોવાઈ ગઈ.

- ગૌરાંગ ઠાકર

લાગણીના જળ વડે મર્દન કરું છું,
શબ્દ કાગળ પર ઘસી ચંદન કરું છું,
બે ગઝલ, બે ગીતનાં પુષ્પો ચઢાવી
માતૃભાષાને પ્રથમ વંદન કરું છું!

**- પિનાકીન ઠાકર**

વાત મારી જેને સમજાતી નથી
એ ગમે તે હોય ગુજરાતી નથી

**- ખલિલ ધનતેજવી**


જ્ઞાતિની એકમાત્ર વિશ્વસંસ્થા

**શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ**

દ્વારા સંસ્થાનાં સભ્યોમાં ખાનગી વિતરણ માટે પ્રકાશિત
રજીસ્ટર્ડ ઓફિસ: એ-૫૮, પન્નાલાલ ટેરેસીઝ, ગ્રાન્ટ રોડ, મુંબઈ ૪૦૦૦૦૭
www.shrivadnagaranagar.org